फार्बस जीवन चरित्र.

A MEMOIR OF THE LATE HON'BLE ALEXANDER KINLOCH FORBES,

THE FIRST PRESIDENT OF THE GUJARÁTI SABHÁ.

BY

THE HONORARY SECRETARY OF THE F. G. SABHÁ.

वसंततिलका.

मुक्ता, हीरादि रतनो विणीने जडी ते,
आभूषणो करी अमुल्य धरो सुमीते.
(तेम)
सद्गुणीना चरितनी गुणरत्न खाणे
जै, ते जडो हृदयमां, सुखी थै जवाने.

फार्बस गुजराती सभाए प्रसिद्ध कर्युं

संवत् १९२५ फाल्गुन. सन १८६९ मार्च.

मुंबई.

गणपत कृष्णाजीना छापखानामां कानोबा गणपतरावना
एक्सिक्युटर रा० वि० ना० मं० अने गो०
गो० फ० ये छाप्युं.

.फार्बस जिवन चरित्र.

A MEMOIR OF THE LATE HON'BLE ALEXANDER KINLOCH FORBES.

શાર્દૂલવિક્રીડિત.

જેવી રીતથી પુષ્પવાસ તીલમાં સ્થાયી થઈ જાયછે;
નિરાકાર સુગુણ આવી ગુણીમાં આકારી દેખાયછે;
વિવેકી ગુણગ્રાહી તે અતરની લે મસ્તકે વાસના;
સદ્પાત્રો ગુણનિધિં તદ્વત બને, ધન્યંગી સદ્વાસના;*

આપણા દેશનું કલ્યાણ ઇચ્છનાર અને કરનાર, દેશિયોના પ્રતિપાળ, ઉદાર, ગુણી, સદય તહૃદયવાન, પ્રેમી, કુલીન અને સ્વધર્મજ્ઞ વિરલ પરદેશિ રાજવર્ગી ગૃહસ્થોમાંનો એક; ગુજરાતની કીર્તિનો જીર્ણોદ્ધાર કરનાર, અને તેના ભાટ ચારણાદિ અસ્ત પામતા કવિયોનાં કૃત્યને જરા સ્થંભાવીને તે કવિયોના પણ કવિનો અર્થ સારનાર અલેક્સાન્ડર. કિન્લાક. ફાર્બસ મૂળ એક કુલીન વંશમાં તારીખ ૭ મી જુલઈ સન ૧૮૨૧ માં લણ્ડન નગરમાં અવતર્યો હતો.

ફાર્બસ વંશના આજથી સાતસેં વર્ષ ઉપરના મૂલ પુરૂષોમાંથી એક જાન નામનો પુરૂષ સ્કાટલંડમાં આવી રહ્યો. તેના પરાક્રમથી તેને એક પ્રગણું ભેટ આપવામાં આવ્યું. તેનો એક પ્રપૌત્ર સ્કાટલંડના રાજાની કન્યાને વર્યો હતો તે એના પુત્રનું નામ જેમ્સ ફાર્બસ હતું. તેના ઉત્તરાધિકારિયોએ કેટલાંક ઉંચપદ રાજદ્વારમાં મેલવ્યાં હતાં. તે-

* સદ્વાસના અંગીન ધન્ય છે, એટલે જેના અંગમાં સારા ગુણોના વાસ (રેહેઠાણ) છે એવા અંગી એટલે ધણી કે પદાર્થ ને સાબાશ છે.

માંના કેટલાકે ધર્મોપદેશકનું પવિત્રકામ પણ કરેલું છે. પ્રાર્બસ વંશના મુખ્ય ફરમાનુંયાયો હજી મ્હોટા વતની અને લાર્ડ પ્રાર્બસનું પદ ભોગવેછે.

આપણા પ્રાર્બસનું પાસેનું થડ શોધતાં તે નીચે પ્રમાણે જાણ્યામાં આવ્યુંછે.

પૂર્વે સર. એન્ડ્રુ. મિચેલ નામે એક ગૃહસ્થ ગ્રેટ બ્રિટનનો મંત્રી, (Envoy Etraordinary and Minister Plenipotentiary to the Court of Prussia) પ્રસ્સિયાના રાજદ્વારમાં સન. ૧૭૫૬ થી ૭૧ સુધી હતો. તેને અને સર. આર્થર. પ્રાર્બસને આજન્મ પરિયંત મૈત્રી હતી, તેના સ્મરણમાં સર. એન્ડ્રુ. મિચેલે પોતાનું ભૂમિ ધન આદિ સર્વસ્વ તે સર. પ્રાર્બસને અર્પણ કર્યું. સર. આર્થર પ્રાર્બસે પોતાના બીજા પુત્રને અને તેના વારસોને તે વતન વારસામાં આપ્યું. તે એવી સરતથી કે વારસાસાથે તેના મિત્રનું મૂળ મિચેલ નામ પણ તે વારસ ધારણ કરે. આપણા પ્રાર્બસનો પિતા મિ. જાન પ્રાર્બસ મિચેલ તે સર આર્થર પ્રાર્બસનો પૌત્ર થાય. તેમનો સ્વદેશ સ્કાટલન્ડમાંનો આબરડીન નામે પ્રાન્ત છે, તે પ્રાન્ત ભણીથી પ્રતિનિધ થઈ સર આર્થર પ્રાર્બસ ઘણાં વર્ષસુધી રાજસભામાં વિરાજ્યો હતો. સર આર્થર પ્રાર્બસ, બીજા લાર્ડ પ્રાર્બસનો અને સ્કાટલન્ડના પ્રથમ અર્લ મારશાલ ઉલિયમની પુત્રી લેડી ક્રીયનો પુત્ર થી. આનરેબલ સર પાટ્રિક પ્રાર્બસ, તેના વંશમાંનો એક પુરૂષ હતો, સર આર્થર પ્રાર્બસ, બુચાનના અર્લ અર્સ્કિન્સ અને લાર્ડ ફ્રેઝરના વંશમાંની કન્યા સાથે પરણ્યો હતો.

એ રીતે ઉત્તમ રાજમૂલક કુલમાં આપણો પ્રાર્બસ જન્મ્યો હતો. તેનામાં ઊત્તમ વંશના પૂર્ણ અંશ હતા એ તેના સુચરિત્ર ઉપરથી આપણને સ્પષ્ટ જણાશેજ. બાલ્યાવસ્થાનું તેનું ભવિષ્યસૂચક ચરિત્ર જાણવાને આટલે દૂર દેશ આપણી પાસે કંઈ સાધન નથી. તથાપિ વિદ્યાસંપાદન કરતાં, પોતાની વિદ્યાઉપરની રૂચીને લીધે, તે દીપતો હતો, એ આદિ કેટલુંક જાણ્યામાં આવ્યું છે. ઊંચી વિદ્યા અને ઊંચી

કળાઓ ઉપર તેને બહુ ભાવ હતો. એ એક વિદ્યાર્થી હતો ત્યાંથીજ એનું મન, સ્વાભાવિક રીતે, એવા સંસ્કાર પામ્યું હતું કે, તે વિદ્યામૃતનુ પાન કરતાં મરણ સુધી તૃપ્ત થયું ન હતું. એક સમયે એની વૃત્તિ શિલ્પશાસ્ત્રી (Architect) થવાની થઈ હતી; અને તેથી ઈંગ્લન્ડના પ્રખ્યાત શિલ્પશાસ્ત્રી મિ. જ્યાર્જ. બાસ્સેવિની પાસે એક શિષ્ય પેઠે ઘણા માસ સુધી તે રહ્યો હતો.

પરંતુ પછી ધી. આનરેબલ ઈસ્ટ ઈન્ડિયા કમ્પનીની સિવિલ સર્વિસમાં એનું નામ નંધાયું, તેથી તે હેલીબરી પાઠશાળામાં અભ્યાકરવા ગયો, ત્યાં તેણે સારી ખ્યાતિ મેલવી હતી. ઈનામ પણ ત્યાં તેણે બહુ મેલવ્યાં હતાં. યુરોપમાં સંસ્કૃત ભાષાનો મધુર સ્વાદ ચખાડનાર પ્રખ્યાત ન્યાયાધીશ સર વિલિયમ જોન્સના સર્વ ગ્રંથો એના શાળાસ્નેહિયોથી કે પછી પાઠશાળામાંથી એને અર્પણ કરવામાં આવ્યા હતા. એ ગ્રંથો ફાર્બસને બહુ માનીતા હતા. એક પ્રસંગે પોતાની પુસ્તકશાળા બતાવતાં એ ગ્રંથો આવ્યા ત્યારે સદભિમાનથી પ્રસન્ન મુખે ફાર્બસ સાહેબે કહ્યું કે 'મને એ ઈનામમાં મળ્યા છે; અને એમાંના વિષયો ઉત્તમ છે.'

તા० ૩० મી ડિસેમ્બર સન. ૧૮૪૨ ને દિને મુંબઈ પ્રાન્તની સિવિલ સર્વિસમાં ફાર્બસ સાહેબ નિમાયા, અને સન ૧૮૪૩ ના નોવેમ્બરની ૧૫ મી તારીખે હિંદુસ્થાનમાં પ્રથમ પગ મુકયો. તેજ માસની તા० ૨० મીને દિને અહંમદનગરના કલેકટરની નીચે, હિંદુસ્થાની ભાષામાં પરીક્ષા આપી પસાર થાય ત્યાંસુધી, ફાર્બસ સાહેબને રાખવામાં આવ્યા. વિદ્યા ગ્રહણ કરી લેવાની શક્તિ તેનામાં અસાધારણ હતી. થોડાકજ માસમાં હિંદુસ્થાની ભાષા શીખી લીધી. તા० ૧० મી જાન્યુઆરી સન ૧૮૪૪ માં પરીક્ષામાં પાસ થયા. હાલમાં આપણી ધારા બાંધનાર અને ચલાવનાર મંડળીના સભાસદ ધી. આનરેબલ. બી. એચ એલિસ એ પરીક્ષામાં આપણા ફાર્બસની સાથે હતા. એ બન્ને

ગુહરયો એવી સારી રીતે પરીક્ષામાં પાસ થયા કે તેવિષે તા૦ ૧૭ મી જાન્યુઆરી સ૦ ૧૮૪૪ ના બાજ્યે ગવર્નમેન્ટ ગાઝેટમાં સરકાર તરફથી લખવામાં આવ્યું છે કે—

" ધી ગવર્નર ઈન કૌન્સિલ ધારેછે કે, આ પરીક્ષાનો પરિણામ મે૦ ફ્રાર્બસ અને એલિસને બહુ કીર્તિકર છે. હિંદુસ્થાનમાં આવ્યા પછી ફ્રાર્બસ બે માસની અંદર અને એલિસ એક માસની અંદર પાસ થયા છે"

પરીક્ષામાં પાસ થયા પછી ત્રીજેજ દિવસે અહંમદનગરના ત્રીજા આસિસ્ટન્ટ કલેક્ટરની જગ્યા મિ૦ ફ્રાર્બસને આપી. ત્યારપછી તા૦ ૧૦ મી અકટોબર સ૦ ૧૮૪૪ ને દિને તેણે મહારાષ્ટ્ર ભાષાની પરીક્ષા આપી. તા૦ ૮મી નોવેમ્બર ૧૮૪૪ માં ખાનદેશના બીજા આસિસ્ટન્ટ કલેક્ટર નિમાયા. પછી તા૦ ૬ ઠી એપ્રિલ સ૦ ૧૮૪૬ માં સદર-અદાલતના આકટિંગ ડેપ્યુટી રેજિસ્ટ્રાર અને તેને ત્રીજેજ દિવસે એટલે તા૦ ૮મી ને દિને અમદાવાદના આસિસ્ટન્ટ જજ (સહાયકારી ન્યાયાધિશ) નું પદ મળ્યું, પણ તેજ વર્ષના નોવેમ્બર માસસુધી ડેપ્યુટી રેજિસ્ટ્રારનું કામ ચલાવવા તેમને રાખ્યા હતા.

સન ૧૮૪૬ ના નોવેમ્બર માસમાં ફ્રાર્બસનાં અમદાવાદમાં ચરણ થયાં. ગુજરાતના ભાગ્યોદયનો અવતાર થયો તે એજ સમયમાં એમ કહિયે તો ચાલે.

ગુર્જરત્રા અથવા ગુર્જરાષ્ટ્ર — 'ભરત ખંડની દુજણી ગાય;' ગુર્જરાષ્ટ્ર — ઈશ્વર લીલાની એક વાડી; ગુર્જરાષ્ટ્ર— જેના થોડાંજ વર્ષો ઉપર મહા પ્રતાપી વનરાજ, ક્ષત્રી કુલદીપક ભીમ દેવ, અને સિદ્ધરાજ જેવા મહા કીર્તિવાન રાજાધિરાજો સ્વામી હતા; ગુર્જરાષ્ટ્ર— જેમાં સોમનાથ જેવું જગત વિખ્યાત દેવાળય એક સમયે આખા જગતનું ચિત્ત ખેંચતું; ગુર્જરાષ્ટ્ર- જેમાંના ક્ષત્રી રજપૂતો, એક સમયે ક્ષત્રીધર્મ યથાર્થ સમજી, કીર્તિના દેહ પામવા જયના કુંડ આગળ સર્વસ્વ મહા

પ્રેમથી અર્પણ કરતા; આ ક્ષણિક સ્થુલ દેહ કરતાં અમર યશદેહને નિષ્કલંક રાખવાનું ધ્યાન જેમને સદાકાલ લાગી રહ્યું હતું; જે શૂરવીર રાજપૂત્રોના છત્રની છાયા નીચેનાં નિશાન ડંકાયે સુભટોના કાનમાં કેટલાંક વર્ષ સુધીતો "જય જય જય" વિના અન્ય શબ્દજ પડવા દિધેલા નહિ, અને જેઓએ વિમુખ એ શબ્દ જાણેલો નહિ; કાળ ધર્મથી અસ્ત પામતાં પણ જે સુવંશના કરણ રાજાએ ક્ષત્રીધર્મના સર્વ અંશ પોતામાં દર્શાવેળા, દુર્દૈવે અંતે અજય અને વિનાશ થયો તથાપિ તેના અંતરપટમાં જે ક્ષત્રી વંશના શૌર્યાદિ પુરૂષાર્થનાં, તેજ ક્ષીણ થઈ શાન્તિ પામતાં, પણ લોહી વર્ણ લાલ ઉષ્ણ કિરણો, દેશાભિમાની મર્મજ્ઞ દેશિયો અને અનુકંપાવાન ઉદાર પરદેશિયોનાં મનને અદ્યાપિ પર્યંત ઐદાત્મક આનંદ આપેછે, તે ક્ષત્રિયોનાં જ્યાં સન ૧૩૦૦ સુધી રાજ્ય હતાં; અને પછી જે ગુજરાતમાં અંધાર થયું એવો ગુર્જરાષ્ટ્ર દેશ. જે અંધકારના કાળમાં, સદ્ગુણ માત્ર ઉપર ત્રાસદાયક બળાત્કારના ઘા પડતા તે રૂઝવા વેળાજ આવતી નહિ. જે અંધકારના રાજ્યમાં મનુષ્ય પ્રાણીને સાર્થકકરનાર ગુણો અથવા જે ગુણોથી મનુષ્યપ્રાણી અવર પ્રાણીથી ઓળખાઈ મનુષ્ય કેહેવાય છે, એવા ગુણો ઉપર દુઃસહ ભાર આવી પડ્યો તેથી પાંચસે ઉપર વર્ષ લગી ચગદાઈ રહ્યા હતા, તે અંધકારનો અંત આવવાની ક્રિયાઓનો આરંભ ચાલ્યો તેવી સંધીમાં આપણા ફાર્બસ સાહેબનું અમદાવાદમાં પધારવું થયું.

ગાયકવાડ અને પેશવાની વારા ફરતી ચડતી પડતી ગુજરાતમાં થતી, તેમ તેમ તેઓ ગુજરાતને પોતાના વારામાં ચુસતાઃ ગુજરાત એક અને તેને ચુસનાર જમ જેવા બે. એટલે ગુજરાતની દુર્દશામાં શી બાકી ! સન૧૮૧૮સુધી ગુજરાતવાસીથી નિર્મલ વસ્ત્ર પેહેરાતાં નહિ તો નિર્મલ મનની તો આશાજ શી. કોઈને ઊજળો દીઠો તો ચાડિયા તૈયાર હતા. તેઓ ચાડી ખાય અને તે પ્રમાણે મૂર્ખ રાજાના મૂર્ખ સરદારો તેને લૂંટે. ધન નામ ધરનારા સર્વે પદાર્થોને પૃથિવીમાં ડટાઈ રેહેવું પડતું હતું. ત્યાં

પૃથિવીના અંગમાં સંતાઈ રેહેતો ક્ષય, પોતાનું પરિપૂર્ણ બળ ચલાવી પૃથિવીને સ્વાધીન થયેલા ધનનો નાશ કરતો. તે કાળમાં સઘલુ વિપરીતજ દીઠામાં આવતું. લક્ષ્મી– અંતરમાં મલીન પણ ઉપરથી પ્રકાશી સર્વનાં મનહરણ કરી ફાંફાં મરાવે છે તે ઉપર પણ મલીન રેહેતી. તેની તો અમે દરકાર નથી રાખતા, પરંતુ વિદ્યા ધન- સરસ્વતિ જે ઉજ્વલ પ્રકાશ માન કાન્તિની અને સદા હંસ સંગે સ્વતંત્ર રેહેનાર—તેની પણ વિપરીત દશા તે કાળે હતી. સરસ્વતિ બંધનમાં બંધાઈ ભૂયરાં રૂપી બંધીખાનામાં પડેલી! જેને સુગડ પંડિતો સેવે તેને કનિષ્ટ ઉધેઈયોએ સેવવા માંડેલી! ગુજરાતમાં જ્યાં ત્યાં અક્ષર- શત્રુ વિના બીજું કોઈ દીઠામાંજ આવે નહિ. દુષ્ટ બિલાડા જેવા રાજાના કાર્યભારિયોના ત્રાસથી પ્રજા ઉંદરની પેઠે પોતાના દરમાંજ ભરાઈ બેસી રેહે. જ્યાં ત્યાં બલાત્કાર, અન્યાય, અનીતિ, વ્યભિચાર, આદિ દુર્ગુણનો પરિવાર માહાલી રહેલો. અરે! ઈતિહાસમાં વાંચતાં, અને કોઈ ઘરડા માણસનાથી સાંભળતાં આજ પણ કમકમી આવે છે એવી અવસ્થામાં ગુજરાત પચી રહ્યું હતું. એવા અંધકારમાં સન ૧૮૦૦ ની સાળથી કહિં કહિં કીરણ પડવા માંડ્યાં. અને સન ૧૮૧૮ માં આપણું ઈંગ્રેજી રાજ્ય થયું, અને અંધકાર ખસવા માંડયો. એજ સંધીમાં ફાર્બસ સાહેબ ત્યાં આવ્યા. ગુજરાતની વાડી જંગલી રાજાના કાર્યભારિયોથી બિલાડી મૂકાઈ હતી. ઘણાં વર્ષસુધી ગુજરાત ક્ષેત્ર વાવેતર વિનાનું પડી રહી અધિક ફળ આપે એવું થયું હતું. તે સમયમાં ફાર્બસ જેવા 'માળી' નું ત્યાં આવવું થયું.

ફાર્બસ સાહેબ વિદ્યામાં અને કળામાં ઉભયમાં કુશળ હતા. વિદ્યાનો પ્રકાશ કળાઉપર અને કળાનો પ્રકાશ વિદ્યાઉપર નાંખી, ઉભયના સાધનથી પ્રકટતા સિદ્ધાંતો કરવા ફાર્બસ સાહેબ સમર્થ હતા. ગુજરાતનાં ભવ્ય શિલ્પ કામ જોઈ તેમને લાગ્યુ કે કોઈ પૂર્વે થઈ ગયેલા પ્રતાપી લોકના મહિમાનાં આ અવાચિક ચિન્હ છે. પોતે કુલીન તેથી કુલીન ચિન્હવાન પણ દીન થઈ ગયેલા ગુજરાતની તેને અંતઃકરણથી દયા આવી.

દુહા.

કરનલ ટાડ કુલીન વિણ, ક્ષત્રી—યશ ક્ષય થાત;
ફાર્બસ સમ સાધન વિના, નવ ઉધરત ગુજરાત.

કળાઉપર 'વિદ્યાનું તેજ' (ગર્મી અને પ્રકાશ) પાડી તેને વાચાળ કરવાનો ફાર્બસે નિશ્ચય કર્યો. એ હેતુથી દેશી વિદ્યાનો શોધ કરવા માંડ્યો. પ્રથમ રા. ભોગીલાળ માસ્તર પાસે શીખવા માંડ્યું. તેમાં રૂચી લગ્યાથી વિશેષ અભ્યાસ કરવાસારૂ રા. ભોળાનાથ સારાભાઈની ભલામણ ઉપરથી ક૦ દલપત્તરામને સ. ૧૮૪૮ ના નવેમ્બર માસમાં પોતાની પાસે તેડાવ્યા. સરકારી કામ કરતાં અવકાશ મલતો તે સઘળો વિદ્યાભ્યાસ કરવામાં ગાળતા. ગુજરાતનો પૂર્વનો મહિમા તેના જાણવામાં આવવા માંડ્યો તેમ તેમ, તેને ગુજરાત ઉપર અધિક અધિક અનુંકંપા અને પ્રીતિ થવા માંડી. તેનું પરિણામ એ થયું કે ગુજરાતનું કલ્યાણ કરવામાં તેણે પોતાનું તન મન અને ધન અર્પણ કર્યું. હસ્તલેખના શોધ અને સંગ્રહ થવા માંડ્યા. ખુણે ખોચલે ભરાઈ રહેલા ભાટ ચારણદિ કવિયોને શોધવાના પ્રયત્ન ચાલ્યા. માન વેલીનાં મુળિયાં સુકાઈ જતાં જતાં કોઈ રહી ગયેલા કવિલોકને પણ આમંત્રણ- જળ જઈ પોહોચ્યું. કવિયોને આદર સત્કાર થવા માંડ્યો. દેશી રાજ્યમાં કવિયોનાં ગ્રાહક ના રહ્યાં તેથી તે ઊચ્ચ વર્ગ નીચ થઈ ક્ષય પામ્યો હતો. કોઈ કોઈ કાંગરુની પેઠે રહી ગયેલા તેઓ પાછા ગર્જના કરી ઉઠ્યા અને ફાર્બસને ભોજની ઉપમા આપવા લાગ્યા. અને કેહેવા લાગ્યા કે,—

"કરૂલ કીર્ત્તિ મેર, દુનિયામાં તે દેખવા
ફાર્બસ રૂપે ફેર, ભોજ પધાર્યો ભૂમિમાં"

કવિયોની વાસના શક્તિ (Imaginative Power) અથવા કલ્પના સક્તિમાં પાછો જરા જરા જીવ આવવા માંડ્યો. તેઓએ કંઈ કંઈ કલ્પનાઓ કરવા માંડી. એક કવિ ઉધેઈ (પુસ્તકોને ખાઈ જનાર કીડા) ને કેહેછે—

" કુરથા પુસ્તક કાપિને, એનો નકરીશ અસ્ત
ફરતો ફરતો ફાર્બસ, ગ્રાહક મળ્યો ગૃહસ્થ"

એ પ્રમાણે ગુજરાતમાં થઈ રહ્યું. આગળનાં રાજ્યના ત્રાસદાયક બલાત્કાર દૂર થયા તેથી લોકો જંપી નીરાંતે બેસવા લાગ્યા. તેઓને સર્વ નવું નવું લાગવા માંડ્યું. કયાં જંગલી મૂર્ખ સ્વછંદી સરદારોનો અન્યાય! અને કયાં વિદ્વાન, સુજ્ઞ, અને વિવેકી ફાર્બસ જેવા અધિકારિયોનો ન્યાય! કયાં પેહેલાંનો દુઃખદ ત્રાસ! અને કયાં બીજાની સુખદ માયા! જાણે નવા વાતાવરણમાં આવ્યા હોય એવું લોકોને લાગવા માંડ્યું. શાન્તિનો પરિવાર — વિદ્યા, માન, કલાકૌશલ્ય, સંસારિક સુખ આદિ વધવા માંડ્યું. ફાર્બસ સાહેબ એ બધી સુખદ સામગ્રી વધારવામાં એક મુખ્ય સાધન થઈ પડયા. સ્વદેશનો જે સાધનથી ઉત્કર્ષ થયો હતો, તેવાંજ સાધનનાં બીજ ગુજરાતમાં પોતે રોપવાનો આરંભ કરયો. કર્નલ ફુલજેમ્સ, કરનલ વાલેસ, અને રેવરેન્ડ પીરીટ આદિ ગૃહસ્થોને સામીલ રાખી પ્રથમ સન ૧૮૪૮ માં ગુજરાત-વર્નાક્યુલર- સોસાઈટી સ્થાપી. તેણે ગુજરાતમાં વિદ્યાવૃદ્ધિસારૂ આજસુધીમાં કેટલું બધું કર્યું છે તે કોઈનું અજાણ્યું નથી; એટલે તેવિષે વિશેષ લખવાની અત્રે અગત્ય નથી. એજ સોસાઈટીના સંબંધમાં સન- ૧૮૪૯ માં પુસ્તકશાળાનું સ્થાપન ગુજરાતમાં પ્રથમજ અમદાવાદમાં ભદ્રના દરવાજાઉપર થયું. વર્ત્તમાનપત્ર જે આજ કાલ આખી પૃથિવી ઉપરના સુધારાનું મુખ્ય અને મહા બલવાન સાધન ગણાય છે; જે રાજાનો સબળ શિક્ષક અને પ્રજાની રક્ષક ઢાલ ગણાય છે; જે સ્વતંત્રતાનું અનુપમ વાહન ગણાય છે; અને જેની સત્તા આપણા રાજાના દેશમાં એટલી બધી છે કે તે રાજકર્ત્તાથી પણ શિરોમણી ગણાય છે, તેવું વર્તમાનપત્ર તો નહિ, પણ તેની છાયા ગુજરાતમાં પ્રથમ ફાર્બસ સાહેબથી લોકે દીઠી. એક વારપત્ર (Weekly Paper) પ્રત્યેક બુધવારે ફાર્બસની સહાયતાથી નિસરવા માંડ્યું. તે બુધવારે નિસરતું તેથી ગુજરાતમાં વર્ત-

માન પત્રોને લોકો હજી છુંપવારિયાને નામે ઓળખે છે. વિલાયતમાં જેવી સત્તાથી પત્રો પ્રકટ થાય છે, અને જેવો તે પત્રોનો ભાર છે, તેની તુલના કરે એવાં પત્ર હજી પણ આપણા દેશમાં નથી, તો આરંભમાં તો આશાજ શી! તથાપિ પ્રથમ સર્વ બીજ વેરવાં જોઈયે તેમાં એ બીજ વેરવામાંએ પ્રાર્બસ સાહેબ ચૂકયા ન હતા. વર્તમાન પત્રનો મુખ્ય ધર્મ રાજાને જાગૃત રાખવાનો છે. પ્રાર્બસસાહેબ રાજવર્ગમાં હતા, પણ જે સમયે વર્તમાનપત્ર લખાવવાનું કામ કરતા, તે સમયે પ્રજાવર્ગમાં આવી રાજાના તેજમાં ન તણાતાં, પોતાનો ધર્મ નિષ્પક્ષપાતથી યથાર્થ રીતે બજાવતા. રાજવર્ગના સર્વ અધિકારિયો પ્રાર્બસ જેવા ઉદાર હોવા દુર્લભજ. વિલાયતમાં નથી તો આપણા દેશમાં તો આશાજ શાની. વર્તમાનપત્રમાં એક બે વિષય રાજ્યકર્ત્તા હંચા અધિકારી વર્ગને પ્રતિકૂલ લાગે એવા આવ્યા. તેની જાગૃત કરે એવી વાસના સદર અદાલતના ન્યાયાધિશોસુધી ગઈ, તેથી તેઓ ચમકયા. તેમણે જાણ્યું કે કોઈ પ્રતાપી સૂત્રધાર પટાંતરમાં છે, તેથી તેમણે તાત્કાલ સર્ક્યુલર કાહાડ્યો કે "સરકારી નોકરે વર્તમાન પત્રના કામથી દૂર રેહેવું" પ્રાર્બસ સાહબને "કનિષ્ટ સેવા" કેહેવાય છે તેનો અનુભવ તે વેળા યથાર્થ થયો હશે. પ્રાર્બસને પોતાના મનના માન્યા કામથી દૂર થવું પડ્યું. સોસાઈટીના મંત્રીનું કામ ડાકટર. સીવર્ડને સોંપ્યું. સોસાઇટિયે નિશાળ પણ સ્થાપી હતી. તે નિશાળમાં ડાકટર સીવર્ડે પોતાના એક ઢેડ ચાકરનો છોકરો પોતાની ચીઠી સાથે મોકલ્યો. મેહેતાજિયે ડાકટર પાસે જઈને કહ્યું કે એથી ભારે હાની થશે. બીજા નિશાળિયા ઉઠી જશે. પણ કેટલાક અંગ્રેજો આપણી રીતભાતથી કેવળ અજાણ્યા હોય છે. તેઓ ધીરતા રાખીને માનસિક શાસ્ત્ર શીખ્યાનો ઉપયોગ કરી સામાના મનોભાવ જોવા રેહેતા નથી. પોતાના મતથી વિરૂદ્ધ તે ખોટું માની પ્રતિપક્ષીના ઉપર કોપાયમાન થાયછે. ડાકટર સીવર્ડે

તેમજ કર્યું. મેહેતાજીને મૂર્ખ ગણીકાહાડી તેને કાહાડી મૂકવાની ધમકી આપી. કોને શરણ જવું તે મેહેતાજી જાણતો હતો. ફાર્બસ સાહેબના ગુણ સર્વના જાણ્યામાં હતા, તેથી તાત્કાલ ત્યાં ગયો. વિવેકી અને ક્ષમાવાન પુરૂષની બલીહારી છે. મેહેતાજિયે ફાર્બસસાહેબ આગળ માંડીને વાત કરી. અન્યોઅન્યના વિચારથી અજ્ઞાન એવા બન્ને જણ વચ્ચે થયેલી કેવળ તુચ્છ વાર્તાએ ભારે રૂપ ધર્યું છે જાણી, વિચારવાન ફાર્બસ સાહેબને બહુજ હસવું આવ્યું. પછી ડાક્તર સીવંડના ઉપર એક પત્રિકા લખી તેમાં લખ્યું છે કે ' આ દેશમાં એવું થવાને હજી બસેં વર્ષની અવકાશ જોઈયે, હાલમાં એવું બની શકવાનું નથી ' ઈત્યાદિ લખ્યું તેથી ડા. સીવર્ડનો ક્રોધ શાન્ત થયો.

તા૦ ૨૨ મી નોવેમ્બર સન. ૧૮૪૯ થી તા૦ ૨ જી જાન્યુઆરી સ૦ ૧૮૫૦ સુધી જજ અને સેસ્શનજજનું કામ ફાર્બસસાહેબે અમદાવાદમાં ચલાવ્યું. પછી તા૦ ૧૫ મી એપ્રિલ સન ૧૮૫૦ માં સુરતના આસિસ્ટંટ જજ અને સેસ્શન જજ થયા. જ્યાંસુધી પોતે અમદાવાદ રહ્યા ત્યાંસુધીમાં ત્યાં અત્યુપયોગી વિદ્યા કળાનાં બીજ નાંખી તેનાં અંકુર ફૂટેલાં જોયાં: ગુજરાતની પૃથિવી રસાલ દીઠી. સુરતમાં આવ્યા ત્યાં પણ એ પરોપકારી ગૃહસ્થે પ્રજાને સુખદાતા પ્રયત્ન ચાલતો રાખ્યો. સુરતમાં એક "સુરત અષ્ટાવીશી સોસાઈટી" ઉભી કરી પોતે તેના મંત્રી થયા. તે સભાને અંગે વિચાર અને સ્વતંત્રતાનું વાહન જે વર્ત્તમાનપત્ર તે કાહાડવાનો નિશ્ચય કર્યો. રા. મુકુંદરાય મણિરાય- હાલ વઢવાણમાં એકસ્ટ્રા-આસિસ્ટંટ પોલિટિકલ એજન્ટ *છે તેમને અધિપતિ ઠરાવી "સુરત સમાચાર" નામનું એક પત્ર પ્રકટ કરાવ્યું. હિતૈષી માતાપિતાદિ સંબંધિયો પોતાનાં બાલકને ઢીંગલાં પુતલાં આપી રમત સાથે સંસારની રીતિ ભાતિમાં પલોટાવવા, શિખવેછે, તેજરીતે ફાર્બસે અમદાવાદ અને સુરતમાં કર્યું. અનુભવ

* એ લખ્યા પછી તેઓ સુરતના પ્રિન્સિપાળ સદર અમીન થયા છે,

વિનાનાં બાલક બહુ ઠોકરો ખાયજ, કેટલાક વાંઝિયા અદેખા લોકોથી પેલાં નિરદોષ બાલકોને સહજ નિર્જીવ પદાર્થથી કલોલ પામતાં જોઈને ખમાય નહિ, તેથી તેમનાઉપર કમળાવાળી ક્રૂર દૃષ્ટિથી જોયાં કરે, અને તેમની અલ્પ ભૂલનો પણ લાભ લઈ તેમને દુઃખી કરવા ધારે, એમાં કાંઈ અચર્ય નથી. તેમની ઝેરી પ્રકૃતિનું એ સ્વાભાવિક ફળછે. સુરતમાં એસમયે એજ પ્રકારે હતું. ફ્રાર્બસ જેવા કોમળ હૃદયના ઉદાર ગૃહસ્થો કેટલાક હતા, તે આપણા દેશિયોને ભવિષ્ય કાળમાં કરતવ્ય કામ ઢીંગલાં પુતળાંથી શીખવવાસારૂ ન્હાની ન્હાની સભાઓ, વર્તમાનપત્રો, પુસ્તકશાળાઓ, નિશાળો આદિ કઢાવતા. કઠોર મનના સ્વાર્થિ પ્રાણિયોને તે ગમતું નહિ. તેથી સુરતમાં બે પક્ષ થયા. દ્વેશી પક્ષવાળા છિદ્રો શોધ્યાં કરતા હતા. તેઓએ 'સુરત સમાચારના' અધિપતિ રા૦ મુકુંદરાયના ઉપર એક તુચ્છ અપરાધ મુક્યો અને કામ ચલાવ્યું. ફ્રાર્બસ સાહેબ કુલીન હતા. પોતાના આશ્રિતોઉપર મમતા રાખવી એ કુલીન પુરૂષોનો મૂળથીજ સ્વભાવ હોયછે; તેમાં આ વેળાતો ધર્મપક્ષ હતો. ફ્રાર્બસસાહેબે સર્વ પ્રકારનો આશ્રય રા૦ મુકુંદરાયને આપ્યો. તેથી તે નિરઅપરાધિ, શિક્ષામાંથી વંચી ગયા. રા૦ મુકુંદરાય પોતાના ઉપકૃત થયેલા હૃદયથી આજ પણ લખેછે કે "તેસમય પ્રમાણે મારાઉપર કામ ચાલ્યું. તે કામ પોતાનાઉપર ચાલતું હોય એવી મિ. ફ્રાર્બસને કાળજી હતી. * * * એરીતની તેમની કાળજીથી આખર સત્ય હતું તે તરી આવ્યું, ને પ્રપંચી અમલદારો વગર અપરાધે કુટી મારવાની પેરવી કરેછે તે ચાલી શકી નહિ."

સુરતમાં 'એન્ડ્રુસ પુસ્તક શાળા' સ્થપાઈ તે પણ ફ્રાર્બસસાહેબના જ પ્રતાપ. એ પ્રકારે સ્વસંબંધના કામ ઉદારતાથી કરતા એટલુંજ નહિ પણ રાજ્યસંબંધનાં કામ પણ પ્રજાને સમજણ આવી અરસપરસ રાજા પ્રજાને પ્રીતિ વધે એ રીતે કરતા. શેહેર સુધરાઈ વિષેનો સન ૧૮૫૦ નો ૨૬ મો આક્ટ સુરતમાં ચલાવવા સારૂ સરકારે નિશ્ચય કર્યો. પૂર્વેનાં

રાજ્યની જગાત લેવાની રીતથી લોકો ત્રાશી, અંગ્રેજના રાજ્યમાં નિરાંતમાં બેઠા હતા, તેમણે પાછી જગાતનું નામ સાંભળ્યું એટલે તેઓ બીની ઉઠયા, અને કાઉવાઉ કરવા માંડ્યું. પ્રાર્બસ સાહેબના યોગ્ય સ્વભાવની વાત સરકારના કાન સુધી જઈ પોહોંચી હતી, તેથી કંઈ નવું કામ કરતાં પ્રજાને પ્રસન્ન રાખી કામ કરવા પ્રાર્બસ જેવો બીજો યોગ્ય અધિકારી મળવો દુર્લભ છે, એવું સમજી સન ૧૮૫૧ માં પ્રાર્બસસાહેબનેજ એ શેહેર સુધારાઈના અધિકારી નીમ્યા. તેઓએ યથાર્થ રીતે કામ કર્યું. ક. દલપતરામ તથા રા. દુર્ગારામ મેહેતાજીને એ ધારાનો આશય સમજાવી, બીજા લોકોને સમજુત આપવાનું કામ સોંપ્યું. પોતે પણ તેમની સાથે જઈ, શેરિયે શેરિયે ઉભા રહી, લોકોને સમજાવતા. સત્કારપૂર્વક મધુર વચનથી લોકોના મનમાંથી ભયનો ભાર જતો રેહેતો અને તેમના મનનું સમાધાન થતું. કેટલાક અવિચારી અજ્ઞાની લોકો વગર સમજે ઘુંઘાટ કરી મૂકતા, અને ગમે તે ગમે તે બકતા, પણ તેથી મહાન્ મનના પ્રાર્બસને કદિ કોપ ચડતો નહિ, એટલુંજ નહિ પણ ઉલટા પોતે હસતા અને અજ્ઞાનિયોઉપર વિશેષ કૃપા દૃષ્ટિથી જોતા હતા. એક રાજ્યાધિકારીની આવી સારી વર્તણુંકથી, પ્રજાની રાજા ઉપર કેટલી ભક્તિ અને કેટલો વિશ્વાસ થાયછે, તે સહજ સમજાશે. સુરતના લોકોએ ખુશીથી અભિપ્રાય આપ્યાકે અમારા નગરમાં એ ધારો ચલાવો. વિરૂદ્ધ બોલી તોફાન કરી હાંશી કરવાને આવેલા અજ્ઞાની લોકો પણ પોતાનો ધારેલો હેતુ ભૂલી જઈ, પાછા વલતાં બોલતા કે 'આતો સાહેબ કંઈ અચરજ છે. એમના જેવું તો અમે કોઈ માણસ દીઠું નથી. આતો પ્રજાના માબાપ જેવા છે.' એ પ્રમાણે પ્રજા રાજી રહી: અને રાજા પણ પ્રસન્ન થયા. તારીખ ૩ જી જુલાઈ સન ૧૮૫૧ નં. ૨૨૭૧ નો એક પત્ર લખી સરકારે પણ પ્રાર્બસ સાહેબનો, એ સૂક્ષ્મ કામ ઉત્તમ રીતે કરી, આખા પશ્ચિમ પ્રાન્તમાં પ્રથમજ સુરતમાં એ ધારો લાગુ કર્યો માટે, ભારી આભાર માન્યો.

તા૦ ૧ લી મે સ૦ ૧૮૫૧ માં અમદાવાદના પેહેલા આસિસ્ટન્ટ કલેક્ટર અને માજીસ્ટ્રેટ નીમાયા; અને તેજ વર્ષના જુલાઈ માસમાં ધોલકા અને વિરમગામ એ બે પ્રગણાં એમને સ્વાધીન થયાં, પછી સન ૧૮૫૨ ના આગસ્ટ માસમાં મહીકાંઠાના પોલિટિકલ એજન્ટની જગ્યો ફાર્બસને મળી. સન ૧૮૫૩ ના જુનમાસમાં અમદાવાદના આક્ટીંગ જજ્જ અને સેસ્શન જજ્જ ઠર્યા.

અમદાવાદમાં પ્રથમ પગ મૂક્યો ત્યાંથીજ હસ્તલિખિત ગ્રંથનો શોધ ચાલુ હતો. પ્રાકૃત મહા કવિ ચંદનો પૃથ્વિરાજરાસ મળવો દુર્લભ હતો. તેનેવાસ્તે સાણંદ, વિજાપૂર આદિ ગામોમાં ઘણી શોધ કરાવી. જ્યાં તે છે, એવા સમાચાર સાંભળતા ત્યાં માણસો મોકલતા પણ કહિંથી આખુ પુસ્તક હાથમાં આવ્યું નહિ. મુંબઈની-રોયલ-એશિયાટિક સોસાઈટીની શાખામાં એ પુસ્તક છે એવું સાંભળ્યાથી ત્યાંનું પુસ્તક પણ મંગાવ્યું. તે પણ સંપૂર્ણ નહોતું. પછી સાંભળવામાં આવ્યું કે બુંદીકોટાના રાજાપાસે એ પૃથ્વિરાજરાસનું આખું પુસ્તકછે તેથી ત્યાંના રેસિડેન્ટની વગ પોહોંચાડી તે પુસ્તક મહાપ્રયત્નથી મંગાવ્યું. તે પુસ્તક પણ આધું આવ્યું. તેની પ્રત ઊતરાવી. તે આખું પુસ્તક આશરે એંશી હજાર શ્લોક પૂરછે. પુસ્તક મંગાવતાં રૂ ૧૧૦) તો માત્ર ટપાલ ખર્ચના થયા. એ દુર્લભ ગ્રંથ ઘણાં નાણાં ખરચી લખાવી લીધોછે. તે હાલ મુંબઈમાં " ફાર્બસ ગુજરાતીસભાના " સ્વાધીનમાં મુંબઈના પુરાલયમાં (ટાઉન હાલમાં) છે.

બીજાં પણ સંસ્કૃત, ગુજરાતી અને બ્રીજ ભાષાનાં પુસ્તકોનો શોધ અને સંગ્રહ કરવા ઘણો શ્રમ લીધો જણાયછે. આપણા અજ્ઞાની લોકો પોતાની સમૃદ્ધિનો ઉપભોગ કરી શકતાએ નથી, અને તેના ભોગીને ઉપભોગ કરવા દેતાએ નથી. પોતાના પૂર્વજોએ અમૂલ્ય પુસ્તકો ગુંથ્યાં હોય, કે સંગર્યાં હોય, તેનો નાશ થઈ જાય તે હા, પણ તેનો કોઈ ઉદ્ધાર કરનાર પુરૂષ મળે, ને તેને પ્રકાશમાં લાવ વાનું કેહે,

તો તે મુર્ખાઓ માને નહિ. ફાર્બસસાહેબ પુસ્તકનું નામ જાણે, અને તે ઉપયોગનુંછે એવું તેને લાગે, એટલે તેના સંગ્રહસારૂ અનેક યુક્તિયો અને પ્રયત્ન કરતા, વગલગાડતા, ધન આપતા, અને પોતે જાતે સામાને ઘેર જઈ યાચના કરતા, પણ ધારેલું પુસ્તક મેળવતા. પાટણમાં પુસ્તકોના ભવ્ય ભંડારછે એવું તેમના જાણવામાં હતું. તેમાંથી પુસ્તકો મંગાવવા બહુ ઉપાય કર્યા, પણ તે નિષ્ફળ થયા ત્યારે પોતે પિંડે ત્યાં ગયા. શોધ કરતાં પુનમિયા ગચ્છ અને સાગર ગચ્છના બે અપાશરા મુખ્ય જણાયા. સાહેબ પોતે છડી અસ્વારિયે અપાશરાના શ્રીપુજ્યપાસે ગયા. નમ્રતા અને અમૃત જેવાં મધુર વચનથી શું અસાધ્યછે ? સાહેબ નેખુરશી આપવા માંડી પણ દેવસ્થાનને માન આપી ખુરશિયે નાખેસતાં એક ચાકળાઉપર લાંબે પગે બેઠા; સાહેબે શ્રીપુજ્યોને વસ્ત્ર આપ્યાં અને મધુર વાણીથી તેમને રૂચે એવી વાતો કરી. બન્ને ઉપાશરાના શ્રીપૂજ્યો પ્રસન્ન થઈ ગયા. પછી સાહેબે પુસ્તકોનાં નામની ટીપ માગી. તેમણે એક ડાબલાનાં પુસ્તકોની ટીપ આપી, તેમાં આશરે ૫૦૦ પુસ્તકોનાં નામ હતાં. પુસ્તકો બહુ ઉપયોગી હતાં, પણ સાહેબે જાણ્યું કે વધારે માગીશ તો લોભ જેવું લાગશે, તેથી અત્યુપયોગી દ્વાશ્રય નામનું પુસ્તક માત્ર માગ્યું. શ્રીપૂજ્યોએ આનાકાની તો કરી, પણ અંતે લખાવી લેવા દેવાની હા કહી. તે પ્રમાણે અપાશરામાં લેખક બેસારી ઉતારી લેવરાવ્યું. તે એક સાગરગચ્છના અપાશરામાંજ માત્ર ૩૫૦૦૦ પુસ્તકો છે! અરે ભરતખંડની અમર કીર્તિકર અમુલ્ય ધન સરસ્વતિ ! તારી દશા આવી હોવીના જોઈએ. પણ કોણ જાણે કિયા જન્મનાં પાપ તને નડતાં હશે ! તેં વચ્ચે અમને છેહ દીધો, તે પાપ કદિ નડતું હોયતો અમે ઈશ્વરની ત્રાતાશક્તિપાસે અંતઃકરણથી માગિયે છિયે કે તે પાપમાંથી તને તે તત્કાળ મુકત કરો; અને તને પ્રકટ કરનારનાજ વંશમાં કુળદીપક પુત્રો થાઓ ; અને તને તે બંધન મુક્ત કરી સત્વર પ્રકાશમાં લાવો. તથાસ્તુ.

પાટણમાં બીજા પુસ્તક ભંડાર છે તેપણ સાહેબે જોયા હતા. સર્વ કરતાં એક મહાન ભવ્ય અને અસંખ્ય પુસ્તકનો ભંડાર જયપુરના રાજદ્વારમાંછે—જે જયપૂરમાં આર્યવંશના રાજા પૂર્વેથી અદ્યાપિ પર્યંત એક ક્રમે રાજ્ય કરેછે, જે જયપૂરના પૂર્વેના રાજા વિદ્યાના પ્રેમી અને લોભી હતા, જે જયપૂરમાં સરસ્વતિના શત્રુ મુસલમાનોથી કદિ અવાયું નથી, એટલે પુસ્તકોનો નાશપણ થયો નથી, તે જયપૂરના રાજદ્વારમાનો પુસ્તકભંડાર, અને તેવાજ કાશમીરઅને નેપાળના પુસ્તક ભંડાર મિ૦ ફાર્બસના જોવામાં આવ્યા હોય એવું લાગતું નથી. બાકી ગુજરાતમાં ખંભાત, વડોદરા અને અમદાવાદના ભંડારો થોડા ઘણા સાહેબે જોયા હોય એમ લાગે છે. તેમણે મુખ્ય કરીને ઈતિહાસ સંબંધી પુસ્તકોનો પોતાની પાસે સંગ્રહ કરયો છે. તેમાં પ્રબંધચિંતા મણી, ભોજપ્રબંધ, પૃથિરાજરાસ, કુમારપાલરાસ, દ્વાશ્રય, રત્નમાળા, પ્રવીણ સાગર, જગદેવપરમાર, બાબીવિલાસ, શ્રીપાળરાસ, કેસરરાસ, હમીર પ્રબંધ, આદિ મુખ્ય છે. તે સઘળાને વાંચી તેનો રાસમાળામાં સારો ઉપયોગ કરયો છે.

અમુક જીર્ણ અને છિન્ન ભિન્ન થઈ ગયેલાં સ્થાન, અથવા રીત ભાત અને 'સાપ જઇ રહેલા લીસોટા' સાહેબના જોવામાં આવતા કે, તત્કાલ એક કવિના જેટલી કલ્પનાઓ તેના મનમાં ઉત્પન્ન થતી, અને ભારે ઉત્કંઠાથી તેનો મહિમા શોધી કાહાડવા પાછળ મંડતા. શિલ્પ કળામાં પોતે પ્રથમ અભ્યાસ કરેલો તેથી પ્રવીણ હતા. કોઇ પણ દેશના પૂર્વેના મહિમાને તત્કાળ દર્શાવનાર શિલ્પકલા જેવાં બીજાં સૂચક ચિન્હ ઓછાં છે, નાશ કરવો એમાંજ કીર્તિ છે એવું સમજેલા અવિચારી-જ્વાળામુખી પર્વત જેવા મુસલમાનો, જેમાંના ખલીફ ઓમરે ટાલોમીનું પુસ્તકાલય બાળી મૂકી આખા જગતના ઈતિહાસને ભારે હાની કરી છે, અને અનેક વિદ્યા કળાનો નાશ કરયો છે, તે હજી ૧૨૪૦ વર્ષેપણ આપણે વિસારી મૂકાતો નથી, તેમાંના મુસલમાનોએ આ ભરતખંડનું પણ ઓછું સત્યાનાશ વાળયું નથી. નાશતો જેનો

પરછાયોજ એવા મુસલમાનોના ત્રાસદાયક ઝપાટામાંથી મરણ તુલ્ય થઇ વંચી ગયેલાં, કોઈ કોઈ ખંડિત ચિન્હો પણ, વિચારવાનોને, આર્ય લોકોની ગત કીર્તિ અને મંહિમાનાં અનુમાન કરાવવાને પરીપૂર્ણ લાગ્યાં છે. કુલીન કરનલ ટાડ અને ફ્રાર્બસના ગ્રંથવાંચ્યેથી ઉપર લખેલી વાતની સત્યતા સહજ ધ્યાનમાં આવશે. ફ્રાર્બસ સાહેબે સિદ્ધ-પૂર, અણહિલપૂર, પાલીટાણા, આબુ આદિ સ્થળોએ સ્વતઃ જઈને ત્યાંનાં ભવ્ય ખંડેરો, કીર્ત્તિ સ્તંભો, દેવાલયો, જળાશયો આદિ નિરખી જોયાં હતાં. પોતે ચિત્રકળામાં પણ પ્રવીણ હતા. પોતાને હાથે કેટલાંક ચમત્કારિક સ્થળોનાં ચિત્ર ચિત્રી લઈને રાસમાળામાં મૂકેલાં છે. એવાં રમણિક સ્થળે જોવાજતા ત્યાં કોઈનું મન દુઃખાવતા નહિ. પોતાના બૂટ કાહાડી જ્યાં સુધી જવાનો બાધ ના હોય ત્યાં સુધીજ જતા. અને તેપણ સામાની આજ્ઞા લઈને. જે જે સ્થળ જોતા તેના સંબંધી જે દં-તકથા ચાલતી હોય તે, અને કંઈ તેનું મહાત્મ્ય લખાયલું હોય તો તે-નો શોધ કરતા, અને તેમાંથી ઉપયોગનો સાર કાહાડતા. સાહેબનો સ્વભાવ હાસ્યવિનોદી પણ હતો. એક સમયે પંચાસરા પાર્શ્વનાથમાં વનરાજની મૂર્ત્તિ જોવા પોતે ગયા હતા. ત્યાં એક હીરજી નામે ઘરડો ભાટ સાહેબની કીર્ત્તિ સાંભલી એક પુસ્તક લઈ ભેટ કરવા આવ્યો, અ-ને કહ્યું કે 'એકવાર ગાયકવાડને અમારા વૃદ્ધે એક જુનું સરસ પુસ્તક દેખાડ્યું હતું, તેથી સરકારે ખુશી થઈ એક ગામ બખ્શીસ આપ્યું છે. તો અંગ્રેજ તો મ્હોટો રાજાછે, માટે અમને એથી કંઈ વધારે આશાછે' સાહેબને આવાત સાંભળી બહુ હસવું આવ્યું. પછી ક૦ દલપત્ત રામ-ને કહ્યું કે હનુમાન નાટકની વાત એ બારોટને તમે સંભાલાવો. કે— એક સમયે નાટકમાં હનુમાનનો વેષ આવ્યો. તેને એક માણસે કહ્યું કે "ઓ હનુમાન બાપજી ! તમે મને બાયડી મેલવી આપો તો હું ત-મને તેળ શિંદુર ચડાવું." હનુમાન કેહેછે કે—"તને પરણાવવા મારી પાસે સ્ત્રી હોય તો હુંજ કુંવારો રહું !" સાહેબે પેલા બારોટને કહ્યું કે

'ભાઈ ! તમને ગામ આપવાની મારી શક્તિ હોત તો હુંજ ચાકરી શાવાસ્તે કરત !'

પ્રવાસમાં પગે ચાલવાનો સાહેબને શોક હતો. પાસે એક નકશો, નાણાંની કોથલી, પીસ્તોલ અને એક લાકડી રાખતા. માર્ગમાં ભાત ભાતના વટેમાર્ગુઓ મળે તેની સાથે, એક સાધારણ મનુષ્યની પેઠે, વાતો કરતા, અને તેમને સર્વ સમાચાર પૂછી લેતા; તેથી તેમની રીતિ ભાતિ, તેમના અંતરના અનેક મનોભાવ, તેમની ધારણાઓ, તેમના દુઃખ સુખની વાતો, તેમના સરકાર વિષેના વિચાર કેવાછે તે, એ આદિ અનેક વિષયો સ્પષ્ટ રીતે જાણ્યામાં આવતા. કોઈ અનાથ દરિદ્રી વટેમાર્ગુ હોય તો તેને પેલી કોથલીથી સહાય કરતા; અણસમજુને સમજણ આપી તેના મનનુ સમાધાન કરતા; અને નિર્બલને સ્વબળની સહાય આપતા. એક સમયે વનવગડામાં એક બાઈ ભાર ઉચકી જતી હતી. તે બહુ થાકી ગઈ હતી, પણ તેનો ભાર ઉતરાવનાર એક ઈશ્વરવિના કોઈ નમળે. ફાર્બસે તેને દીઠી. તેનીપાસે પોતે ગયા. અને પોતાને હાથે તેનો ભાર ઊતાર્યો. આ વાતતો સાધારણછે, પણ એ લક્ષણ કેવું સર્વોત્તમ અંતઃકરણ દર્શાવેછે, તે વાંચનારેજ વિચારી લેવું. માયાળુ સ્વભાવનાં મનુષ્યનો એકપળવાર સમાગમ થયો હોય તો તે વર્ષ સુધી વિસરતો નથી, તો જેને, માયાળુ સ્વભાવ મિશ્રિત અનેક સદ્ગુણવાન ફાર્બસનો સમાગમ ઘણાં વર્ષ રહ્યો હોય, તેની શી વાત કેહેવી! ફાર્બસનીસાથે અનેક પ્રકારના સંબંધમાં આવેલા અનેક લોકોને મળવાનું બની શક્યુંછે, તેને મુખેથી ફાર્બસની સ્તુતિવિના બીજુ કશું કાને પડ્યું નથી. ફાર્બસના પરિચયવાળાં સર્વે મનુષ્યો એક સ્વરે તેના ગુણ ગાયછે. ધન્યછે ફાર્બસના જિવતરને ! તારા જેવો બીજો ભાગ્યશાલી નર કિયો ! કહ્યુંછે કે —

જબ તુમ આયે જગતમેં, લોક હસેં તુમ રોય;
ઐસી કરણી કરચલો, આપ હસેં જગ રોય.

પ્રાર્બ્સ સંબંધમાં એવુંજ થયુંછે. પ્રાર્બ્સના મરણ પછી તેનું નામ અને ગુણ સંભારીને અશ્રુપાત રૂપી અવાચ્ય પરંતુ ચીત્તવેધક શબ્દથી ગુણ ગાતા, પ્રત્યક્ષ, કેટલાક ગૃહસ્થોને દીઠાછે. અને પ્રાર્બ્સ અન્ય દેહમાં લોકનું કલ્યાણ કર્યાથી થતા સંતોષના અકલ સુખથી, હસતો હશે.

મહીકાંઠાના પોલિટિકલ એજન્ટ પોતે હતા તેવામાં રાજકુંવરોને વિદ્યાભ્યાસ કરાવવો, એ બહુ અગત્યની વાત તેમણે પ્રથમ લક્ષમાં લીધી. સાદરામાં એક નિશાળ સ્થાપી. તે અદ્યાપિ "પ્રાર્બ્સ શાળા" નામે પ્રસિદ્ધછે.

સન ૧૮૫૨ માં સાહેબની અશ્વારી ઇડર ગઈ. ઈડરના રજપૂત રાજાઓ પૂર્વે મહા પ્રતાપી અને યશ કીર્ત્તિના ભૂખ્યા હતા. તેઓ કવિયોના લાડ પાલનારા હતા. તેમણે પોતાના રાજ્યનો અર્ધો ભાગતો કવિયોને ત્યાગ (દાન) માં આપ્યો હતો. આ વાત સાહેબના જાણવામાં આવી; તે ઉપરથી કવિયોનો મેળો કરવાનું એ યોગ્ય સ્થાન જાણી ત્યાં કવિમેળો કર્યો. જસવંતસિંહ મહારાજા પાસે કવિયોને પત્ર લખાવી તેડાવ્યા. તેમની કવિતા પોતે સાંભળતા. તેમાંથી પોતાને ઉપયોગની વાત તારવી કાહાડતા. પોતાની શક્તિને અનુસરી કવિયોની યોગ્યતાપ્રમાણે તેમને શિરપાવ આપી વિદાય કરતા; પણ તેમને નમ્રતાપૂર્વક કેહેતા કે "હું તમને તમારા ગુણ પ્રમાણે આપી શકતો નથી" પ્રાર્બ્સનો સ્વભાવ દયાળુ પણ બહુ હતો. તે ખરો ધર્માત્મા હતો. પોતાના આયપતમાંથી ધર્માદાય કાહાડવાનો આપણા લોકમાં ચાલછે, તે ચાલ પ્રાર્બ્સે પકડ્યો હતો. એક સમયે પ્રવાસ કરતાં દાંતામાં આવી પોહોંચ્યા. ત્યાં એક તીર્થવાસી બ્રાહ્મણ સાંજની વેળાએ આવી આખા ગામમાં ફર્યો, પણ અન્ન મલ્યું નહિ, તેથી નિરાશ થઈ એક બાગમાં ગયો. ત્યાં પડ્યો પડ્યો પોકાર કરતો હતો કે 'ભલા ભગવાન! તેં શું ધાર્યું છે! આખા ગામમાં કોઈ દયાળુ દાતાર ન મળે! ભર વસ્તીમાં મારે ભુખ્યાં

આલોટવા કાજ ! કોઈ ઇશ્વરનો લાલ નહિ હોય ' ઈ૦ કહી નિશ્વાસ નાખતો અંતરમાં ઈશ્વરને નિર્દય માનવા લાગ્યો. પણ ઈશ્વરના લાલ નીકળ્યા. ફાર્બસને કાને તેના શબ્દો પડતાંજ તેણે ઈશ્વરનો મહિમા રાખ્યો. અંતરીક્ષથી ઉતરે એમ ક૦ દલપતરામને મોકલીને તેને પાકુ સાકરનું શીધું અપાવ્યું; પછી ત્યાં સદાવ્રત બાંધ્યું. જે કોઈ અનાથ—હિંદુ, મુસલમાન કે પછી ગમેતે આવે તેને ઘી સાકર સાથે પાકુ શીધુ ફાર્બસના સદાવ્રતમાંથી મળતું.

શુભ કામોમાં ફાર્બસનો બધો પગાર ખરચાતો હતો એટલુંજ નહિ પણ ઉલટા વિલાયતથી રૂપિયા મંગાવવા પડતા, એવા ઉદાર મનથી તે ખરચ કરતો.' દાંતેથી અંબામાતાએ જઈ આબુજી ગયા. આબુજીના શાન્ત, શીતલ અને ઈશ્વિર લીલાથી ભરપૂર પર્વત નિરખી, અમદાવા દભણી આવવાસાર દાંતામાં આવ્યા. સાહેબની અમદાવાદ બદલી થઈ તેથી આખો મહીકાંઠો ખેદ પામ્યો. જેણે વાઘ મારેલો એવો કઠિણ કાળજાનો એક ફતેહખાન નામે સીપાઈ હતો, તેની આંખમાંથી પણ સાહેબના વિયોગથી ચોધાર આંસુ વર્ષ્યાં, તો બીજા મનુષ્યોવિષે તો કેહેવૂંજ શું ! રાજાથી તે એક રંકસુધી સર્વેને સમાનરીતે ફાર્બસના સ્નેહે સુખી કરેલા હતા, તે સઘળા તેના વિયોગથી ભારે દુઃખી થયા.

સન ૧૮૫૩ ના જુન માસમાં અમદાવાદના ન્યાયાધીશ થયા. ત્યાં પોતાનું કામ કોમળ અને સૂક્ષ્મ દ્રષ્ટીથી (પણ જોઈયે તે કરતાં જરા વધારે વિશ્વાસ કાર્યભારિયો ઉપર રાખી) ચલાવી સર્વને ન્યાય આપતા એતો પ્રસિદ્ધ છે.

ગુજરાતના મહિમાનો ઉદ્ધાર કરવાના હેતુથી, પોતે તેનાં અનેક માર્ગેથી સાધન સંપાદન કરતા હતા, તે આપણા જાણ્યામાં ઉપર આવ્યુંછે. તે સર્વ સામગ્રી સાથે લઈ તા૦ ૨૮ મી માર્ચ સન ૧૮૫૪ માં યુરોપ સિધાવ્યા. ગુજરાતથી તેનું તન દૂર યૂરોપ ગયું પણ તેનું મન ગુજરાતમાંજ હતું. ત્યાં રહીને પણ ગુજરાતનીજ સેવા કરેલાં કરી. ' રાસમાળા '

નામનું સુંદર પુસ્તક ત્યાં રચ્યું 'ઈસ્ટઈન્ડિયા કમ્પની ' ની ' કોર્ટઆવ-ડરેક્ટર' માં આ દેશને લગતાં લખત પત્રો હતાં, તે અતિ શ્રમ વેઠી વાંચી તેમાંનો આ દેશને લગતો સાર કાહાડી, રાસમાળાનું પુસ્તક સર્વ રીતે પરિપૂર્ણ કર્યું. તે સન ૧૮૫૬ માં બે ભાગમાં લંડનમાં રિચર્ડસન બ્રધર્સના મુદ્રાયંત્રમાં સુંદર મુદ્રાંકિત કરાવી સચિત્ર પ્રસિદ્ધ કર્યું. એ પુસ્તકના ઉપર વિલાયતનાં પત્રોએ અને હિંદુસ્થાનનાં પત્રોએ* તથા બીજા કેટલાક સંભાવિત વિદ્વાન પુરૂષોએ+ બહુ સારા અભિપ્રાય આપ્યાછે. સ્થળસંકોચને લીધે તેનો અત્રે સમાવેશ કરી શકાતો નથી. અને તેમ કરવાની અગત્ય પણ જણાતી નથી, કારણ કે જે સારૂંજ છે તેને સમત્તિની અગત્ય બહુ રેહેતી નથી. એક કવિ કેહેછે "કે—

" કવિતાને કસ્તુરી તે સાક્ષી વિના સિદ્ધ થાય "

એ સત્ય છે. રાસમાળા વાંચેથી તેના ગુણો રસજ્ઞોને તાત્કાળ જણાશેજ. રાસમાળામાં પોતાની બન્ને પ્રકારની કલમથી (ચિત્રની અને લેખનની) ગુજરાત ઉપર પ્રકાશ નાંખ્યો છે. ટાડની પેઠે ગુજરાષ્ટ્રનો પ્રાચીનકાળનો મહિમા ભરેલો ઉત્કર્ષ, અને અર્વાચીન કાળની તેની પતિત દશા એ ઉભયનો વિલક્ષણ વિરોધ જોતાં, તેના મનમાં અનુકંપા પ્રકટ થઈ, તેથી રસે ભિંજાયળા નર્મ હૃદયે, તેણે કોઈ કોઈ પ્રસંગે જે ગુજરાતના ગુણ ગાઈ તેનો જિર્ણોદ્ધાર કર્યો છે, તે આખા ગુજરાતી મંડલને ઉપકારી કરવાને પરિપૂર્ણ છે.

સ્વદેશના નિર્બંધ સ્વચ્છ અને શીતળ વાતાવરણમાં પોણાત્રણ વર્ષ સફળ કરી પાછા સન ૧૮૫૬ ના નવેંબર માસમાં અત્રે પધાર્યા. તા૰ ૧૦ મી જાન્યુઆરી સન ૧૮૫૭ માં સુરતના ન્યાયાધિશ થયા અને એ-

---

* Overland Mail. The Athenæum. The Daily News. The Saturday Review. The Calcutta Review. &c.

+ The Director of Public Instruction. Sir. H. M. Lawrence K. C. B. Dr. Wilson. Lord Elphinstone. &c.

૬ માસની અંદર પાછા સરકારના પ્રતિપુરૂષ (એજન્ટ) થયા. ફ્રાર્બસની તીવ્ર બુદ્ધિ અને ન્યાય કરવામાં તેનો વિવેક જોઈ, સરકારને તેમના ઉપર એટલો બધો વિશ્વાસ આવી ગયો હતો કે, કોઈ પણ કઠિણ કામ હોય તો તે ફ્રાર્બસને સ્વાધીન કરવામાં આવતું. સન ૧૮૫૭ ના મે માસમાં ભરૂચના મુસલમાનો અને પારસિયો વચ્ચે જે મ્હોટો કલહ થયો હતો, તેમાંના અપરાધિયોનો નિર્ણય કરવા મિ. ફ્રાર્બસને નિયમ્યા. તે કામ કરતાં જરા અધિરતા અને ઉતાવળ થઈ હતી, તોપણ તેમણે એવી સારી રીતે દૂર અને દીર્ઘ દૃષ્ટિથી અને વિવેકેથી સત્ય શોધી, નિરપરાધી અને અપરાધિયોને વિણી કાહાડ્યા કે સર્વને આશ્ચર્ય લાગ્યું, અને કોઈ પક્ષવાળાને અન્યાય થયો એવું કેહેવા વેળા રહી નહિ. તેણે સન ૧૮૫૭ ના આગસ્ટમાં કામ ચલાવી તેજ માસમાં પૂરૂં કર્યું. એ ભારે કામ સારૂ મારિસના ' સદર અદાલતના ફેંસલાના ' આઠમા ભાગના પૃષ્ઠ ૪૧૬ મે લખે છેકે—

" એ કામમાં કરેલી પરીક્ષા (તપાસ) મિ. ફ્રાર્બસને એટલી બધી માનદ છે કે તેની અનિયમિત પ્રશંસા કોરટ (સદરઅદાલત) કરી શકતી નથી તેથી વિશેષ ખેદ પામે છે. "

કોઈનું કલ્યાણ કરવું તે અનેક પ્રકારે થાય છે. તેમાં મુખ્ય બે છે. પરોક્ષ, અને અપરોક્ષ અથવા પ્રત્યક્ષ. આપણે ઉપર જે વાત જાણી તે ફ્રાર્બસે આપણું પ્રત્યક્ષ કલ્યાણ કર્યું તેની છે. સ્વાર્થ રહિત ઉત્તમ પ્રકૃતિના પુરૂષોનો, પરોક્ષ કલ્યાણ કરવું, એ પણ એક સ્વભાવજ હોય છે. પરોક્ષ કલ્યાણ એ ધર્માત્માઓના હૃદયઉપર બેસતાં પુષ્પ છે. તેની સુગંધ બહુ વિસ્તરે છે અને તેનાં ફળ પણ અમુલ્ય થાય છે.

ફ્રાર્બસે આપણા ઉપર પરોક્ષ કલ્યાણ કરવામાં પણ ન્યૂન રાખી નથી; અને તેપણ એવા અવસરે કે જેનું મૂલ થાય નહિ. સન ૧૮૫૭ ના વર્ષમાં બલવો થયો. તે વેળા અંગ્રેજ નામે દેશી લોકને ધિઃકારવા લાગ્યા. દેશિયોનાં મન દુઃખાય એવાં ભાષાણ લખી અત્રેના તથા યુરોપના લો-

કના મનમાં સર્વ દેશિયો વિષે નીચા અભિપ્રાય કરાવવા મંડ્યા. એ-વા અંગ્રેજોએ દેશિયોને મહાઘાતકી પ્રાણી જેવા વિરૂપ ચિત્રી, તેમના ઉપર સારા લોકોનો ધિઃકાર અને ક્રોધ થાય એવું કરવા માં-ડ્યું. બરછીની અણીકરતાં કલમની અણી કોઈ કોઈ વેળા વિશેષ બળવાન જણાઈ છે, અને તોપોના ધડાકા કરતાં વિચારના ધડાકા બહુ દૂર દેશ જઈ પોહોંચ્યા છે, અને ભારે રોળ વાળી દીધો છે. બળ-વાનો સમય પણ તેવોજ હતો. નિપરાધી દેશિયોને શસ્ત્રઅસ્ત્રથી બળ-વાની વેળા જેટલી હાની થતી, તેના કરતાં સહસ્ત્ર ઘણી અધિક હાની વર્તમાનપત્રોમાં લખનારા કરી શકતા. તે સમયે પ્રાર્બસે આપણો પક્ષ પક-ડ્યો હતો, એ થોડાનાજ જાણ્યામાં હશે. પોતે તે વેળા ગુજરાતમાં હતા. એોપાસથી, દેશિયો કુભાંડીછે, દેશિયો ઘાતકીછે, દેશિયો કોઈ પ્રકારનો વિશ્વાસ રાખવા યોગ્ય નથી, દેશિયોને પશુ જેવા ગણી તેપ્રમાણે તેમના પ્રત્યે વર્ત્તવું જોઈયે ઈત્યાદિ, એવા અવિચારના શબ્દોની ગર્જનાઓ-નો ઘોર, સેતુબંધ રામેશ્વરથી તે હરદ્વારસુધી, અને જગન્નાથજીથી તે દ્વા-રિકાંસુધી, પથરાઈ રહ્યો હતો. તેને ભેદીને સત્ય દર્શાવવાને વિરલા વીરો શક્તિવાન હતા. પરંતુ તે થોડાએ ધર્મપક્ષની ઢાલથી ઘણુંજ કર્યુંછે. તેમાં કલકત્તામાં હિંદુ પેટ્રિઅટવાળો હરિશ્ચંદ્ર, મુંબઈમાં ટાઈમ્સનો એક લખનાર આદિ હતા. પ્રાર્બસે તે સમયે પ્રત્યક્ષ નહિ પણ પરોક્ષ-રીતે આપણા દેશની સારી સેવા કરીછે. જેણે અન્યાય કર્યો હોય છે, તેને એવા કોઈ અસાધારણ સમયમાં ભારે ભય રેહેછે. પેલા પોતેજ કરે-લા અન્યાય તે સમયે ભયનો વેશ ધરી બેસેછે; અને તેને બીવરાવેછે. પ્રાર્બસે ન્યાય અને લોકનું કલ્યાણજ કર્યાં કર્યું હતું, તેથી એવા ભયંકર સમયમાં તેનું મન સદા નિર્ભય રેહેતું હતું. પોતાના બીજા અંગ્રેજ મિત્રોને પત્રદ્વારાયે અભય રેહેવાનું કારણ સહિત લખી તેમની ચિંતા ઓછી કરાવતા. એ રીતે પોતાના અનુભવથી તેમના મનનું સમાધાન કરી ઘણા અંગ્રેજોને અને તેમની સુકુમાર સ્ત્રિયોને અકારણ ભયના ભારે

દુઃખથી મુક્ત કર્યાછે. એક મિત્રને લખેછે કે " આપણમાંના કેટલાક જો પણ નિરર્થક ભયભિત થઇ રહેછે; જે લોકોને ગયાં ત્રીશ વર્ષમાં શું શું થયુંછે તેની ખબર નથી તેઓને ગાયકવાડનો, રજપૂત રાજાઓનો અને સર્વ કોઈનો વિશ્વાસ આવતો નથી. તોપણ અમે નિર્ભય સ્વસ્થ છિયે " આવી અનેક રીતે રાજ્યકર્ત્તા લોકની પ્રજા ઉપરથી પ્રીતિ ના તૂટે એવું કરવું. તેથી ભારે બલવાના સમયમાં ગુજરાતમાં શાન્તિ રહી હતી. ફાર્બસ જેવા સદ્ગૃહસ્થોના સદ્ગુણ અને વિવેકથી રાજા પ્રજાનો સંબંધ ગુજરાતમાં સજ્જડ રહ્યો એવું સરકારને પણ લાગ્યું, તેથી ફાર્બસને એક પત્ર લખી સરકારે ઉપકાર માન્યોછે.

"ત્રૈમાસિક વાર્તિક પત્ર" (Bombay Quarterly Review) જેવા મહા સબળ સત્તાવાન સાધનવડે તેવા સમયમાં દેશિયોની પક્ષમાં ઉભા રહી ફાર્બસે સહાયતા આપીછે. તેથી એકલા હિંદુસ્થાનમાં નહિ પણ આખા યુરોપમાં, દેશિયોને લાભ થાય એવી રીતે, વિદ્વાન પુરૂષોને દેશિયોના પક્ષમાં ખેંચવા તેણે યત્ન કર્યોછે. " મુંબઈ ત્રૈમાસિક વાર્ત્તિક પત્ર" ના દશમા અંકમાં 'હિંદુસ્થાનનું કલાકૌશલ્ય' 'Indian Architecture' ઉપર વાર્ત્તિક લખ્યુંછે. તે એવા હેતુથી કે, ગુજરાતનો મહિમા તેનાં બાંધકામોનાં ખંડિત ચિન્હથી પોતે જાણ્યો, તેજ રીતે આખા ભરતખંડનો મહિમા તેનાં અલૌકિક કળાકૌશલ્યનાં પ્રાચીન ચિન્હથી, આખું જગત જાણે; અને તેનો મહિમા અને તેની કુલીનતા જાણી તેનાઉપર અનુકંપા આણી પ્રીતિ કરે. કલ્યાણ કરવું એતો પછી પ્રીતિનું અનીવાર્ય ફળછેજ.

તેજ પુસ્તકના સન૧૮૫૭ના જુલાઈ માસવાળા ૧૧ મા અંકમાં સર. જાહન માલ્કોમ જેવા એક હિતકારી ગવર્નરના ચરિત્રઉપર વાર્ત્તિક લખ્યુંછે. તેમાં મુખ્ય હેતુ એછે કે રાજ્યાધિકારિયો એ પ્રજાપ્રત્યે કેમ વર્ત્તવું. સદ્પુરૂષનાં જન્મચરિત્રછે તે દર્પણછે. તેમાં દૃષ્ટિ નાંખ્યાથી મનુષ્ય પોતાના દોષો પોતે જુવેછે. બીજું કોઈ આપણા દોષ આપણને દેખાડે-

છે ત્યારે આપણને રૂચતું નથી. દોષ દેખાડનાર ઉપર રોષ આવેછે, મન પીડા પામેછે અને કોપાઈ સામુ થવાનું કરેછે. તેથી પેલાદોષ સુધરતા નથી પણ ઉલટા સજ્જડ થાયછે. એ બધા બાધ્ર સદ્ગુણીનાં સ્રચરિત્ર દૂર કરેછે. પોતાના દોષ પોતે દીઠા કે તેને દૂર કરવાનું સ્વાભાવિક મન થાયછે. ફ્રાર્બસે માલ્કોમનું ચરિત્ર અંગ્રેજો આગળ ધરી એ અર્થ પૂરો કર્યોછે; તેમાં સમાવેશ કરેલાં થોડાં વાક્યો અત્રે નિરર્થક નહિ કેહેવાય—

માલ્કોમનો સ્વભાવ.— 'કોઈપણ જય મેળવાયતો તે સર્વને રાજી રાખી મેળવવો એવો તેનો નિયમ હતો એટલુંજ નહિ પણ તેમાંજ તેને આનંદ થતો. તે પીંડે સાદો અને નિરભિમાની હતો. રાજદૂત થઈને ઈરાનમાં તે ગયો હતો તેથી આપણા (અંગ્રેજોના) દેશનો મહિમા તેણે સ્થાપિત કર્યો હતો— જો કદિ તેથી રાજ્યનાં ભવિષ્ય નહિ બદલાયાં હોય પણ તેણે 'સદા કાળના દર્પણમાં' એક શૂર વીર અને નિર્મળ મનના અંગ્રેજનું પ્રતિબિંબ પાડ્યુંછે. કોઈ દેશિયો મળવા આવતા તેમનો માલ્કોમ બહુ વિનયપૂર્વક આદર સત્કાર કરતો એટલુંજ નહિ, પરંતુ મળવા આવનાર પ્રત્યેક મનુષ્યનો સ્વભાવ અને તેની દશા યથાર્થ સમજી તેપ્રમાણે વર્તતો; તેથી મળવા આવનારા પાછા વળતાં સંતોષ અને આનંદ પામતા. ઈરાનમાં પોટેટોઝની પ્રથમ વાવણી માલ્કોમે કરાવીછે, તેથી તેનું નામ સારૂ રેહેશે એવું એક સર. જેમ્સ માકિન્ટાશ લખેછે'. પણ ફ્રાર્બસ સાહેબ કેહેછે કે "માલ્કોમે એક એથી પણ વિશેષ ફળદ્રુપ બીજ રોપ્યું છે. * * માલ્કોમના ઈરાનમાં પ્રવાસથી એવા તો પ્રખ્યાત ગ્રંથ ઉત્પન્ન થયાછે કે જેમણે એશિયાઉપર પ્રકાશ નાંખ્યોછે. જેમણે યુરોપને ઉપદેશ આપ્યો છે, અને જેમણે આપણા દેશની (ઇંગ્લાન્ડની) અક્ષર વિદ્યાને શોભાવીછે" * * 'માલ્કમ પંથનું મુખ્ય તત્વ એ શબ્દમાંછે.— સુગમતા અને પરકાર્યની અચર્ચા—તે પોતે દરવાજા ખુલ્લાં મૂકી પોતાના સ્થાનમાં બીરાજતો. જે દેશિયો મળવા

આવતા, તે, મનના મનોરથ સફળ કરીને, પાછા વળતા. પ્રાર્બસ કેહે-છે કે ' એ ખેદકારક વાર્તાછે કે હાલમાં એવા પુરુષ ભરતખંડમાં થોડા-છે. પ્રથમ તો દેશિયોને સારૂ દ્વારજ ખુલ્લાં ભાગ્યે હોયછે; તેમ કરતાં કોઈને પ્રવેશ કરવાનું બની આવ્યું તો, અંદર, પોતાના વિષે જાણનાર અને સમભાવવાન પુરુષ મળવા એતો તેથી પણ ભાગ્યે. રાજાપ્રજામાં અંતર પડેછે તે આજ કારણથી, પછી ધુંધવાતા ઢગલાઉપર એક તણખો પડેછે એટલે તે શલગી ઉઠેછે. જે મનુષ્યો માલ્કમ સારૂ પ્રાણ પાથરવા તત્પર હોત તેજ મનુષ્યો કંટાળીને રાજ્ય બંધનથી નરમ પડી, બળવામાં અને ઘાતકી કામોમાં સામીલ થાયછે. ઈત્યાદિ ઈ० ઈ० ' અનેક સપ્ર-માણ વાર્ત્તાઓ લખી માલ્કમનું જિવન વખાણ્યુંછે અને તેવા ગુણોનું પ્રતિબિંબ પોતેજ હતા, તેથી પોતાનું લખેલું પાછું પોતેજ સ્પષ્ટ સિદ્ધ કરી આપ્યુંછે. પ્રાર્બસસાહેબ માલ્કમપંથી હતા, તે પંથ અથવા સંપ્રદાયના ગૃહસ્થો પરમાર્થિ, વિનયી, પરોપકારી, કૃપાળુ, વિવેકી, દીનનાનાથ, સર્વને પોતાના બાંધવ જેવા માનનાર, સ્વતંત્ર, તથા આ દેશનું કલ્યાણ ઇચ્છ-નાર અને કરનાર હતા.

રાજાપ્રજાવચ્ચેનાં કામોમાં, સત્તાધારી અને ન્યાયકર્ત્તા અધિકારિ-યોભણીથી, પ્રજાને થતા અન્યાય વિષે પ્રાર્બસ સાહેબના વિચાર દીર્ઘ અને દૂર દૃષ્ટિ વાળા, સર્વને લાભ કારક, અને યથાર્થ હતા. તે કેહેછે કે— ન્યાય કરવામાં કિન્ચિત પણ પક્ષપાત કર્‌યાથી આપણા (અંગ્રેજોના) વિશ્વાસ ઉપર જેટલો ધક્કો લાગે, અને તેનું જે પરિણામ થાય, તે પચા-શેક આખા પ્રાન્તો હાથમાંથી જાય, તેના કરતાં પણ વિશેષ હાનીકારક છે. પણ અરે ! આપણીજ પ્રજા સાથેના, અને બીજા માંડલિક રાજા સાથેના, આપણા કરારોના અર્થ કરવામાં, અંગ્રેજ સરકાર અને તેના કા-ર્યભારિયો કેટલો બધો પક્ષ કરેછે; તેઓ પોતાને ફાવે એવા અર્થ કાહા-ડે છે. કારણકે પોતે શક્તિવાન પડ્યા. આપણે આપણી મેળે વિશ્વા-સ વિષે અહંકારની વાતો ગમે તે કરિયે, પણ કોઈ દેશીસાથે જેને બરા-

બર સમાગમ હોય, તેના જાણ્યામાં આવશે કે, દેશિયો આપણા પ્રમાણિકપણા વિષે કેવા વિચાર રાખેછે. સિંહમનુષ્યની લડાઈના ચિત્રમાં મનુષ્ય સિંહને સહજમાં જીતે છે એવું મનુષ્યો ચિત્રે છે, પરંતુ તેજ ચિત્ર જો સિંહ ચિત્રે તો કંઈ બીજાજ પ્રકારનું ચિત્રે. પ્રખ્યાત આર્થર વેલેસ્લી (ડ્યુક આવ વેલિંગટન) અને માલ્કમનું પણ એજ મત હતું. એક પ્રસંગે ગોવાલિયેર વિષેની તકરારમાં વેલેસ્લી માલ્કમને લખે છે કે 'આપણી પ્રમાણિકપણાની કીર્ત્તિ જાળવવાને સારૂ ગોવાળિયેર અને હિંદુસ્થાનના બીજા દેશો દશવાર નોછાવર કરિયે તોપણ કંઈ નથી. ઈ૦' મદ્રાસ પ્રાન્તમાં વેલોરનો બળવો થયો તે સમયે તે બળવો કરનારાએ બળવો અંગ્રેજ અધિકારિયોના અન્યાય અને અજ્ઞાનથી કર્યો હતો, એવું માની, તે દેશિયોને માલ્કમ આદિ કેટલાક ગૃહસ્થો નિરપરાધી ગણતા, તે વિષે લખતાં પ્રાર્બસ લખે છે કે- 'તે એવું માનતો કે કઠોરતાનાં અથવા બળનાં શિક્ષક ઉદાહરણના કર્તાં મનની મહત્તા અને દયા જો સરકાર બતાવે તો તેથી ઉદાર મન ઉપર અધિક અસર થાય.' ઈ. ઈ. ઈ. માલ્કમના ચરિત્ર વિષે લખતાં પોતાનાં આભ્યંતર વિચાર દર્શાવ્યા છે. અરે ! માલ્કમ અને પ્રાર્બસ જેવા એક માત્ર દશ અધિકારિયો ભરતખંડમાં ઉચ્ચ સત્તાવાન હોત, તો સત્તાવનનો નાશકારક બળવો કદિ સ્વપ્નમાં પણ થાત !

સ્વાર્થી અધિકારિયોએ આપણા લોકનીસાથે પોતાની સત્તાનો દુરૂપયોગ કરી અન્યાયથી વર્ત્તવા માંડ્યું તેનું ફળ બલવો થયો.

ઉપલાજ "મુંબઈ ત્રૈમાસિક વાર્તિકપત્રમાં" આઉડ (અયોધ્યા) એવા નામના મથાળા નીચે પ્રાર્બસે જે નિષ્પક્ષપાતથી ઉત્તમ વિચારો દર્શાવ્યા છે તેમાંનો કિન્ચિત સાર લઈ સ્થળસંકોચને લીધે હવે આ વિષય સમાપ્તિ ઉપર લાવવો પડેછે.

"જે રજપૂત રાજા અને ઠાકૂરોનો મુસલમાનથી કે મરાઠાથી કદિ પૂરો પરાભવ થઈ શક્યો નથી, તેવા રજપૂતોનો, ચીરકાળના અને વંશ

પરંપરાના સ્થાવર વતન અથવા જાગીરો ઉપરનો હક્ક, અને સાધારણ ખેડુતોનો પોતાની સાંથેલી જમીન ઉપરનો હક્ક, તેમાં આપણ (અંગ્રેજો) કશો અંતર ગણતા નથી! એક દેશ ગમે તે પ્રકારે આપણને મળ્યો, એટલે તેમાં બીજાના હક્કવિષે આપણે ગમે તેમ અર્થ કાહાડી આપણું ફાવતું કરિયેછિયે., * * * અયોધ્યાના નામના મુસલમાન રાજાને જીત્યો. તેનું અર્ધુરાજ ખુંચાવી લીધું અને આર્ધું પાછું આપ્યું. એમ કરીને, જે રજપૂત વતનદારો પૃથિરાજ ચૌહાણના સમયથી મુસલમાનોને અટકાવી રહ્યા હતા, અને જે રજપૂતોનું મુસલમાંનોથી નામ ન દેવાતું; તે રજપૂતોને, આપણા સૈન્યના બળની સહાયતાથી મુસલમાનોને સ્વાધીન કરિયેછિયે. આપણે લઈ લીધેલા ભાગમાં પણ, શસ્ત્રઅસ્ત્રના સાધનથી નહિતો, તેના જેવાજ પણ જરા શાન્ત ધારાંના સાધનથી આપણે પણ એજ કામ કરિયેછિયે. તેથી પ્રાચીન કુટુંબોનો મૂલમાંથી નાશ થઈ ગયેછે. ગુજરાતમાં ગાયકવાડે પણ આપણને થોડી લાલચ આપી આપણીપાસે એજ રીતે કરાવવા પ્રયત્ન કર્યો હતો. જો આપણે એમ કર્યું હોત તો કાઠિયાવાડ (સૌરાષ્ટ્ર)ના રાજાઓનું નિકંદન થયું હત, કે જે દશા (બળવો) અયોધ્યામાં થઈછે તે દશા ગુજરાતમાં થાત. લાર્ડ વેલેસ્લીના પ્રતાપથી સઘળાં સંકટ દૂર થયાં. તેણે ગાયકવાડ અને સૌરાષ્ટ્રના રાજા ઉભયને અનુકૂલ આવે એવું સમાધાન કરવાનું સૂઝ્યું. સાત્વિક વૃત્તિના જોનાથાન ડંકન અને પ્રવીણ કર્નલ વાકરે લાર્ડ વેલેસ્લીનો વિચાર સિદ્ધ કર્યો. જેથી જાહાલા અને ગોહિલ વંશો અમર રહ્યા, ગાયકવાડ ઋણમુક્ત થયા, અને ગુજરાતમાં પચાસ વર્ષસુધી એવી શાન્તિ રેહેવાની કે જેવી શાન્તિ અણહિલ પુરનો રાજદંડ બીજા ભીમદેવના હાથમાંથી પડ્યો ત્યારથી ગુજરાતે દીઠી નથી * * અયોધ્યામાં અવ્યવસ્થા થઈ તેમાં વાંક આપણોજ (અંગ્રેજનોજ) છે. પચાસ વર્ષ પછી સ્વાર્થ સાધી (અયોધ્યા) દેસ લઈ લેવો તેનાકરતાં પરમાર્થ બુદ્ધિથી મધ્યસ્થ થઈ, પ્રથમ

થીજ સમાધાન રખાવ્યું હોત તો તે કંઈ ઓછો ન્યાય ન કેહેવાત. અયોધ્યાના રાજ્યનો આપણા રાજ્ય સાથે સંયોગ કર્યો તેનો હેતુ બહુ પવિત્ર દેખાડ્યો કે કે (મુસલમાની રાજ્યથી) પ્રજા પીડા પામતી હતી તેને મુક્ત કરવી. આ વિચાર જે કર્નલ સ્લીમાનના લખવા ઉપરથી ઉઠ્યો હતો તેના લખાણ ઉપર જોતાં અયોધ્યાને આપણા રાજ્ય સાથે જે રીતે મેલવવામાં આવ્યું છે તે રીત કેવળ અન્યાયી દેખાય છે.

એપ્રિલ સન ૧૮૫૮ ના લાર્ડ ક્યાનિંગના ગુપ્ત રાજલેખ—જેથી બલવા પછી લખનોર હાથમાં આવ્યું એટલે અયોધ્યામાંના વતનવાળા કુલીન ગૃહસ્થોનું સર્વસ્વ હરી લેવાનું અથવા જપ્તી કરવાનું હતું, એવું સમજી તેવિષે, તથા તેની વિરૂદ્ધ લાર્ડ એલેન્બરોએ લખેલો લેખ, તેવિષે વિચાર આપતાં ફાર્બસ લખે છે કે-"ઇંગ્લંડમાં આ સમયે પૂર્વપક્ષ (Conserva tive) અને ઊત્તરપક્ષ (Liberal,) માં વાક્-યુદ્ધ મચ્યું છે. અમે ત્યાં સમીપ હત તો આનંદથી પોકારત કે—"જય સ્ટાન્લી" પરંતુ દૂરથી તે લાભ લઈ શકતા નથી, પણ અમને પૂર્ણ વિશ્વાસ છે કે એમાંથી આ ભરતખંડનું કલ્યાણ થાય એવું પરિણામ થશે, પછી જય ગમે તેનો થાઓ તેની સાથે અમારે સંબંધ નથી. આવા વિલક્ષણ સમયમાં લાર્ડ ક્યાનિંગે જે ગંભીર મહત્તા દર્શાવી નિરપરાધી દેશિયોના ઉપર કૃપાલુ દૃષ્ટિથી જોયાં કર્યું છે, તેને સારૂ અમે લાર્ડ ક્યાનિંગની સ્તુતિ કરિયે છિયે. પરંતુ અયોધ્યાના+ સંબંધમાં એમની રાજનીતિ ઉપર અમને ખેદ થાય

+ લાર્ડ ક્યાનિંગના એ રાજ લેખ વિષે ફાર્બસના અને તે વાળા સર્વના સમજમાં આવ્યું હતં તે યથાથ ન હોતં. લાર્ડ ક્યાનિંગ એ વિષે એક ઉત્તરલેખ (Defence) લખ્યો છે, તેમાં પોતાના વિચાર સ્પષ્ટ જણાવી સિદ્ધ કર્યું છે કે, એનો શુભ હેતુ યથાર્થ ન સમજી અર્થનો અનર્થ કરવામાં આવ્યો હતો. તે ઉત્તરલેખ ફાર્બસના વાંચવામાં આવેલ નહિ તેથી કુલીન ક્યાનિંગના ઉપર અગમતો દોષ અનીચ્છાથી ફાર્બસને મૂકવો પડ્યો હોય એવું લાગેછે. સર્વ-આર્ય પ્રિય ક્યાનિંગ જેવા નિષ્કલંક, ઉદાર, સુજ્ઞ, રાજધર્મજ્ઞ, નિષ્પક્ષપાતિ, દીનનાનાથ અને સંક્ષેપમાં મહાત્મા, વિરલાજ રાજપ્રતિપુરૂષો (Vice-Roy) થયા હશે ને થશે. લાર્ડ. ડેલહાઉસી જેવા સ્વછંદી, સ્વાર્થી અને રાજા પ્રજા વચ્ચે અંતર પાડનાર ગવર્નર જનરલે વિનાશ કારક સુ-

છે. અમે ધારિયે છિયે કે એ કામ એમનું નહિ પણ એમના મંત્રિયોનું હશે. આ દેશના કુલીન ગૃહસ્થ કુટુંબોનું સર્વસ્વ લઈ લઈ સાધારણ રંક પ્રજા જેવા કરી દેવા, એવા પંથવાળા સત્તાધારિયોનું પ્રબળ હવણાં-નું આ દેશમાં વિશેષ છે. એ હેતુ સિદ્ધ કરવા સારૂ જ્યારે લાગ આવે-છે ત્યારે તેઓ દેશી રાજ્ય ખાઈ જાય છે, અને વતનદારોનાં વતન જપ્ત કરી દેછે. આ વિષય ઉપર ઇંગ્લડમાં હાલ ન્યાયથી નિર્ણય થવાનો છે. અમને આશા છે કે નિષ્પક્ષપાત ન્યાય કરી ઇંગ્લડ પોતાની સંપાદન કરે-લી કીર્ત્તિને પાત્ર ઠરશે.' ફાર્બસની આ આશા પૂર્ણ થઈ હતી. અત્રેના લોકના લાભમાં ન્યાય થયો હતો કે- 'કોઈનું કંઈ લઈ લેવું નહિ.'

લોકોના ઉપર અનેક પ્રકારના અન્યાય થયા તેથીજ બળવો થયો એવું સિદ્ધ કરી ફાર્બસ લખેછે.— 'અન્યાય થાય છે એવું સમજીને જે દેશની આખી પ્રજા શત્રુ થઈ હોય, તે દેશમાં કદિ રાજ્ય રખાઈ શકાય નહિ' (માટે અન્યાય કરવો નહિ) એવું લાર્ડ એલેન્બરો વદે છે તે ય-થાર્થ અને સત્ય છે. ઇ. ઇ ઈ.

એ આદિ અનેક આપણા દેશને લાભકારક અને રાજકર્ત્તાની આં

રંગ ખોદેલી, તેમાં જામગરી મુકાવાની સંધી જેવા, વિષમ અને વિકટ કાળમાં-રાજ્યના અનેક સંકળાયલા રથોના મુખ્ય યંત્રની લગામ અમર લાર્ડ. ક્યાનિંગને સ્વાધીન ક-રવામાં આવી. મહાત્માનાં અંતઃકરણ અને બુદ્ધિ કસવાની ખરી કસોટી એવા વિ-ષમ અને અસાધારણ સમયો છે. ખરૂ હીર તે સમયે જણાય છે. શુદ્ધ કંચનની પે-ઠે સર્વ પ્રકારથી તેની પરીક્ષા થાય એવા સંયોગો આવી મળ્યા હતા. તેમાંથી તે વિ-જય પામી અધિક મૂલ્યવાન થઈ નિર્મલ કુંદન જેવો જણાયો છે. તેણે આપણા આખા દેશમાં એવાં લાભદાયક બીજ નાંખ્યાં છે અને એવા ઉપકારો વરસાવ્યા છે કે તેનાં ફળ બહુ સુખદ થાય છે અને થશે. લાર્ડ ક્યાનિંગના ગુણ વર્ણવતાં પાર આવે એવું નથી. આખા પુસ્તકમાં પણ સમાવેશ થવો દુર્લભ છે. અત્રે આટલું સૂચનાર્થ લખવાનું પ્રયોજન એટલા સારૂ છે કે ફાર્બસથી અજાણે મુકાઈ ગયેલા દોષ-થી તેને મુક્ત કરવો. ફાર્બસને ઠેકાણે બીજા કોઈયે એ લખ્યું હત તો, તેને કોઈ ખ-રૂ તો શાનું જ માને, પણ તેની અવજ્ઞા કરી ઉલટુ તે ઉપર ધિક્કારથી જુવે, એવા તેના શુભ ગુણ પ્રસિદ્ધ પ્રકાશે છે. ".ક્યાનિંગનું કલ્યાણ થાઓ" એવું કિયો. સુજાણ દેશી ઇશ્વર પાસે નહિ માગતો હોય.

ખ્યો ઉઘાડે એવા ઉત્તમ વિચારો સ્વતંત્રતાથી પ્રસિદ્ધ રીતે ફાર્બસે આ-પ્યા છે. સ્થળ સંકોચને લીધે મનગમતા વિષયને સંક્ષિપ્ત કરી દેવો પડેછે, તેથી મનભંગ થાય છે પરંતુ ઉપાય નથી. આ પ્રસંગે ખેદાનંદ યુક્ત હૃદયથી કહિયે છિયે કે— આ દેશના લોકઉપર તેમાં મુખ્યત્વે કરીને ઉં-ચ વર્ગના રાજા, વતનદાર આદિ લોકઉપર, કુલીન ફાર્બસે મનસા, વાચા, અને કર્મણાથી જે ઉપકાર કર્યોછે, તે હજી અજ્ઞાનમાં ઘોરતા રાજાઓ જાણતા નહિ હોય, પણ જે સુગ્ન દેશાભિમાનિયોને સંતોષિત કરે છે, તે ઉપકાર જેમ જેમ આપણો દેશ ઉદય પામતો જશે, તેમ તેમ તેની સાથે અધિક અધિક પ્રકાશી તેના ઉપરં ઉત્તરોત્તર અધિક પ્રીતિ કરાવ-શે એમાં સંશય નથી.

રાણિયે આ દેશનું રાજ્ય સ્વાધીન લેતાં લાર્ડ સ્ટાન્લીના કલ્યાણ કા-રી દ્વારાએ જે પોતાની રાજ-નીતિ-દર્શક-પત્ર પ્રસિદ્ધ કર્યું હતું, તેમાં ક-રેલી પ્રજાલાભની પ્રતિજ્ઞાઓથી ફાર્બસ બહુ આનંદ પામ્યા હતા. તે લખેછે કે "એમાં આપેલાં વચન પ્રમાણે જો રાજ્ય ચાળશે તો, (અને હું વિશ્વાસ રાખુંછું કે ચાલશેજ) બલવો એ નામજ સાંભળ-નાર નથી".

સુરતના ન્યાયાધીશને સ્થળેથી એમને સરકારના કોઈ એક વિશ્વા-સવાળા કામમાં શોધ કરવાને બીજા બે ગૃહસ્થો - કરનલ પોપ અને ઈ. આઇ. હાવર્ડ સાહેબ સાથે નિમ્યા હતા, તે કામમાં પણ એમણે સારો યશ મેળવ્યો છે.

તા૦ ૨૪ મી માર્ચ સન ૧૮૫૮ માં ખાનદેશના ન્યાયાધીશ ઠર્યા. ત્યાં એવી સારી રીતે કામ કર્યું કે સન ૧૮૫૯ માં તે જગ્યો છોડી જવા વેળા, સદર અદાલતના ન્યાયાધીશોએ ફાર્બસની સારી પ્રશંસા લખીછે, અને તે સરકારે બહુ ખુશીથી માન્ય કરી છે. તારીખ ૨૨ મી સેપ્ટેંબર સન ૧૮૫૯ માં લાર્ડ એલ્ફિન્સ્ટને પુનેથી ધુલિયે તાર મુકાવી લખ્યું કે.

"તમારો વિચાર લીધાવિના તમને કાઠિયાવાડના પોલિટિકલ-એ-

જન્ટનું કામ ચલાવવા નિમવાની મને અગત્ય પડીછે. એ કામ એવું તો ભારેછે કે જેમ બને તેમ સત્વર તમારે એ કામ સ્વાધીન કરવું જોઇયે. કૃપા કરીને મુંબઈ આવતાં જરા વિલંબ કરશો નહિ. ટપાલમાં પત્ર લખ્યુંછું."

સૂચવેલા પત્રમાં ગવર્નર લાર્ડ એલ્ફિન્સ્ટન લખેછે કે "એક નવાબ આપણી સત્તા માનવાની નાકેહેછે, અને ઓખામંડળના વાઘેરોએ કાઠિયાવાડમાં ગાયકવાડ સામું ધીંગાણું કર્યું છે, એવે સમયે કાઠિયાવાડમાં સમાધાન રેહેવાની અગત્ય છે. તેજ કારણ સારૂ તમને નિમવાની મારી વૃત્તિ થઈ છે. ઈ૦" પ્રાર્બસ સાહેબે વિના વિલંબે તા૦ ૧૧ મી અકટોબર સન ૧૮૫૯ માં કાઠિયાવાડ જઈ પોલિટિકાલ એજન્સિનું કામ સ્વાધીનમાં લીધું. ત્યાં એવી મન માનતી રીતે કામ કર્યું કે સરકારે તા૦ ૨૪ મી ફેબ્રુઆરી સ૦ ૧૮૬૦ માં નિર્ણય કર્યો તેમાં લખ્યું છે કે "પ્રાર્બસ જેવા વિચારવાન અને શક્તિવાન પુરૂષને કાઠિયાવાડ સ્વાધીન કરેથી જે લાભ થવાની આશાએ તેમને નિમવામાં આવ્યા હતા તે સરકારની આશા કેવી યથાસ્થિત હતી તે * * સ્પષ્ટ જણાયછે. સેક્રેટરી-આવ-સ્ટેટ-ફર-ઈન્ડિયા (વિલાયતમાંના ભરતખંડના મંત્રી)એ ઉપલા મત્તમાં અનુસરી પ્રાર્બસને માન આપ્યુંછે.

કાઠિયાવાડમાં જાજુ રેહેવું પ્રાર્બસનું નહોતું થયું; તો પણ ત્યાં વિદ્યાની રૂચી કરાવવા એમણે શ્રમ લીધો હતો. લોકોને સારાં થવાને ઉપદેશ કરતા અને તેથી થતા લાભો તેમને પ્રત્યક્ષ સમજાવતા. તેની સુસીળતાએ તેના ટુંકા આવસમાં પણ કાઠિયાવાડના રાજા અને ઠાકુરોનાં મન હરણ કર્યાં હતાં. સૌરાષ્ટ્રવાસીનો તે એક વાહાલો મિત્ર થઈ પડ્યો હતો. જુનાગઢ, અને ગોંડલનાં રાજ્યો સાથે જે બ્યવસ્થા કરવાની હતી તે કરી, પછી લાર્ડ. એલ્ફિન્સ્ટનને લખ્યું એટલે તેમને સુરતનાં ન્યાયાધિશ નીમ્યા. સૌરાષ્ટ્ર મૂકતાં તે વિષે કેટલાક વિચારો લખી એક પત્ર સરકારને લખ્યું છે. તેમાં ઘણી ઉપયોગી અને લાભકારક સૂચનાઓ

કરીછે. તા૦ ૨૫ મી માર્ચ સન ૧૮૬૦ માં સુરતના ન્યાયાધિશને સ્થાને આવ્યા. એક વર્ષ ત્યાં રહ્યા. સન ૧૮૫૫ ના ૮ મા આક્ટ ઉપર રીપોર્ટ (પત્રક) લખવાનું સરકારે કહ્યાથી ત્યાં તે લખ્યો; તેમાં પણ સારો યશ મેળવ્યોછે. પછી સન ૧૮૬૧ માં સર. જીયાર્જ ક્લાર્કના વારામાં રાજકીય, ગુહ્ય, વિદ્યા સંબંધી, ન્યાયસંબંધી અને પરક્રિયન સંબંધી ખાતાંના સરકારના મંત્રી ઠરયા. તે કામ પણ એવી સારી રીતે કર્યું કે ઉચ્ચ પદ આપવાની ગવર્નર સર. જીયાર્જ. ક્લાર્કને સ્વાભાવિક વૃત્તિ થઈ, તે તા૦૧૩ મી ડિસેંબર સન ૧૮૬૧ માં લખેછે કે.

"મારા પ્રિય પ્રાર્બસ.

સદર કોર્ટમાં જવું તમને અનુકૂલ પડશે ? જો પડેતો, હું એમ ધારૂંછું કે મારે તમનેજ નીમવા જોઇયે. સરકારના મંત્રીસ્થાન ઉપરથી તમને ખોવા એથી મારૂં મન દુઃખાયછે."

તા૦ ૨૩ મી ડિસેંબરે સદર આદાલતના ન્યાયાસન ઉપર આકટિંગ નિયમાયા. તા૦ ૧૨ એપ્રિલ સન ૧૮૬૨ માં મુકરર ન્યાયાધિશ થયા.

મુંબઈમાં પ્રાર્બસનું પધારવું થયું. ત્યાં પણ તેના ફળદ્રૂપ હસ્તથી ફળ થયાવિના રહ્યાં નથી. એક નિષ્ઠાથી રાજા પ્રજાને સંતોષ પમાડી પોતે કરેલી સેવાનું એક સારૂ ફળ તેમને પોતાને પ્રાપ્ત થયું. બહુ માન ભરેલું અને વિશ્રાન્તિ સાથે લાભ કારક "વરીષ્ઠ ન્યાય સ્થાનના "(High Court) ન્યાયાધીશનું એક ઉચ્ચ પદ છે. પ્રાર્બસ જેવા વિચારવાન, શાન્ત સ્વભાવના દયાવાન પુરૂષને એ સ્થાન યથાયોગ્ય હતું, તેનો યોગ થયાથી સ્થાનકને અને સ્થાનીને ઉભયને શોભવાનું થયું. પ્રાર્બસના સંગી-ન્યાયાધિશોએ પ્રસંગોપાત્ત દર્શાવેલા ઉત્તમ અભિપ્રાય ઉપરથી સ્પષ્ટ જણાયછે કે, પ્રાર્બસનું બુદ્ધિબળ, ન્યાયનિર્ણય શક્તિ, સૂક્ષ્મ દૂર અને મર્મજ્ઞ દૃષ્ટિ બહુ સારી હતી. આપણી સરકાર વારંવાર નવા નવા અતિશય ધારા કરેછે, તથા ન્યાય આપવામાં વિલંબ બહુ કરેછે, એટલુંજ નહિ પણ ન્યાય બહુજ મોંઘો છે, એ પ્રજાને પીડાકારી છે, એવૂં ઘણા ઇંગ્રેજોનું મતછે; તેવું પ્રાર્બસનું પણ હતું. પ્રતિનિધિયોએ (હાઈકોર્ટના વકીલ, પ્લીડર,

બારીસ્ટરો) પણ પ્રાર્બસના સારા સ્વભાવ અને કુશળતા વિષે એક સ્વરે ગુણ ગાયા છે.

જીલ્લાના વાતાવરણમાં, અને મુખ્ય રાજસ્થાન મુંબઈ જેવા નગરના વાતાવર્ણમાં બહુ અંતર છે. જીલ્લામાં ગયેલા અધિકારિયો ત્યાંના વાતાવરણમાંના ઝેરી ભાગનું શોષણ કરેછે અને તેથી તેમનો સ્વભાવ " અન્ન તેવો ઓરકાર " તેની પેરે સારો નથી હોતો. મુંબઈમાંના યુરોપિયનો ઉદાર, સભ્ય, અને સમાગમી હોય છે. તેવા સમુદાયમાં એક સાધારણ ગૃહસ્થ દીપી નીકળવો દુર્લભ. મિ૰ પ્રાર્બસ મુંબઈમાં પણ શુભ કાર્યો કરવામાં એક અગ્રેસર થવા માંડ્યો.

સન ૧૮૬૪ માં ધી. આનરેબલ ઉલ્લિયમ ફ્રીયર ગયો ત્યારે તેમના " બામ્બે- બ્રાન્ચ- આવ- ધી- રોયલ- એશિયાટિક- સોસાયટીના " પ્રમુખ સ્થાને પ્રાર્બસ સાહેબને સ્થાપવાની સર્વ ગૃહસ્થોની ઈચ્છા હતી. પરંતુ પોતાનો સ્વભાવ મિઠો લજાલુ હતો તેથી, તે ઉચ્ચ પદ બીજા કોઈ ગૃહસ્થથી વધારે શોભશે એવું ધારી ઉપકાર સાથે નમ્રતાથી ના કહિ; ત્યારે તેમને એક ઉપપ્રમુખ ઠરાવ્યા. તેજ વર્ષમાં અત્રેની સર્વ વિદ્યોત્તેજક સભાના (યુનિવર્સિટી) ઉપપ્રમુખનું (Vice-Chancellor) મહામાનદ પદ સરકારે એમને આપ્યું.

વિદ્યાસંબંધી, કલા કૌશલ્યસંબંધી અને લોકહિતકારક બહુ સભાઓ સાથે પ્રાર્બસનો સંબંધ હતો.

સર્વ ઉપયોગી કૃત્યોમાં પ્રાર્બસનું નામ દીઠામાં આવેછે. અત્રેની સર. જમસેદજીની 'કલા શાળા' નો પણ પોતે પ્રમુખ હતો.

ભરતખંડના પ્રખ્યાત અને મહાન પુરૂષોનાં ચિત્ર અથવા છબિયોનો સંગ્રહ કરી પ્રસિદ્ધ કરવા સારૂ મિ૰ સોરાબજી જાહાંગીરજિયે ઉઠાવેલી મંડલીનો પણ પોતે પ્રમુખ હતો.

એ પ્રમાણે મુંબઈમાં આવ્યા પછી, જ્યાં ઉંચ વર્ગના યુરોપિયનો જીલ્લા

કરતાં વધારે હોય છે, ત્યાં પણ પ્રાર્બસ એક અગ્રેસર ગૃહસ્થ ગણાતો. શુભ કામોમાં સામીલ રહી શોભા લેવા આપવાનું તેને વિનવવામાં આવતું. તેનું મુખ્ય કારણ તેનો સર્વ અનુકૂલ, સભ્ય અને લાવણ્ય ભરેલો સ્વભાવ હતો.

કારણ અવસ્થામાં વિવેચન ન થઈ શકે, પણ પરિણામ પામી કાર્ય અવસ્થામાં આવેથી સમજાય, એવા થોડાક અપૂર્વ ગુણનો પ્રાર્બસમાં સંયોગ થયો હતો. આ જગતમાં તેજદ્વેષી લોકો બહુ હોય છે. જેનામાં પૂર્ણ સ્વબળ નથી, અને પોતામાં શક્તિ હોય તે કરતાં અધિક શક્તિવાનમાં ખપવા ઈચ્છે છે, એવા આ જગતમાં બહુ છે. તેઓ પોતાના કરતાં ઉંચ ગુણવાળા મનુષ્યો ઉપર દ્વેષ રાખેછે. તેઓથી સંગાતીનો ઉત્કર્ષ સહન થતો નથી; તેથી સદાગ્રહથી ગુણનુ આધીક્ય કરવાની સ્પર્ધા, (જે ખરો માર્ગ છે) તે માર્ગે ન ચડતાં, કુટીલ માર્ગે જાય છે. પેલા અધિક ગુણવાનના પ્રતાપની અને પોતાની વચ્ચે, જેમ સૂર્યનો પ્રતાપ જોવા વચ્ચે કંઈ કાળા કાચનુ અંતરપટ લઈએ છિયે તેમ, કંઈ દોષ આરોપણ કરી પોતે જુવેછે, અને બીજા તેજ રીતે જુવે એમ ઈચ્છે છે. આવું આ જગતમાં વારંવાર દીઠામાં આવેછે. પ્રાર્બસ પ્રતાપી પુરૂષ હતો. તેના ઉપર પણ કટુ દૃષ્ટિએ જોનારા સ્વાભાવિક હોયજ. પણ તેમ નોહોતું. એ બહુ આશ્ચર્યની વાત છે. જેમ ક્ષીતિજમાં પૃથ્વીની સપાટ ઉપર દેખાતા પ્રાતઃકાળના સૂર્યને સર્વ લોક સુખથી જોઈ શકેછે, તે વેળા મધ્યપટની અગત્ય રેહેતી નથી, તેમ જે પુરૂષ પ્રતાપિ (અર્થાત વિદ્વાન સત્તાવાન, પદવાન) છતાં નમ્રતા, મધુરતા, અને વિનય વિવેકમાં રહી ઉદ્ધત નથી થતા, તેમના ઉપર દ્વેષ બહુ ઉંચી દૃષ્ટિ કરી શકતો નથી. એ સત્ય છે. પોતાના સંગિયોમાંથી કેટલાકને પાછળ મુકી પ્રાર્બસ આગળ નીકલી આવ્યો હતો. અને જેતે કામમાં તે એક અગ્રેસર તરી આવતો, તોં પણ તેના ઉપર કોઈ અંગ્રેજો દ્વેષ રાખતા નહિ. પ્રાર્બસના સુખમાં સર્વે અંગ્રેજો ભાગ લેતા હોય એમ જણાતું. પ્રાર્બસનો ઉત્કર્ષ દેખી સર્વે પ્ર-

મગ્ન રહેતા. એથીજ સિદ્ધ થાય છે કે તેનામાં પૂર્વે કહ્યા પ્રમાણે કેટલાક મનોહર શુભ ગુણોનો સંગમ થયો હતો આપણા પંડિતો કહેછે કે.—

दानंप्रियवाक्सहितं ज्ञानमगर्वंक्षमान्वितंशौर्यं
वित्तंत्यागेनयुक्तं दुर्ल्लभमेतत्चतुष्टयंलोके.

દાન અને તે વળી હિત વચન સાથે, જ્ઞાન અને તે વળી અગર્વ એટલે વિનય સાથે, શૌર્ય અને તે વળી ક્ષમા સાથે, લક્ષ્મી અને તે વળી પુણ્યદાન સાથે, એ ચારે આ લોકમાં દુર્લભ છે.

કુલીન સ્ત્રીયોનું પરમ ભુષણ એવા મૃદુ (પ્રસન્નતા અને નમ્રતા આદિ) ગુણો, પ્રાર્બસની વિદ્યા અને સત્તા આદિસાથે, એવી સુંદર રીતે મળ્યા હતા કે બસ.

તે ધાર્મિક હતો. કોઈનું મન દુઃખાવવાને રાજી નોહોતો. સર્વનું કલ્યાણ ઈચ્છતો. સર્વના સુખમાં પોતે સુખ માનતો. જગતમાં તેનો કોઈ શત્રુ નહોતો એમ કહિયે તો તે કંઈ વિશેષ ના કેહેવાય.

પ્રાર્બસના ઉપર ઈશ્વરની કૃપા સારી હતી તેથી તે પૂર્ણ ભાગ્યશાલી હતો. તેનું આખું જીવતર ઉપકૃત થયેલાના આશીરવાદથી સુખમાં અને શાન્તિમાં વીતી ગયું છે. મહા વૃક્ષ વાવનારાઓને તેનાં ફળ ચાખવાનો સમય ભાગ્યેજ આવેછે. એવાં વૃક્ષને ફળતાં વિશેષ વાર લાગેછે; એટલામાં વાવનારના અસ્થિર દેહનો અંત આવીજાયછે. પોતાનાં વાવેલાં બીજોનાં વૃક્ષો થઈ તે ઉપર ફૂલ ફલ બેસતાં દેખી થતા ગુપ્ત સંતોષાનંદનો અલભ્ય લાભ સુકર્મિ પ્રાર્બસને મળ્યો હતો.

બહુ કરી સર્વ મનુષ્યો એકાન્તમાં હોયછે ત્યારે પોતાની સ્વાભાવિક સ્થિતિમાં હોયછે. કોઈ ઉપરીની દૃષ્ટિ તેના ઉપર પડેલીછે એવું તેના જાણ્યામાં હોયછે, ત્યારે તે વિશેષ કૃત્રિમ સ્થિતિમાં આવેછે. મનુષ્યોના કામને પણ એજ નિયમ લાગુ પડેછે. આ વાત પ્રાર્બસના જાણ્યામાં તેથી પોતે નાંખેલાં બીજ કેવી સમૃદ્ધિ પામ્યાં છે, તેને તેમની સ્વાભાવિક સ્થિતિમાં જોવાસારૂં, ગુજરાત ભણી પોતાના અવસાન કાળના થોડાજ

માસ પેહેલાં ફાર્બસ અગોચર (કોઈ જાણે નહિ એવી રીતે) આવ્યા હતા; અને પોતાની પ્રેમભરી દૃષ્ટિયે સર્વ યથાવિધિ નિરખી જોયું હતું. પોતાનાં વાવેલાં સૂક્ષ્મ કણોનાં ફાલીને સજ્જડ વૃક્ષ થયેલાં જોઈ ફાર્બસને જે સંતોષ થયો હશે તેનો અનુભવ તો વિરલ ભાગ્યશાલીનેજ હોય.* એ એક ઊંચ પ્રતિના સંતોષનું વર્ણન કરવું કઠિણ છે, તે માત્ર અનુભવિ શકાયછે. તેના અજાણો તે સમજી શકનાર પણ નહિ તેથી તેનું વર્ણન એક રીતે નિરર્થક કોઇ કેહે તોપણ ચાલે.

ફાર્બસનું છેલું પ્રસિદ્ધ લખાણ જગત વિખ્યાત સૌરાષ્ટ્રના સોમનાથ વિષેનુંછે. તે એશિયાટિક સોસાઈટીની મુંબઈની શાખામાં તા૰ ૧૪ એપ્રિલ સન ૧૮૬૪ માં વાંચવામાં આવ્યું હતું, અને તેથી તેજ સભાના પુસ્તકના ૨૩ મા અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યુંછે.

કૃષ્ણદાસ કૃત **રત્નમાળા** નામનો એક સુંદર વ્રજ ભાષાનો ગ્રંથછે. તેમાંનાં જેટલાં રત્ન હાથ આવ્યાંછે તેટલાંનું ઇંગ્રજી કવિતામાં ફાર્બસે ભાષાન્તર કર્યું છે. અને તે છપાઈને હવણાંજ બાહાર પડ્યું છે.

જેસભા "**ફાર્બસ**" નું પ્રતાપી નામ ધારણ કરેછે, જે સભાના સંબંધમાં આ ચરિત્ર પ્રસિદ્ધ થાયછે, અને જે સભાને ફાર્બસના મરણથી સર્વકરતાં વિશેષ હાની થઈ છે— કારણ મનના મનોરથ મનમાં રહ્યા એવું જે સભાને થયું છે—તે સભા સંબંધી થોડું જણાવી આ વિષય સમાપ્તિ પામશે.

મુંબઈમાં લક્ષ્મીની ભરતી આવી હતી, તે સમયે તેનો લાભ લઈ દેશહિતનાં કાર્ય કરવાને, ધનરૂપી જળ, સભા કે મંડલી રૂપી પાત્રોમાં ભરી લેવાનો વિચાર, કેટલાક ગૃહસ્થોના મનમાં આવ્યો હોય એવું થયું

---

* પૂર્વે ફાર્બસે સરસ્વતીને તરત બંધન મુક્ત કરી હતી, પણ તેને પોતાનું મંદીર ન હોવાથી તે તેવેળા ત્યાંથી બહુ દૂર ગઇ નોહોતી. પોતે છૂટી થઇ ભદ્રના બંધીખાનામાંજ રહી હતી. પરંતુ ફાર્બસ ફરીથી છેલો ત્યાં ગયો ત્યારે તેને પુષ્ટ થયેલી અને પોતાનુંજ એક સુંદર મંદીર (હીમાભાઈ ઇન્સ્ટિટ્યુટ) કરી મિ. કર્ટિસ જેવા પૂજારીના સાધનથી મહાલતી દીઠી. એવા અનેક સારા ફેરફાર ફાર્બસે પોતે નજરે જોયા હતા.

હતું. અને તેપ્રમાણે કેટલાક ગૃહસ્થોએ પરોક્ષ અપરોક્ષ કામ સાધી પ-ણ લીધાંછે; ઉદાર શ્રીમંતોને સૂચના કરીને અને કેટલાકોને પ્રેરીને લ-ક્ષાવધી ધન પરોપકારનાં કામોમાં કઢાવ્યાંછે. ધન્યછે ઉદાર શ્રીમંતો-ને અને ધન્યછે તેમના દૂરદર્શી પ્રેરકોને. ભરતીનો તો ઓટ થઈ ગયો, પણ પેલાં શુભ કામો સારૂ ભરી લીધેલાં પાત્રો હજી રહ્યાંછે. તે લખલ-ખિત આનંદદાયક પાત્રો અનેક પ્રકારના વિચાર ઉત્પન્ન કરેછે. તે વિ-ચારો અત્રે સ્ફુટ ન કરતાં અનુભવી વાંચનાર વિવેકીને માત્ર તેની સ્મૃતિ કરાવવી એટલું પૂર્ણ ધરાયછે. ઈશ્વરની લીલા અકળ અને અપર-મપારછે એ સત્યછે.

અખિલ જગતમાં સર્વોપરી સંસ્કૃત તેની પુત્રી ગુજરાતીભાષા, —જે વિચારની વાચક મુદ્રા, અથવા જ્ઞાનના ભંડારની મજ્જુસનો આપણા ગુજરાતી બાંધવોનો અર્થ સારશે, એવું ઉપયોગી સાધન—તે-ને સર્વ પ્રકારે પોષવી અને શૃંગારવી એવો સંકલ્પ ઉઠ્યાથી, તેમ કરવાનાં સાધનઉપર પ્રથમ આ લખનારનું લક્ષ ગયું. તેમ કરવામાં પ્રથમ એક મિત્ર (જે પોતાનું નામ પ્રસિદ્ધ કરવા ઈચ્છતો નથી) જે દેશિયોનો મિત્ર, ધાર્મિક અને જે અગોચર રીતે લોકનું યથાશક્તિ કલ્યાણ કરવા સદા તત્પર રેહેછે, તેમનું સંમત લીધામાં આવ્યું. તેણે એ શુભયોજ-નામાં ઊત્તેજન આપ્યું. સંકલ્પ સિદ્ધ થાય એવી આશા થવા માંડી. મહાવિદ્વાન, ઉદાર, પરોપકારી, દેશિયોના મિત્ર, અને સંક્ષેપમાં આપણે જેનું જીવનચરિત્ર વાંચિયે છિયે તેવા પ્રકારના પુરૂષોમાંનો એ-ક ડાક્ટર ઉલસન તેને એ વિચાર સંભળાવ્યો. તેણે પણ પો-તાની સમ્મતિ આપી. એ રીતે એ સંકલ્પ બલવાન થઈ સારૂ રૂપ ધા-રણ કરવા લાગ્યો. એવામાં ગુજરાત અને ગુજરાતી ભાષાસાથે સજ્જ-ડ થઈ ગયેલું ફાર્બસનું પ્રતાપી નામ સ્વાભાવિક રીતેજ, આલ-ખતાં આજ શોક મિશ્રિત આનંદ પામનારને, સ્ફુરી આવ્યું. તેણે ફાર્બસ સાહેબની ભેટ લઈ સર્વ યોજના નિવેદન કરી. તે વે-

ના અંતઃકરણમાં આનંદ પામી તદ્દર્શક પ્રસન્ન મુખે ફાર્બસે કહ્યું કે— "મારા મનમાં એ વિચાર નિરંતર રમ્યા કરતો હતો, પરંતુ મારી-પાસે સાધન ન હતાં તેથી સિદ્ધ કરી શક્યો નથી. હવે એ કામમાં * * * યથાશક્તિપ્રમાણે બહુ ખુશીથી સર્વ પ્રકારે હું સામીલ રહીશ. ઈ૦ઈ૦" પછી એ વિચાર સિદ્ધ કરવા ફાર્બસે પોતાનું બહુ ધ્યાન આપવા માંડ્યું. અત્રેના કેટલાક શ્રીમંત ગૃહસ્થોને કાને એ વિચાર મેં નાખ્યો, તેમણે નાણાંનો આશ્રય આપવા સ્વીકાર કર્યું. તે સમાચાર મિ૦ ફાર્બસને કહ્યા એટલે તેમને અધિક ઊત્સાહ થયો. ધારેલી સભાના ઉદ્દેશ શાશાછે તેવિષેનાં પ્રસિદ્ધીપત્ર છપાવી સર્વને જાણ કર્યું. સૌરાષ્ટ્રના રાજાઓ પાસે નાણાંનો આશ્રય લેવા ત્યાંના અધિકારિયો દ્વારાયે ફાર્બસે પ્રયત્ન કર્યો. રા૦ મુકુંદરાયે તે કામ ઉત્સાહથી માથે લીધું. ફાર્બસસાહેબનું નામ સૌરાષ્ટ્રદેશના રાજાઓને એટલું બધુ પ્રિય હતુંકે ફાર્બસ સારૂ જે કરે તે ઓછું, એવું તેઓ માનતાહતા. તેમણે ઉદાર મનથી ગુજરાતી સભાઅર્થે નાણાં ભર્યાં. એ સભાના ઉપયોગ સારૂ એક લાખ રૂપિયા, એકઠા કરવાનો વિચાર હતો. તેમાંથી રૂપિયા ૨૮૨૦૦* અઠાવીશ

* એરીતે ભરાયલાં નાણાંમાંથી જે આજ સુધીમાં વસુલ થયાં છે તેની વિગત.

૫૦૦૦ શ્રી જુનાગઢના નવાબ સાહેબ.
૫૦૦૦ શ્રી ભાવનગરના ઠાકુર સાહેબ.
૪૦૦૦ શ્રી નવાનગરના જામ સાહેબ.
૨૫૦૦ શ્રી ધરાંગધરાના રાજા સાહેબ.
૨૦૦૦ શ્રી પોરબંદરના રાણા સાહેબ રૂ. ૨૫૦૦ માંથી
૧૭૫૦ શ્રી ગોંડલના ઠાકુર સાહેબ.
૧૨૫૦ શ્રી વઢવાણના ઠાકુર સાહેબ.
૧૨૫૦ શ્રી લીંમડીના ઠાકુર સાહેબ.
૧૦૦૦ શ્રી મોરબીના ઠાકુર સાહેબ.
૧૦૦૦ શ્રી પાલીતાણાના ઠાકુર સાહેબ.
૩૦૦ શ્રી ચુડાના ઠાકુર સાહેબ.
૩૦૦ શ્રી સાયળાના ઠાકુર સાહેબ.
૩૦૦ શ્રી જસદણના ઠાકુર સાહેબ.

હજાર બસેં સૌરાષ્ટ્રમાં ભરાયા; અને માત્ર થોડાકજ દિવસમાં મુંબઈના શ્રીમંતરાજેએ ૩૦૩૭૫૦૦ ભરચા. બીજા ગૃહસ્થો એ વાત જાણતા ગયા તેમ તેમણે પણ સારો આશ્રય આપવાનો વિશ્વાસ આપ્યો, તેઉપરથી ધારચા કરતાં અધિક નાણાંનો આશ્રય મળશે એવું એક સમયે ભાસ્યું હતું.

પ્રાર્બસને બંગલે પ્રથમ થોડા ગૃહસ્થો મળ્યા. અને પછી તા૦ ૨૫ મી માર્ચ સન ૧૮૬૫ ને દિને પ્રસિદ્ધ ગૃહસ્થોને આમંત્રણ કરી એક સભા મુંબઈના પુરાલયમાં મેળવી. સર્વેના એક મતથી " **ગુજરાતી સભા** " સ્થપાઈ. તેમાં મિ૦ **પ્રાર્બસ** પ્રમુખ, બીજા સંભાવિત પુરૂષોની એક અધિકારી મંડળી, અને આ લખનાર મંત્રી, એ રીતે નિયમાયા; અને હર્ષભરી સભા વિસર્જન થઈ. તે સમયે સર્વેએ એવી પ્રીતિ દેખાડી કે એ શુભ કાંમ યથાર્થ સિદ્ધિ પામશે એવું કોઈને પણ લાગ્યા વિના રેહે નહિ.

પરંતુ મનુષ્યનું ધારચું શું થાય છે! ઈશ્વરની અકલિત માયા કોનાથી કળાઈ છે! ઉપરનો વિચાર કરીને ઉઠચા તેજવેળા મુંબઈને માથે એક સંકટ ચક્ર અદૃશ્ય ભમતું હતું. તેની કોઈને ગમ નોહોતી. એવી સંધીમાં વળી **પ્રાર્બસ**ની પ્રકૃતિ બગડી તેથી તેમને મુંબઈ છોડવી પડી. મંત્રીને પણ કંઈ અગત્યના કામ સારૂં સ્વગામ જવું પડ્યું. એથી તરત કામ અગાડી ચાલી શક્યું નહિ. કેટલેક માસે મુંબઈમાં પાછું આવવું થયું ત્યારે મુંબઈની દશા વિપરીત દીઠી. અદૃષ્ટ દેવિયે શોકનો પડદો

---

૨૦૦ શ્રી બજાણાના ઠાકુર સાહેબ.
૨૦૦ શ્રી માલિયાના ઠાકુર સાહેબ.
૧૦૦ શ્રી કોટડાના ઠાકુર સાહેબ.
૧૦૦ શ્રી વીરપોરના ઠાકુર સાહેબ.

એરીતે કાઠિયાવાડનાં અને બીજાં જુજ મુંબઈનાં નાણાં વસુલ થયાં છે તે અત્રેની મુંબાઈ બેંકમાં વાજે રાખવામાં આવ્યાં છે.

એકદમ નાંખેલો દેખાયો. જે જે ગૃહસ્થોને થોડાકજ માસ ઉપર સુખ-માં દીઠેલા, તેતે ગૃહસ્થોને સંકટમાં મુઝાતા દીઠા. અનુભવિ પંડિતો કહી ગયાછે કે " धर्मस्य त्वरितागतिः " તેને અનુસરી જે ગૃહસ્થોએ નાણાં ભ-સ્યાં હતાં તેમને તત્કાલ સૂચવવામાં આવ્યું; પણ તેઓને પોતાની પીડા-ની વેદના એટલી બધી વધી ગઈ હતી કે, તે બીજા કશા ઉપર લક્ષ રા-ખી શકતા નોહોતા. તેનું પરિણામ એ થયું કે નાણાં વસુલ થઈ શક્યાં નહિ.

આ પરિણામથી સભાને કંઈ ભારે હાની થઈ એવું મને લાગતું નહિ. કારણ એ સાધનને તો પાતાળમાંથી પકડી લાવે એવા ગૃહસ્થો એ સભા-માં સામીલ હતા. પરંતુ એક અસાધ્ય હાની એ સભાને તેજ સમયે થઈ.

બહુ વિચારો કરવાથી મસ્તકમાં રોગ ઉત્પન્ન થયો તેથી, થોડાદિવસ તેની પીડા ભોગવી તા૦ ૩૧ મી આગસ્ટ સન ૧૮૬૫ ને દિને ફ્રાર્બસનો દેહ પુનામાં ધી. આનરેબલ. એલિસના બંગલામાં પડ્યો, અને તે સ-દ્ગતિ પામ્યો. ફ્રાર્બસના મરણથી સભાને એવોતો દુઃસહ ધક્કો લા-ગ્યો કે તેની મૂર્છા વળવી દુર્લભ થઈ પડી.

તેને એ સભા કેવી પ્રિય હતી અને તેના ઉપર તેની અંતઃકરણથી મમતા કેવી હતી તેની સાક્ષી પૂરવા નીચેનું ફ્રાર્બસનું માત્ર એક વચન અનેકનો અર્થ સારે એવું છે. અંતકાળ વેળા જે જે કામોસાથે ફ્રાર્બ-સને સંબંધ હતો, તે તે કામો એમના મિત્રોએ સંભાળી લીધાં, ત્યારે "ગુ-જરાતી સભાનું " કામ પણ સંભાળી લેવા એમના મિત્રો એ કહ્યું તે સ-મયે ફ્રાર્બસે ઉત્તરઆપ્યો કે—" **સર્વ કામ તમને સોંપીશ, પણમારી ગુજરાતી સભાનું કામ તો અંત સુધી કોઈને સોંપવા હું રાજીનથી** " આ વાક્ય કેવા હૃદયમાંથી નીકળ્યું હશે તે દર્શાવવા તેમાંના પ્રત્યેક અ-ક્ષરો એવાતો સમર્થ છે કે બીજાને એક માત્રાવા પણ કહી પુષ્ટિ કરવાની અગત્ય નથી.

એ પ્રમાણે ફ્રાર્બસના મરણથી ગુજરાતી સભાનેજ એકલીને અસા-

ધ્ય હાની થઈ એવું નથી. જેની જેની સાથે તેનો સંબંધ હતો તેને તેને એના મરણથી હાની અને શોક થયો છે. અને ક૦ દલપતરામ કેહેછે તેમ, "ફીરતી કોટ કિલ્લાક જવાથકી આખી થઈ ગુજરાત ઉદાસી." કાઠિયાવાડમાંથી રા૦ મુકુંદરાય લખેછે કે "ફાર્બસનું મરણ જાણી અત્રેના ઘણા રાજા રજવાડામાં પોતાના કુટુંબનું એક ઉપયોગી મનુષ્ય ગયાથી જેટલો શોક થાય એટલો થયો છે." ગુજરાતમાં તેને વધારે સહવાસ હતો એટલે ત્યાંના લોકોને શોક થાય એમાં તો નવાઈજ શી. (જે બહુ વર્ષ ફાર્બસ સાથે રહ્યા અને જેમનાથી ફાર્બસના ઘણા સમાચાર આપણને મળ્યા છે તે) ક૦ દલપતરામે "ફાર્બસ વિરહ" નામનું એક પુસ્તક લખ્યું છે તે સર્વને વાંચવાની આ પ્રસંગે ભલામણ કરિયે છિયે. એ પુસ્તકમાંની કવિતા પ્રાસંગિક અને સ્વાભાવિક છે. ફાર્બસ, દલપતરામનો ભોજ હતો. દલપતરામનું કવિત્વ ફાર્બસથી ખરૂં પ્રકટ થયું અને તે ફાર્બસ સંબંધી લખતાં શક્ત્યનુસાર પૂર્ણ દશા પામ્યું છે. ફાર્બસના વિયોગથી ક. દલપતરામને અનેક પ્રકારની હાની થઈછે, તેથી તેનું હૃદય પોચું થઈ નિર્મળ સ્નેહ બતાવેછે. તે કેહેછે કે.—

ઇંદ્રવિજય.

ગામ, ગરાસ, ધરા, ધન, ધામની ખોટનું દુઃખ ખરૂં પણ ખોટું;
સંતતિહીન, કુટુંબ કુસંપનું, છાતિ તણું દુઃખ, તે પણ છોટું;
ક્રોડ રીપુ તણું કોણ ગણે કદિ ચોગણું આવી ચડી દુઃખ ચોટ્યું:
મેં મનમાં અનુમાન(! અનુભવ!) કર્યું, દુઃખ મિત્ર વિયોગનુંસર્વથીમ્હોટું.

'ગુજરાતી સભાએ' ફાર્બસનો શોક એવી રીતે બતાવ્યો કે તેનું નામજ તેણે પોતાનામાં કોતરાવ્યું; અર્થાત "ફાર્બસ" ગુજરાતી સભા એવું નામ ધારણ કર્યું. એશિયાટિક સોસાઈટીની શાખાએ પણ પોતાના પત્રકમાં ફાર્બસ શોકદર્શક લેખ લખ્યોછે. સુરતના લોકોએ ફાર્બસનું સ્મરણ રાખવા સારૂ થોડું નાણું એકઠું કર્યુંછે, અને પ્રતિવર્ષે તેમાંથી તેને પ્રિય એવી જે ગુજરાતી ભાષા, તેને પુષ્ટિ મળે એવી યોજનાઓ કરેછે.

મુંબઈમાં યુરોપિયનો અને દેશિયોએ એકઠા મળી બીજે માર્ગે ફાર્બસનું સ્મરણ રેહે એવું કરવા થોડું ભંડોલ એકઠું કર્યું છે. તેમાંથી રૂ ૫૦૦૦) આ પ્રાન્તની સર્વત્રશાળા અથવા સર્વવિદ્યોત્તેજકમંડલીને સ્વાધીન કર્યાછે. તેમાંથી ન્યાયશાસ્ત્રમાં પ્રવીણ નીકળે એવા વિદ્યાર્થીને એક ફાર્બસના નામની મુદ્રા (ચાંદ)આપવી એવો નિશ્ચય થયોછે.પોતાના જીવતર માંજ સારાં બીજ વાવવામાંએવું એક સાધન ફાર્બસ થયોછેકે તેનાં વૃક્ષ દિનપરદિન વૃદ્ધિ પામતાં જશે, તેમ તેમ તેનું અધિક અધિક સ્મરણ કરાવતાં જશે, એટલે તેના મરણ પછી સ્મરણ કરાવવા બીજા કોઈની સહાયતાની ઝાઝી અગત્ય રહી નથી. તેમાં વળી ક. દલપતરામ તો કેહેછે કે

કવિત.

માળ્યાં હશે બીજાઓને મોટાં મોટાં માનપત્ર,
ચીંથરાં થઈ જશે તે ચુંથાઈ ચુંથાઇને;
બનાવી બનાવીને બેસાર્યાં હશે બાવલાં તે,
પાવલાંની કીમતે કદિ જશે વેચાઈને;
મસીદો મીનારા કે કરાવેલા કીરતી થંભ,
ઘણે દાડે તેતો જશે સમૂલા ઘસાઇને;
કવિતાથી ઠામ ઠામ કહે દલપતરામ,
ફારબસ તણા જસ રેહેશે ફેલાઇને.

ફાર્બસનો સ્વભાવ મહાન અને માયાળુ હતો તેતો આપણે જોઈ લીધુંછે. તે એક ખરો ગૃહસ્થ હતો. દેશી પરદેશીમાં કંઈ અંતર ગણતો નહિ. સર્વ સાથે યોગ્ય સન્માનથી વર્ત્તતો. તેના અંતઃકરણ જેવું તેનું મુખ પણ સદા મધુર શરમાળ અને પ્રસન્ન રેહેતું. પ્રારંભમાં તેની છબી મૂકી છે એટલે તેના અંગનું વર્ણન કરવાની અગત્ય નથી.

મિ૦ફાર્બસને ચાર પુત્ર અને બે પુત્રિયો છે. તેમાંથી સર્વથી વડા પુત્રનું વય ૨૧ વર્ષનું છે. તેનું નામ જાન. ફ્રેજર. ફાર્બસ. તે વિલાયતમાં છે. બીજો ૧૮ વર્ષનો હેન્રી. ડેવિડ. અર્સ્કીન ફાર્બસ સિંધમાં સરતે

ખાતામાં હવણાજ નોકર થયો છે. ફાર્બસની વિધવા અને બીજુ કુટું-બ વિલાયતમાં છે. ફાર્બસ સાહેબ સંતોષી હતો. મુંબઈમાં ખરા સટ્ટાના સમયમાં ઘણા અંગ્રેજોએ હસ્તે પરહસ્તે સટ્ટામાં ભાગ લીધો હતો, પણ ફાર્બસસાહેબે તેનું નામ પણ નોહોતું દીધું. પરંતુ કુસંગાસંગ દોષ જે-વી એક મહા ખેદકારક વાત બની છે. પોતાના સર્વ ધનના ફાર્બસે મું-બઈબેંકના શેર લઈ રાખ્યા હતા. તેથી તેનો કાળ થયા પછી તેના કુટું-બને 'સોનાનો સર્પ થઈ જાય તેમ' ધન સંબંધી હાની પણ ભારે થઈ છે.

મનુષ્ય પ્રાણી સંપૂર્ણ નથી. ઉપરના જીવન ચરિત્રમાં કંઈ દોષ દે-ખાતો નથી, એટલુંજ નહિ પણ કોઈ કોઈ પ્રસંગે, જ્યાં જ્યાં સદ્ગુણ દેખે ત્યાંત્યાં મોહ પામી વશ થઈ જનાર મનથી, અધિક પ્રશંસા પણ થઈ હ-શે;તેવિષે પાછાં તટસ્થ થઈ વિચાર કરતાં આ લખનાર છેક અભાન છે એમ નથી. તો પણ, મારા જાણ્યામાં ફાર્બસના દોષ આવ્યા નથી; એ-ટલે, કોઈના ધાસ્યામાં આવે એવી, સારા ગુણના પ્રકાશથી જંખાઈ જવાની નબળાઈ પોતે સ્વીકાર કરવી એ મને સુતર લાગ્યું છે. વળી સ્વાર્થ અને કામના વિના કલ્યાણ કરનારા મહાન્ જનો આપણા દેશ ઉ-પર ઉપકાર કરે, તેની તુલના અને મૂલ હોય તેથી અધિક ગણવું એ આ-પણ કૃતજ્ઞી લોકનો ધર્મ છે.

શિખરિણી.

ભરેલા સદ્ગુણો કશુ ચિત અભિમાન ન વશ્યું,
મને જેને તો લોકહિત કરતાં પ્રીય ન કશ્યું.
પ્રજા રાજા વચ્ચે પ્રીતિ સબલ સુબંધન બને,
વદો આશી સૌ, ફાર્બસ વતધિકારી પુરૂષને.

મનસુખરામ સૂર્યરામ.
ફાર્બસ ગુજરાતી સભાનો મંત્રી.

REPORT

OF

THE FORBES GUJARATI SABHA

FROM 1870 TO 31st JUNE 1903.

The objects of the Forbes Gujarati Sabha could not be carried into execution for want of sufficient funds. Meetings were called several times but quorum was not formed. Minor businesses of the Society therefore had to be transacted by notices circulated among the members.

After the first President the Honourable Mr. Justice Forbes' demise, the Honourable Mr. Justice Newton, the Hon. Mr. Justice Warden (Judges of H. M.'s High Court, Bombay), The Honourable Mr. J. Gibbs (Member of H. E. the Governor's Council, Bombay, and that of H. E. the Viceroy), and the Honourable Mr. H. M. Birdwood (Member of H. E. the Governor's Council, Bombay); were successively Presidents of the Sabha.

After the retirement of the Honourable Mr. H. M. Birdwood, the Honourable Mr. E. M. H. Fulton kindly accepted the Presidentship of the Sabha. By his advice a Trust Deed and Scheme of Management were prepared, and a meeting of the members of the Forbes Gujarati Sabha was convened at the Durbar Room of the Town Hall at 5 P.M. on 1st July 1903.

The following members were present:—

The Hon. Mr. E. M. H. Fulton. I. C. S.
Mr. Manassukharáma. S. Tripàthi.
Mr. Lalubhai Sàmaldas.
Mr. Bhaishankar Nanabhai.
Mr. Tanasukharama M. Tripàthi.
The Rev. Mr. Dhanjibhai Navroji.
Mr. Premchand Roychand.
Mr. Karsandas Madhavdas.

(BY PROXIES.)

Sir T. C. Hope, K. C. S. I.; C. I. E. H. H. the Thakore Saheb of Limdi. H. H. the Thakore Saheb of Morvi.	The Hon. Mr. E. M. H. Fulton.
H. H. the Navab Saheb of Junagadh H. H. the Thakore Saheb of Bhavanagar Mr. Ranachhodabhai Udayaram. Mr. Jaysinhabhai Hathisinha. H. H. the Jam Saheb of Navanagar.	Mr. Manassukharáma S. Tripáthi.
H. H. the Thakore Saheb of Gondal. H. H. the Thakore Saheb of Palitana.	Mr. Lalubhai Samaldas.
The Thakore Saheb of Jasdan.......	Mr. Premchand Roychand.

The following Resolutions were then passed unanimously, after taking into careful consideration some suggestions made by Sir T. C. Hope. K.C.S.I.; C.I.E.

1. Proposed by Mr. Bhaishankar Nanabhai and seconded by Mr. Manassukharáma S. Tripáthi that the Honourable Mr. E. M. H. Fulton do take the chair.

2. Proposed by Mr. Bhaishankar Nanabhai and seconded by Mr. Lalubhai Samaldas that the appointment of a committee of Management consisting of the Honourable Mr. E. M. H. Fulton (as its President), Manassukharáma Suryaráma Tripáthi (as its Secretary),

Lalubhai Samaldas, Veerchand Deepchand, Bhaishankar Nanabhai and Tanasukharama Manassukharama Tripáthi (as its treasurer) be and the same is hereby confirmed.

3. Proposed by Mr. Premchand Roychand and seconded by the Rev. Mr. Dhanjibhai Navroji that the Honourable Mr. E. M. H. Fulton, Manassukharáma Suryaráma Tripáthi and Lalubhai Samaldas be appointed trustees of the fund of the Forbes Gujarati Sabha.

4. Proposed by Mr. Bhaishankar Nanabhai and seconded by Mr. Karsandas Madhavdas that the draft of the Trust Deed and Scheme of Management of the Forbes Gujarati Sabha prepared by Messrs. Bhaishankar, Kanga & Girdharlal, Solicitors, and settled by the Honourable the Advocate General now laid before the meeting and initialled by the President with the alterations made therein this day, be and the same are hereby approved and sanctioned.

[The question of building a house or acquiring a portion of a building for the Sabha was discussed and the following extract from the minute of the Honourable Mr. Justice Newton, the then President was read.

"The valuable manuscripts purchased by the Society from the library of the late Mr. Forbes are now safely deposited in one of the rooms of the Bombay Branch of the Royal Asiatic Society. I applied to the Society for permission to locate them there and this having been most courteously granted a press has been purchased for their safe custody into which they have now been transferred by the Secretary."]

5. Proposed by Mr. Bhaiahankar Nanabhai and seconded by Mr. Premchand Roychand that the President of the Sabha be and he is hereby authorised to reply to the enquiry made by the Bank of Bombay that the Sabha has appointed the Honourable Mr. E. M. H. Fulton, Mr. M. S. Tripáthi, and Mr. Lalubhai Samaldas Trustees of the Funds of the Sabha and to request the Secretary and Treasurer of the Bank of Bombay to transfer the Government Securities of the said Sabha deposited with the said Bank in the names of the said Trustees–the Honourable Mr. E. M. H. Fulton, Manassukharáma. Suryaráma Tripáthi and Lalubhai Samaldas or the survivors or survivor of them.

6. Proposed by Mr. Lalubhai Samaldas and seconded by Mr. Tanasukharama M. Tripáthi that the said Trust Deed and Scheme be engrossed, stamped and executed and deposited with the Bank of Bombāy for safe custody.

7. Proposed by Mr. Tanasukharama M. Tripáthi and carried by acclamation that this meeting hereby tenders its cordial and grateful thanks to the President and Chairman the Honourable Mr. E. M. H. Fulton for his presence from Poona and the great interest he has taken in the affairs of the Sabha.

8. Proposed by Mr. Tanasukharáma M. Tripáthi that a vote of thanks be passed to the authorities for kindly lending the use of the Darbar Room of the Town Hall for the meeting of the Sabhá.

In concluding the proceedings the President read the following extract from the minute of the Honourable Mr. Justice Newton dated 16th April 1869.

"In placing again in the hands of the Committee the office to which on the death of my lamented friend Mr. Forbes they elected me, I beg to offer them an expression of my appreciation of the honour done me, and my sincere acknowledgements of the courtesy and consideration shown me. To our excellent Secretary Mr. Mansukharám Surajrám my thanks are especially due for the zeal and ability with which the duties of his office are conducted and for valuable assistance at all times cheerfully rendered to myself as President. In addition to his proper duties he has enhanced the value of our translation of the Rás Málá by prefixing it with an interesting Memoir of the author."—and thanked Mr. Manassukharáma for the care with which both the funds and the records of the Sabha had been guarded during the last 35 years.

The Balance-sheet upto date as per Appendix **D** was presented at the meeting.

N. B.—Since the meeting of the Forbes Gujarati Sabha on the 1st July 1903, the Bank of Bombay has realized Rs. 4,733-2-0, being the accrued interest on the Government Papers for Rs. 69600-0-0; and Government Papers for Rs. 7,100 have been purchased out of the balance with the Bank of Bombay and added to the original fund which thus amounts to Rs. 76,700-0-0.—*1st September 1903.*

THE TRUST DEED

OF

THE FORBES GUJARATI SABHA.

THIS INDENTURE made this day of 1903 Between the Honourable Mr. E. M. H. Fulton I.C.S. member of the Executive Council of the Governor of Bombay, Manassukharama Suryarama Tripathi, Lalubhai Samaldas, Veerchand Deepchand, Bhaishankar Nanabhai and Tanasukharama Manassukharama Tripathi, members of the Committee of Management of the Forbes Gujarati Sabha hereinafter referred to as the Committee of Management of the first part; His Highness the Nawab Saheb of Junagadh, His Highness the Thakore Saheb of Bhavnagar, His Highness the Jam Saheb of Navanagar, His Highness the Rana Saheb of Porbunder, His Highness the Raja Saheb of Dhrangadra, His Highness the Thakore Saheb of Gondal, the Thakore Saheb of Wadhwan, the Thakore Saheb of Limdi, His Highness the Thakore Saheb of Morvi and the Thakore Saheb of Palitana, the respective representatives of the givers of donation of not less than Rs. 1000 being Rulers of Native States hereinafter more particularly referred to of the second part; and the said The Honourable Mr. E. M. H. Fulton, Manassukharama Suryarama Tripathi and Lalubhai Samaldas trustees of the fund of the said Forbes Gujarati Sabha hereinafter referred to as the said Trustees of the third part. WHEREAS in or about the year 1864 a prospectus was issued under the signature of the late Honourable Mr. A. Kinloch Forbes as provisional president for

the purpose of establishing a Society to be called the Gujarati Sabha setting out the necessity for and the objects of establishing such society and incorporating in such prospectus the opinions of the said Honourable Mr. A. K. Forbes, the Rev. John Wilson, Sis Alexander Grant, H. E. Sir Bartle Frere the then Governor of Bombay and Dr. Martin Haugh as to the desirability of establishing such a Society and inviting liberal subscriptions towards its establishment from the sympathisers with the aforementioned movement AND WHEREAS on the 25th day of March 1865 a meeting was called at the Town Hall at which it was unanimously resolved to establish a society to be called the Gujarati Sabha and certain rules and regulations were made the first rule whereof when translated into English is to the effect following:—

"That all subscribers of Rs. 20 or upwards, all donors of Rs. 100 or upwards, and and all life members of the Gujarat Vernacular Society, be members of the Society, and that all members of the Society be elegible for election as members of the Committee of Management" AND WHEREAS in response to the invitation contained in the said prospectus the gentlemen and princes mentioned in the list hereto annexed and marked A subscribed and paid the several amounts set against their respective names in the said list AND WHEREAS at a meeting of the said Gujarati Sabha held in the Town Hall on the 9th day of October 1865 after putting on its record the expression of its sorrow at the death of the said Honourable Mr. A. Kinloch Forbes and after appointing the Honourable Mr. Justice Newton as president of the said Sabha in succession to

the said Honourable Mr. A. Kinloch Forbes it was unanimously resolved that in view of the services rendered and the great interest taken by the said Honourable Mr. A. Kinloch Forbes in the promotion of the Gujarati Sabha the said Gujarati Sabha should thenceforth be called the Forbes Gujarati Sabha AND WHEREAS the hereinbefore recited rule No. 1 adopted at the meeting of the Gujarati Sabha held as aforesaid on the 25th day of March 1865 was neither put in force nor communicated to the Gujarat Vernacular Society the life members whereof were according to the said rule No. 1 to be considered as members of the said Gujarati Sabha and eligible for becoming members of the Managing Committee thereof AND WHEREAS the fund started in aid of the said Forbes Gujarati Sabha so far as the subscriptions and donations were paid in that behalf were after deducting certain expenditure for the purposes of the fund from time to time invested in Government paper and deposited with the Bank of Bombay and which with accrued interest now amounts to Rs. 69600 in Government papers and Rs. 3264-12-10 in cash AND WHEREAS at the time the Honourable Mr. Fulton was asked to act as President of the said Forbes Gujarati Sabha as is hereinafter mentioned the said Forbes Gujarati Sabha really consisted of six members only namely the Rev. Mr. Dhanjibhai Navroji and Mr. Karsandas Madhavdas, Mr. Premchand Roychand, Mr. Manassukharama Suryarama, Mr. Ranchhodabhai Udayaram and Mr. Veerchand Deepchand of whom only one viz. Manassukharama Suryarama was the qualified member and the appointment of the Honourable Mr. Fulton as Pre-

sident was therefore made after taking the consent of the representatives of the Native States who had subscribed to the said fund by issue of circular letter. AND WHEREAS doubts having been expressed and entertained as to the powers of the president and Honorary Secretary of the said Forbes Gujarati Sabha to deal with the said fund the matter was referred to Messrs. Bhaishankar and Kanga Solicitors, High Court, for their advice AND WHEREAS in pursuance of the advice given by the said Messrs. Bhaishankar and Kanga, it was decided to ask those members of the said first Managing Committee of the said Sabha who are now living to pay their subscriptions and continue to be members of the said Gujarati Sabha and also to ask the Honourable Mr. Fulton and Mr. Bhaishankar Nanabhai and Mr. Lalubhai Samaldas and Mr. Tanasukharama Manassukharama to join the Committee of Management AND WHEREAS on such request being made the said The Honourable Mr. Fulton, Bhaishankar Nanabhai, Veerchand Deepchand, Premchand Roychand, Tanasukharama Manassukharama, Lalubhai Samaldas and Ranachhodabhai Udayaram paid the requisite subscription and became members of the said Sabha and the Honourable Mr. Fulton and Bhaishankar Nanabhai and Tanasukharama Manassukharama and Lalubhai Samaldas became new members thereof AND WHEREAS in pursuance of the advice of Messrs. Bhaishankar and Kanga it has been decided to execute a regular Deed of Settlement and to frame a scheme for the management of the said Forbes Gujarati Sabha AND WHEREAS the said Committee of Management of the said Forbes Gujarati

Sabha having been advised to join the representatives of the original donors and subscribers to the fund of the said Gujarati Sabha who had paid their donations and subscriptions in these presents the said Committee of Management have invited the said representatives to join in these presents and to give their consent to settle the said fund upon the trusts hereinafter contained concerning the same and to have the same administered under a scheme prepared by the said Committee of Management AND WHEREAS the said Committee of Management having under legal advice caused this Trust Deed and a Scheme of Management to be prepared the same were sanctioned at a meeting of the said Committee held on Wednesday the 1st day of July 1903 AND WHEREAS notices of a meeting of the members of the said Sabha to be held on the 1st day of July 1903 were issued to all members of the said Sabha and to all life members of the Gujarat Vernacular Society who were such life members at the date of the said rule passed on the 25 day of March 1865 AND WHEREAS such meeting was duly held AND WHEREAS at such meeting the appointment of the said President and Committee of Management was confirmed AND WHEREAS the said President and Committee of Management being authorised so to do at the said meeting have accepted the said trust deed and scheme and given their consent thereto as is testified by their having joined in and subscribed to these presents AND WHEREAS the said Committee of Management have requested the said Honourable Mr. E. M. H. Fulton, Manassukharama Suryaraam

Tripathi and Lalubhai Samaldas to act as the first trustees of the said fund which they have agreed to do AND WHEREAS the whole of the fund of the said Forbes Gujarati Sabha has already been transferred to the names of the said the Honourable Mr. E. M. H. Fulton, Manassukharama Suryarama Tripathi and Lalubhai Samaldas as such trustees as aforesaid AND WHEREAS it has been agreed by and between the parties hereto that the said parties shall stand possessed of the said trust funds upon the trusts hereinafter declared of and concerning the same. NOW THIS INDENTURE WITNESSETH that in consideration of the premises and in pursuance of the said agreement it is hereby agreed and declared that the said trustees and the survivors or survivor of them and the executors and administrators of such survivor shall stand possessed of the said trust funds securities and moneys specified in the Schedule B hereto and all accretions thereof upon the trusts and for the purposes specified in the Scheme of Management hereto annexed and marked **C** and shall apply the net income of the said fund securities and moneys in manner more particularly specified in the said Scheme of Management AND IT IS HEREBY AGREED AND DECLARED by and between the parties hereto that the said Scheme of Management shall be deemed and considered to be an integral part and parcel of these presents AND IT IS HEREBY DECLARED that the said trustees or trustee for the time being shall always keep the principal fund of the said Forbes Gujarati Sabha either in Government Securities or in such other stocks or securities guarante-

e

ed by Government deposited in the Bank of Bombay and that nothing herein contained shall authorise or shall be deemed to authorise the trustees or trustee to withdraw the said principal fund from the said Bank of Bombay except for the purposes in the said Scheme of Management provided AND THIS INDENTURE FURTHER WITNESSETH that the parties hereto of the 3rd part do and each of them doth hereby respectively testify and declare their acceptance of the trusteeship by their executing these presents AND THIS INDENTURE FURTHER WITNESSETH that the said several persons being parties hereto of the 1st part do and each of them doth hereby covenant for themselves and himself that they will manage the affairs of the said Forbes Gujarati Sabha according to the provisions contained in the said scheme PROVIDED ALWAYS AND IT IS HEREBY AGREED AND DECLARED that if any of the said trustees shall die or refuse or become unfit or incapable to act or desire to go abroad of the existence of which circumstances the members of the Managing Committee shall be the sole Judges, then and in any such case it shall be lawful for the members of the said Committee of Management for the time being to appoint a new trustee or trustees in the place of such trustee or trustees so dying or refusing or becoming unfit or incapable to act or desiring to go abroad as aforesaid if in the meantime the trustees or trustee so refusing to act or desiring to go abroad shall not have appointed a substitute or substitutes in place and stead of themselves or himself with the consent and approval in writing of the continuing trustees or trustee provided always that the number

of trustees after such appointment shall never be less than three and upon every such appointment the said trust fund shall be so transferred that the same may become vested in the new trustee or trustees jointly with the remaining or continuing trustee or trustees and such other trustee or trustees shall have all the powers and authorities of the trustees or trustee in whose place they or he shall be substituted PROVIDED ALWAYS and it is hereby agreed and declared that the trustees for the time being of these presents shall be respectively chargeable only for such moneys funds and securities as they shall respectively actually receive notwithstanding their respectively signing any receipt for the sake of conformity and shall be answerable and accountable only for their own acts receipts neglects or defaults and not for those of each other nor for any banker broker auctioneer or other perso with whom or into whose hands any trust moneys or securities may be deposited or come nor for the insufficiency or deficiency of such fund securities or moneys nor for any other loss unless the same shall happen through their or his own wilful default respectively and also that the said trustees or trustee for the time being may reimburse themselves and himself or pay and discharge out of the trust premises all expenses incurred in or about the execution of the trust or powers of these presents IN WITNESS WHEREOF THE SAID SEVERAL PARTIES hereto have set and subscribed their respective hands and seals the day and year first above written.

SIGNED SEALED and DELIVERED by
the withinnamed

A

LIST OF DONATIONS RECEIVED.

	Rs.
His Highness the Nawab Saheb of Junagadh......	5000
„ the Thakore Saheb of Bhavnagar...	5000
„ the Jam Saheb of Navanagar.........	4000
„ The Raja Saheb of Dhrangadra ...	2500
„ The Rana Saheb of Porebunder......	2000
„ The Thakor Saheb of Gondal.........	1750
„ „ Wadhwan.....	1250
„ „ Limdi	1250
„ „ „ Morvi...........	1000
„ „ Palitana.......	1000
Sheth Goculdass Tejpal Esqr.	500
The Thakore Saheb of Chuda	300
„ „ Sayala	300
„ „ Jasden	300
„ „ Bajana	200
„ „ Maliya	200
„ „ Kothad Sanganee	100
„ „ Virpur	100
Rs.	26750

(RECEIVED AFTER 1865.)

The Thakore Saheb of Lakhtar........................	300
„ „ Lathi	200
„ „ Vala	150
Rs.	27400

Schedule **B** *referred to in the foregoing Deed.*

3½ G. P. Note.	Number.	Year.	The face value in Rupees.
	B001535	1842-43	500
	068838	Do.	500
	14132 Bom.	Do.	500
	5677	Do.	500
	5678	Do.	500
	5679	Do.	500
	5680 Bom.	Do.	500
	13669	Do.	1000
	13670	Do.	1000
	B005593	Do.	1000
	B000912	Do.	1000
	B000913	Do.	1000
	B000914	Do.	1000
	060383	Do.	2500
	3405 Bom.	1854-55	1000
	B003186	Do.	1000
	B000831	Do.	2000
	B001473	Do.	2000
	B023193	1865	100
	068397	Do.	500
	B002707	Do.	500
	B017296	Do.	500
	B009125	Do.	500
	B018050	Do.	500
	B021326	Do.	500
	15465 Bom.	Do.	500
	10444 Bom.	Do.	500
	B001946	Do.	500
	B001947	Do.	500
	B001948	Do.	500
	135508	Do.	500
	062580	Do.	1000
	062581	Do.	1000
	122642	Do.	1000
	122643	Do.	1000
	068403	Do.	1000
	B005415	Do.	1000
	B002741	Do.	1000
	B003480	Do.	1000

3½ G. P. Note.	Number.	Year.	The face value in Rupees.
	B002067	1865	1000
	B002068	Do.	1000
	B002069	Do.	1000
	17787 Bom.	Do.	1000
	17788 Bom.	Do.	1000
	17789 Bom.	Do.	1000
	116715	Do.	1000
	116716	Do.	1000
	116717	Do.	1000
	122644	Do.	2000
	B002082	Do.	2000
	B002081	Do.	2000
	B019768	Do.	2000
	B002787	Do.	5000
	B002788	Do.	5000
	B002789	Do.	5000
	B003643	1879	500
	011367	Do.	500
	B002471	Do.	500
	4876 Bom.	Do.	1000
	4877 Bom.	Do.	1000
	4878 Bom.	Do.	1000
	011368	Do.	1000
			69600

Manuscripts and a cup-board 1838- 0-10

Cash Balance

„ In the Bank of Bombay Rs. 2834- 9- 0

„ In hand .... „ 430- 3-10

3264-12-10

C

Scheme of Management of the Forbes Gujarati Sabha referred to in the foregoing Deed of Settlement.

Name of the Society.

1. The name of the Society shall always be "The Forbes Gujarati Sabha."

Objects of the Sabha.

2. The objects of the Society shall be those which were originally defined and specified in Rules 2 and 3 passed at the meeting of "The Gujarati Sabha" held in the Town Hall on the 25th day of March 1865 namely:—

(*a*) That the object of the Society be, in the first instance, the collection of ancient manuscripts relating to Gujarat, or written in the Gujarati language, and the publication and translation of such as may be found worthy of preservation in a printed form.

(*b*) That further objects of the Society be:—

(1) The procuring translations into Gujarati of useful works in the English and other languages, as opportunity may be afforded.

(2) The encouragement of original works in the Gujarati language.

Members of the Society.

3. The members of the Sabha shall consist of three classes namely:—

(1) Hereditary members.

(2) Life members.

(3) Ordinary members.

Qualification of members.

4. (*a*) The rulers of states who may have contributed or who may contribute not less than Rs.1000 to the Fund shall be hereditary Members.

(*b*) Life members :—Those persons duly proposed and elected who shall pay a subscription of Rs. 60 shall be considered as Life Members.

(*c*) Those persons duly proposed and elected who shall pay a yearly subscription of Rs 6 shall be considered as ordinary members.

5. Those persons who were Life Members of the Gujarat Vernacular Society on the said 25th day of March 1865 shall be entitled to become members of this Society on application without payment of any subscription.

Committee of Management.

6. The affairs of the Society shall be managed by a Committee of Management consisting of one President, one Honorary Secretary, one Honorary Treasurer and three elected members with power to fill vacancies temporarily pending the next general meeting of the Sabha and three members of such committee shall form a quorum.

Fund of Society and its application.

7. The existing fund of the Society as also all donations received by the Society shall form the principal trust fund of the said Society and the income of such trust fund only shall be applied towards the objects of the Society as defined in clause 2 hereof.

8. The subscription paid by the ordinary members of the society as also donations paid by life members shall be applied in the first instance in and towards the current expenses of the Society.

Application of subscription and income.

9. The funds of the Society shall always be invested either in Government Securities or in such other stocks or securities guaranteed by Government and kept deposited in the Bank of Bombay in the names of the trustees for the time being of the said fund.

Deposit of Fund.

10. As soon as the fund of the Society permits the Managing Committee may with the previous sanction in writing of a majority of three fourths of the members of the Society invest a sum not exceeding Rs. 50,000 either in purchasing or constructing a permanent building or a portion of a building for the use of the Society and the residue of such fund shall always be kept invested in Government paper or in such other stocks or securities guaranteed by Government.

Application of the fund.

11. Neither the managing committee nor the members of the said Society shall have any powers by passing a resolution or otherwise to apply the income of the principal fund towards any purposes whatsoever other than the objects of the society as defined in clause 2 hereof.

Restriction on the powers of Committee of Management and Members.

12. The Society shall have power to accept donations towards the funds of the Society with or without such conditions and stipulations as to their application and use as to the Man-

Power to accept Donations.

aging Committee may seem proper provided they shall be applied towards the objects of the Society as defined in clause 2 hereof.

Power to make rules.

13. The Society shall have power to make rules not inconsistent with the objects of the Society as defined by clause 2 hereof.

General Meeting, report and account.

14. A General Meeting of the Society shall be convened by the Secretary at least once every two years on such day as the Committee of Management may fix at which the report of the working of the said Society together with all accounts shall be produced for approval and sanction and at which meeting any vacancy or vacancies in the offices of President, Secretary or Treasurer shall be filled up and three persons shall be elected to serve as members.

How funds should be operated upon.

15. All cheques drawn upon the Bank of Bombay for the disbursements of the Society shall be signed by the Honorary Secretary and countersigned by the President.

First Trustees.

16. The Honourable Mr. E. M. H. Fulton, Manassukharama Suryarama Tripathi Esquire, and Lalubhai Samaladas Esquire shall be the first trustees of the fund, securities and moneys of the Society.

Duties of Treasurer.

17. The Honorary Treasurer shall have the power to sign receipts for subscriptions donations and other moneys paid to the Society.

18. The Honorary Secretary shall transact all the current business of the Society and carry on correspondence for and on behalf of the Society.

Duties of Secretary.

19. The representative of each of the Native Princes (who may be members of the Forbes Gujarati Sabha) shall be entitled to appoint a proxy to represent him at the meeting of the members and that such proxy may be signed by the Dewan or Karbhari for the time being of such Native Prince.

As to voting by proxy.

D

Statement of Receipts and Disbursements from 1865 to 30th June 1903.

Receipts.	Rs.	A.	P.	Disbursements.	Rs.	A.	P.
By Donations:—				To $3\frac{1}{2}$ % Government papers of Rs. 69,000	70736	9	6
Till 1865 ... ...Rs. 26750 0 0				,, Cost of the Râsa Mâlâ Rs. 13423-12-11			
Thereafter ... ...Rs. 650 0 0				Less–recovered by sale Rs. 10765- 5-10			
	27400	0	0		2658	7	1
				,, Manuscripts	1838	0	0
,, Exchange	150	0	0	,, Account of Expenditure in Kâthiâwâd by R. B. Mukundarâya Maniraya in collecting donations ...	163	8	0
,, Interest:—				,, Petty Expenses :—			
Till 1865 ... ... Rs. 1722 12 9				Till 1865 ...Rs. 138 6 3			
Thereafter ... ... Rs. 49898 1 7				Thereafter ...Rs. 451 2 8			
	51620	14	4		589	8	11
,, Subscriptions	580	0	0	,, Encouragement to Kavi Narmadâshankar in 1875.	500	0	0
				,, Balance :—			
				In the Bank of Bombay Rs. 2834 9 0			
				In hand Rs. 430 3 10			
					3264	12	10
Rs. ...	79750	14	4	Rs ...	79750	14	4

गुजराती सभा.

પ્રસિદ્ધિ પત્ર.

ગુજરાતી ભાષા બોલનાર લોક ગુજરાત તથા તેની આસપાસના પ્રાન્તમાં અને મુંબઈમાં વસેછે. તેની સંખ્યા પચાસથી સાઠ લાખની ગણાયછે. એ ભાષા બોલનાર પોતાનું ધન, બુદ્ધિ, ઉદ્યોગ અને સાહસકામથી આખા ભરતખંડમાં અગ્રેસર ગણાયછે. રજપૂત, પારસી, વાણિયા, ભાટિયા, લોહાણા, ખોજા, વોરા અને મેમણ, જે પોતાના ધુરંધર વ્યાપારને લીધે પ્રખ્યાતછે તે સર્વ ગુજરાતી બોલનાર લોકછે.

આ વ્યાપારી વર્ગના લોકની ભાષા અદ્યાપિપર્યંત દરિદ્રિ અવસ્થામાં છે એ એક દુઃખદાયક વાર્ત્તાછે. એ ભાષાના મૂલ નિયમ અને ધારા હજી બંધાયા નથી અને એની જોડણી શુદ્ધ અને સરખી થઈજ નથી. એ ભાષાના શબ્દ ખચિત કરવાનું અને તેના અર્થ કરવાનું હજી બાકીછે. એ ભાષામાં સંકેતિક શબ્દ તો છેજ નહિ. સારાંશમાં કહિયે તો યોગ્ય કોશ અને વ્યાકરણ એ ભાષામાં થયાંજ નથી. એ વિષયમાં તો મહારાષ્ટ્ર-ભાષા કરતાં પણ એ ભાષા પશ્ચાતછે. જે ભાષામાં એટલી બધી ખામી અથવા અપૂર્ણતાછે, તેમાં નામદઈએ એવા મોહોટા શાસ્ત્રવિષયના ગ્રંથોની આશા રાખવી, એ નકામુછે. એ ભાષાની હાલની જે સુલભ વિદ્યાછે તે પણ રસવિનાની અને નહિ સરખીછે. થોડાંએક કવિતાનાં પુસ્તક વિના (જેમાંનાં કેટલાંક બહુ સારાંછે) બીજુ એ ભાષાનું એકે જુનું પુસ્તક અદ્યાપિસુધી લોકોના જાણવામાં આવ્યું નથી. ઈતિહાસ, સાહિત્ય, અને શાસ્ત્રવિષયના ગ્રંથો તો એ ભાષામાં છેજ નહિ. હાલ એ

ભાષામાં જે કંઈ થોડા ગદ્યાત્મક ગ્રંથછે તે માત્ર અવડાંજ થયેલા અને તેપણ બહુકરીને પર ભાષામાંથી કરેલાં કાચાં—પાકાં ભાષાન્તરજ છે.

સુધારક યંત્ર થવાને ગુજરાતી જેવી ખેડાયા વિનાની અને નબળી ભાષા કેવલ અયોગ્યછે. એવી અવસ્થામાં ગંભીર વિચાર, માનસિક શાસ્ત્ર અને શુદ્ધ મનોભાવનો ભંડાર થવાને ગુજરાતી ભાષા અશક્તછે.

એમ છે તો આ સ્પષ્ટછે કે જ્યાંસુધી ગુજરાતી ભાષા જે અવસ્થામાંછે તેવીજ અવસ્થામાં રેહેશે ત્યાંસુધી ગુજરાતી બોલનાર લોક હાલ કંગાળ અવસ્થામાંછે તેવાજ રેહેવાના, કારણ કે હરેક દેશના લોકોની માનસિક શક્તિની અને નીતિની વૃદ્ધિ મુખ્યત્વે કરીને સ્વભાષથીજ થાયછે, એવું ઇતિહાસથી જણાયછે.

છે તેમંનુ તેમજ ચલાવવું એ શું સારી વાતછે? ગુજરાતી મંડળીના સુધારાને શું એથી કાંઈ લાભ થશે? અવડેના શ્રીમંત અને શક્તિવાળા લોકોની સ્વભાષા ઘેડ—ગુજરાતીછે એવું જ્યારે જાણવામાં આવશે ત્યારે શું તેથી એ લોકનું માન વધશે? ગુજરાતી લોકની ભાષા અને વિદ્યા, બીજા કેટલાક નીચા લોકોની ભાષા અને વિદ્યા કરતાં પણ નરસછે, એવું જ્યારે યુરોપ અને અમેરીકાના જ્ઞાની લોકોના જાણવામાં આવશે, ત્યારે શું આપણ ગુજરાતી બોલનારને તેઓ માન આપશે? કદિ નહિ. ભાષા એ લોકોના મનનું દરપણ છે, અને એનાજ પ્રમાણમાં, સુધરેલા દેશના લોકના વિચારમાં, તે ભાષા—બોલનાર લોકોની ઉંચી નીચી તુલના થાયછે.

ગુજરાતી ભાષા સુધારવાનો, અને જેથી સુધારાનુ વાહન થાય એવા પાયા ઉપર એ ભાષાને મૂકવાનો પ્રયત્ન કરવાનો, આ ખરેખરો અવસર છે; એવું ધારીને, વિદ્વત્તાથી અને પરોપકારનાં કામ કરયાથી પ્રખ્યાત થયેલા ઇંગ્રેજ અને દેશી ગૃહસ્થોની એક મંડળી કરવાનો વિચાર થયો. એ મંડલીનો હેતુ ગુજરાતી ભાષા સુધારવાનો અને એ ભાષામાં સબલ અને શુભ (આરોગ્ય) વિદ્યા ઉત્પન્ન કરવાનોછે. તે હેતુ નીચેનાં સાધનથી સિદ્ધ કરી લેવા તે મંડલી યત્ન કરશે.

પ્રથમ—ગુજરાતી પ્રાચીન ગ્રંથોનો સંગ્રહ કરવો અને તેમાંથી સારા ગ્રંથો પ્રસિધ્ધ કરવા.

બીજું—પૂર્વ અને પશ્ચિમની ભાષા એટલે સંસ્કૃત, પ્રાકૃત, પેહેલવી, ફારશી, આરબી, ઉર્દુ, હિંદી, ઇંગ્રેજી અને ફ્રેન્ચાદિમાંથી સરસ ગ્રંથોનાં ભાષાન્તર કરાવવાં તથા તેને છપાવી મૂળ કિંમતે પ્રસિદ્ધ કરવાં.

ત્રીજુ—સ્વયંકૃત ગ્રંથ રચવાને ગુજરાતી ગ્રંથકારોને ધનથી અને બીજા પ્રકારે ઉત્તેજન આપવું અને પછી તે ગ્રંથ એ મંડળિયે પોતાને ખરચે પ્રસિદ્ધ કરવા.

આશાછે કે એ પ્રમાણે કરવાથી ધારેલા હેતુ ધીમે ધીમે પાર પડશે; અને ગુજરાતી ભાષા વિસ્તીર્ણ, કોમલ અને સુંદર થશે; તથા જે લોકોની એ સ્વદેશ ભાષાછે, તે લોકોને જોઇએ એવા વિદ્યાદિના ગ્રંથો તેમાં પ્રકટ થશે.

એ પ્રકારનાં કામમાં અવશ્ય કરીને દ્રવ્યનું કામ બહુ પડવાનું; કારણ કે એ મંડલીનાં પુસ્તકોના વેચાણમાંથી આયપત કંઈ નહિ થાય અને ખર્ચ બહુ થશે. શું એવું મહાભારત અને સારૂં કામ માત્ર ભંડોલ નહિં થાય એવું જાણી આપણે પડતું મૂકવું પડશે? કદિ નહિ. એ કામને આશ્રય આપવાની વેળા આવી એ મ્હોટું ભાગ્યછે અને આશ્રય આપવો એ પોતાનો ધર્મ્મછે એવું જાણનાર ગુજરાતી બોલનારા (પારસી અને હિંદુ)માં થોડા શુરવીર નથી. મુખ્યત્વે કરીને હાલમાં રૂના વ્યાપારમાંથી ગુજરાતી બોલનારા રાજવંશીઓને અને વ્યાપારિયોને બહુજ લક્ષ્મી મલીછે; અને તેથી તેમનો વિશેષે કરીને અવશ્ય ધર્મ્મછે કે પોતાના વર્ગના લોકને સારૂ સ્વભાષામાં સુધારાનાં સાધન પૂરાં પાડવાં. અંતઃકરણથી આશા રાખવામાં આવેછે કે ગુજરાતી રાજવંશિયો તથા શેઠીઆઓ પોતાના સ્વદેશપ્રત્યે પોતાના જે ધર્મ્મ તેમાંના મુખ્યમાંનો આ એક ધર્મ્મ છે તે આનંદથી પરિપૂર્ણ કરશે. તથાસ્તુ.

આ પ્રસિદ્ધિ પત્ર વિષે સંભાવિત અને વિદ્વાન પરૂષોના વિચાર.

મેહેરબાન ફાર્બસ સાહેબના વિચાર.

અમદાવાદમાં સને ૧૮૪૮ માં ગુજરાત વર્નાક્યુલર નામની સભા સ્થપાઇ છે; અને જે સભાનો હું થોડી વેળા સુધી મંત્રિ હતો, તેના જેવુંજ ધારેલી સભાનું કામ દિસેછે. ગુ૦ વ૦ સોસાઇટીનું કામ ચાલે છે ખરૂં, તથાપિ તેને સંપૂર્ણ સાધન ન હોવાથી તેનું કામ સાધારણ રીતિએ ચાલેછે. અત્રે ધારેલી સભા સ્થપાએથી હું બહુ આનંદ પામીશ અને મારી શક્તિ પ્રમાણે એ સભાને આશ્રય આપવાને હું તત્પર થયોછું. A. K. FORBES.

રેવરંડ ડાક્ટર જાન વિલસનના વિચાર.

અમદાવાદવાળી ગુજરાતી સોસાઇટી, જેણે પોતાની શક્તિ પ્રમાણે સારાં કામ કર્યાંછે. (અને હવે પછી ધારેલી સભાના સંબંધમાં કે પછી સ્વતંત્ર રીતે તે કામ કરે) તેની અવજ્ઞા કર્યા વિના મુંબઈ પુરીમાં ગુજરાતી સભાની અગત્ય છે. ભાષા અને બીજા અર્થ સારૂ ગુજરાતી વિદ્યાનો સંગ્રહ કરવો અને તે લોકને સુલભ થાય એમ કરવું એ ઉચિત ઇચ્છવા યોગ્ય છે. એ ભાષાનાં ગીત, કથન, રાસ ભાટ લોકોની વિચિત્ર વાર્ત્તાઓ, તથા ઇતિહાસ અને ચરિત્ર જે બહુ સુરસ, ઉપયોગી, અને ઇંગ્રેજીમાં ભાષાંતર કરવા યોગ્ય છે તે સઘલાં સંપાદન કરવાં. યુરોપના શોધને અને મતને અનુસરીને સ્વયંકૃત ગુજરાતી ગ્રંથ રચવાની આકાંક્ષા વિષે અને યુરોપની ભાષાઓ તેમાં મુખ્યત્વે કરીને ઇંગ્રેજીમાંથી ગુજરાતીમાં ભાષાન્તર કરવાની આકાંક્ષા વિષે કંઈ કેહેવાની તો અગત્યજ નથી. મુંબઇ જેમાં બહુ લક્ષ્મીવર વસેછે અને જેમાં વિદ્યા અને કલાકૌશલ્યનાં સાધન છે તથા જેમાં યોગ્ય મુદ્રાયંત્રો (છાપખાનાં) છે અને જેને સર્વ પ્રાન્ત સાથે સરલ સંબંધ છે, તે મુંબઈ અવશ્ય કરીને ધારેલી સભાનું મુખ્યસ્થલ થવું જોઈએ. J. WILSON.

સર અલેક્ઝાન્ડર ગ્રાન્ટ બારોનેટના વિચાર.

હું ધારૂંછું કે મુંબઈમાં ગુજરાતી સભાની સ્થાપના થાય એ બહુ ઈચ્છિવા યોગ્ય અને એ સ્થળના શેઠીઆઓના સ્વદેશ હિતેચ્છુભાવને દીપાવે એવું છે. ઉપર લખેલા ત્રણ હેતુમાંથી પ્રથમના હેતુ ઉપર એ સભાએ વિશેષે કરીને લક્ષ આપવું. હસ્ત-લિખિત પુસ્તકનો સંગ્રહ કરી, અદ્યાપિ પર્યંત ગુજરાતી વિદ્યાના જે ગ્રંથ અપ્રસિદ્ધ છે તેને પ્રસિદ્ધ કરવા એ એક નિર્મલ લાભદાયક કામ છે. અર્વાચીન ગુજરાતી વિદ્વાને ઉત્તેજન આપવામાં પોતાનું દ્રવ્ય ખર્ચતાં એ સભાએ સાવધાન રેહેવું જોઈએ. ધનારાએ રચેલા ગ્રંથ અને ભાષાન્તરો કોઈ વાંચતું નથી એ પ્રસિદ્ધ છે. ગુજરાતી લોકને ઇંગ્રેજી અને સંસ્કૃત શીખવી વિદ્વાન કરવા એજ એક ખરો માર્ગ છે અને એમ કરેથી ગુજરાતી ભાષા એની મેલે સુધરશે.

A. GRANT.

આપણા નેક નામદાર મેહેરબાન ગવર્નર સાહેબ સર એચ. બી. ફ્રીયર, કે. સી. બી. ના વિચાર.

ગુજરાતી અને એની સંબંધી ભાષાનાં હસ્તલિખિત પુસ્તક તથા ડાકટર ઉલસને દર્શાવેલી લોકપ્રસિદ્ધ કવિતાનો સંગ્રહ કરી છપાવવાનો અને અગત્ય હોય ત્યારે ભાષાન્તર કરાવવાનો મુખ્ય હેતુ એ સભાએ રાખવો, એવું સર એ. ગ્રાન્ટનું અનુમત્ત છે તેને હું અનુસરૂંછું.

મહાપંડિત સંસ્કૃત પાઠક ડાક્ટર હાઉગના વિચાર

આ પ્રસિદ્ધિ પત્ર વાંચી હું બહુ પ્રસન્ન થયો. ગુજરાતી લોકે પોતાના પ્રાચીન ગ્રંથો પ્રસિદ્ધ કરવાની અને પોતામાં ગુણદાયક વિદ્યા ઉત્પન્ન કરવાની અગત્ય જાણવી, એ યથાર્થ છે. હાલની દશા જોતાં દેશી ભાષાને બહુ ઉત્તેજનની અગત્ય છે; કારણ જો તેને પોશાણ ના મળ્યું અને તેની રૂઢીની સ્વચ્છતા જતી રહી તો પછી ઇંગ્રેજી ભાષાના પ્રસારને લીધે, એક ત્રિતીયમ "ઇંગ્રેજી-ગુજરાતી" એવા નામની ભાષા ઉત્પન્ન થશે. આગળ એમ બનું પણ છે—અરબી અને ફા-

રશી ભાષાના પ્રસારથી ઉરદુ ભાષા ઉત્પન્ન થઈ છે તે એવીજ રીતે. જ્યાંસુધી દેશી અને સંસ્કૃત ભાષામાંથી પરિયાયના શબ્દ મળે, ત્યાં-સુધી અન્ય ભાષાના, એટલે આરબી, ફારશી અને ઇંગ્રેજી, શબ્દનો ઉપયોગ લખાણમાં ના કરવાને મુખ્યત્વે કરીને એ નવી સભાને હું સૂચના કરૂંછું. રૂઢીનો દેશી ભાષામાંથીજ અભ્યાસ કરવો જોઇએ. પશ્ચિમની અને પૂર્વની ભાષામાંથી ભાષાન્તર કરવાં એ સારૂંછે. પણ તેની શૈળી નિરંતર સરળ, રૂઢિસ્થ અને સુગમ હોવી જોઇએ. એ સભા જય પામો એવી મારી આશીશ છે અને એનો સભાસદ થવાનું હું સ્વીકાર કરૂંછું.

M. HAUGH.

એ શુભ સભાને સારૂ ભંડોળમાં જે સદ્ગ્રહસ્થોને દ્રવ્ય અર્પણ કરવાની વૃત્તિ હોય તેઓએ કૃપા કરીને પોતાનાં નામ તથા દ્રવ્યની સંખ્યા નીચેના ખાંનામાં લખવાં. મોટા ભંડોળ વિના એ સભાનો હેતુ સિદ્ધ થાય એવું નથી માટે આશા રાખવામાં આવેછે કે ઉદાર મનથી નાણાં ભરવામાં આવશે.

A. K. FORBES,
પ્રમુખ.

નામ.	રૂપિયા.

ગુજરાતી સભા.

(ધી આનરેબલ એ. કે. ફાર્બસ, ધારેલી સભાના પ્રમુખે મુંબઈના પુરાલય (ટાઉન હાલ)માં તા૦ ૨૫ મી માર્ચ સન ૧૮૬૫ ને શનીવારને દિને મુંબઈના સંભાવિત ગૃહસ્થોની સભા બોલાવી ત્યાં સર્વના એક-મતથી નીચેના નિયમો ઠરયા.)

"ગુજરાતી સભા" નામની એક મંડલી સ્થાપવી અને તેના ધારા નીચે પ્રમાણે રાખવા.

આનરેબલ શેઠ પ્રેમાભાઈ હીમાભાઈએ મત્ત આપ્યું અને શેઠ પ્રેમચંદ્ર રાયચંદ્રે પુષ્ટિ આપ્યા પછી સર્વ સભાસદોએ સ્વીકાર કરયાથી નિર્ણય થયો કે—

ધારા.

૧. જે કોઈ ગૃહસ્થ પ્રતિ વર્ષે રૂ૨૦), અથવા એકવેળા રૂ૧૦૦), અથવા તેથી કંઈ અધિક આપે તે, તથા અમદાવાદની "ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી"ના જે જન્મ પર્યંત સભાસદો છે તે સઘલાને ગુજરાતી સભાના સભાસદ ગણવા, અને સર્વ સભાસદ "અધિકારી મંડલી" માં સભાસદ થવા યોગ્ય જાણવા.

૨. ગુજરાત વિષેનાં અને ગુજરાતી સર્વ જુનાં પુસ્તકોનો સંગ્રહ કરવો તથા છપાવી રાખવા યોગ્ય ગ્રંથો હોય તે છપાવવા તથા ભાષાન્તર કરાવવાં.

૩. પછી અનુકૂળ આવે તેમ તેમ ઇંગ્રેજી અને બીજી ભાષાના ઉપયોગી ગ્રંથોનાં ભાષાન્તર કરાવવાં તથા ગુજરાતી ગ્રંથકારોને ઉત્તેજન આપવું.

૪. આનરેબલ મિ૦ એ. કે. ફાર્બસને અધ્યક્ષ નિમ્યા.

૫. ઈ૦ સ૦ ૧૮૬૫ ના વર્ષની અધિકારી મંડલીમાં નીચે લખેલા ગૃહસ્થોને નીમ્યા.

શેઠ અરદેશર ફ્રામજી મુસ.

ડાક્ટર જાન ઉલસન.

શેઠ કરસનદાસ માધવદાસ.
શેઠ કરશનદાસ મૂલજી.
શેઠ ડોસાભાઈ ફ્રામજી કરાકા.
રેવરેન્ડ ધનજીભાઈ નવરોજજી.
ડાક્ટર ધીરજરામ દલપતરામ.
કવિ નર્મદાશંકર લાલશંકર.
શેઠ પ્રેમચંદ્ર રાયચંદ્ર.
શેઠ પ્રેમાભાઈ હીમાભાઇ.
ઓનરેબલ મિ૰ ફાર્બસ.
ડાક્ટર ભાઉ દાજી.
શેઠ મંગળદાસ નથુભાઇ.
શેઠ મનસુખરામ સૂર્જરામ.
શેઠ રણછોડભાઇ ઉદયરામ.
રાવ૰ વિશ્વનાથ નારાયણ મંડલિક.
શેઠ વીરચંદ દીપચંદ.
શેઠ સોરાબજી શાપુરજી બંગાળી.

૬. સન ૧૮૬૫ના વર્ષ સારૂ મનસુખરામ સૂર્જરામને મંત્રિ નિમ્યા.

૭. એ સભાની સકળ વ્યવસ્થા અધિકારી મંડલીના સ્વાધીનમાં રાખવી. અમુક કામમાં ઓછામાં ઓછા ત્રણ અધિકારી હોવા જોઈએ; અને તેમનુ મત્ત મળેથી તે કામ કરવા યોગ્ય થયું સમજવું. પ્રત્યેક વર્ષના જાન્યુઆરી માસની પેહેલી તારીખે કે એજ માસમાં કોઈ બીજે દિને, અધિકારી મંડલીએ કરેલાં કામનું વૃત્તાંન્ત વાંચી સંભળાવવા તથા નવા વર્ષ સારૂ અધિકારી તથા મંત્રિ નીમવા સર્વ સભાસદોની મંડળી મંત્રિએ બોલાવવી.

૮. મુંબઈ બેંકમાં કે એવીજ બીજી સારી બેંકમાં એ સભાની પુંજી સારા વ્યાજે રાખવી અને તેમાંથી રૂપીયા ૧૦૦૦૦) ચાલતે ખાતે રાખવા.

૯. ખરચ સારૂ નાણાં લેવા "ચેક" લખવા પડે તે ઉપર મંત્રિ તથા બીજા બે અધિકારી સહી કરે.

એ પ્રમાણે ધારા બંધાયા.

પુસ્તક સંગ્રહ કરવા સર્વ સભાસદોએ આશ્રય આપવો એ વિષે અન્યોઅન્ય થોડી વાત થઈ અને સર્વ ગ્રહસ્થોએ સ્વીકાર કરચો.

પછી અધ્યક્ષનો ઉપકાર માની સભા વિસર્જન થઈ.

નાણાં ભરાયાં તેની વિગત.

મુંબઈમાં.

	રૂપિયા.
સર જમસેદજી જીજીભાઈ	૫૦૦
આનરેબલ રૂસ્તમજી જમશેદજી	૧૦૦૦૦
,, પ્રેમાભાઈ હીમાભાઈ	૩૦૦૦
,, જગંનાથ શંકરશેઠ	૫૦૦
શેઠ રાયચંદ દીપચંદ ૭૦૦૦ / શેઠ પ્રેમચંદ રાયચંદ ૫૦૦૦ / શેઠ કસ્તુરચંદ રાયચંદ ૩૦૦૦	૧૫૦૦૦
શેઠ ખરસેદજી ફરદુનજી	૫૦૦
શેઠ કરશનદાસ માધવદાસ	૨૦૦૦
શેઠ ખરસેદજી નસરવાનજી	૫૦૦
શેઠ ગોકુલદાસ તેજપાલ	૫૦૦*
ડાક્ટર ભાઉ દાજી	૫૦૦
	૩૩૭,૫૦૦

ગુજરાતમાં.

	રૂપિયા.
જુનાગઢના નવાબ સાહેબ	૫૦૦૦*
ભાવનગરના રાવલ સાહેબ	૫૦૦૦*

*નાણાં આવી ચૂક્યાં.

	રૂપિયા.
નવાનગરના જામ સાહેબ	૪૦૦૦*
પોરબંદરના રાણાજી	૨૫૦૦†
ધ્રાંગધરાના રાજાજી	૨૫૦૦*
ગોંડલના ઠાકુર	૧૭૫૦*
વઢવાણના ઠાકુર	૧૨૫૦*
લીંબડીના ઠાકુર	૧૨૫૦*
મોરવીના ઠાકુર	૧૦૦૦*
પાલીટાણાના ઠાકુર	૧૦૦૦*
ધ્રોલના ઠાકુર	૫૦૦
વાંકાંનેરના ઠાકુર	૩૦૦
ચુડાના ઠાકુર	૩૦૦*
સાઈલાના ઠાકુર	૩૦૦*
થાનલકતરના ઠાકુર	૩૦૦
બજાણાના ઠાકુર	૨૦૦*
માલીઆના ઠાકુર	૨૦૦*
લાઠીના ઠાકુર	૨૦૦
જસદણના ઠાકુર	૩૦૦*
વલેહના ઠાકુર	૧૫૦
કોઠાદ સંગની	૧૦૦*
વીરપૂર	૧૦૦*
	૨૮,૨૦૦
	કુલે રૂ ૬૫,૭૦૦

મુંબઇમાં.	વાર્ષિક.
શેઠ મંગળદાસ નથુભાઇ	૩૫૦૦

* નાણાં આવી ચૂક્યાં.

† રૂ ૨૦૦૦ આવ્યા છે.

ગુજરાતી સભા.

તા૦ ૯ મી અકટોબર સન ૧૮૬૫ ને દિને સાંજરે ૪॥ વાગતાં અત્રે "ટાઉન હાલમાં" ગુજરાતી સભા મળી હતી તે સમયે—રેવરેંન્ડ ડાક્ટર ઉલસન સાહેબ (સભાપતીને સ્થાને) તથા નીચે લખેલા સભાસદો આવ્યા હતા :—

શેઠ મંગળદાસ નથુભાઈ, ડાકટર ભાઉ દાજી, રેવરેન્ડ ધનજીભાઈ નવરોજજી, શેઠ અરદેશર ફરામજી મુસ, રાવસાહેબ વિશ્વનાથ નારાયણ મંડલિક, ડાક્ટર ધીરજરામ દલપતરામ, શેઠ કરશનદાસ મૂળજી તથા મનસુખરામ સૂરજરામ, મંત્રિ.

શેઠ મંગળદાસ નથુભાઈએ મત આપ્યું અને મનસુખરામ સૂરજરામે પુટી આપી કે—આ સભાના પેહેલા પ્રમુખ સ્વર્ગવાશી આનરેબલ એ. કે. ફારબસ સાહેબના મરણથી સભાને બહુ ભારે હાની થઈછે. એ ગૃહસ્થના સંબંધ તથા પ્રયત્નથી અને એજ ગૃહસ્થની બહુ ડાહાપણ ભરેલી સલાહથીજ એ સભાની સ્થાપના થઈછે. આ શેહેરમાંથી અને કાઠિયાવાડમાંથી એ સભા સારૂ જે નાણાં ભરાયાં તે એ ગૃહસ્થના પ્રતાપથીજ ભરાયાંછે. પ્રથમથી એ સભાને નિશ્ચળ પાયા ઉપર સ્થાપવા, એ પુરૂષે પોતાનો અભિપ્રાય બતાવ્યો હતો, અને જ્યારે એ સભાના કામનો આરંભ કરવાનો સમય આવ્યો ત્યારે દૈવ ઇચ્છાએ આ જગતમાંથી એ ગૃહસ્થનું જવું થયું છે; માટે આ સભા એ ગૃહસ્થના મરણથી થયેલા ખરેખરા શોકને પોતાના પત્રકમાં નોંધી રાખેછે.

પુટી આપતાં મનસુખરામ સૂર્યરામે કહ્યું કે—

જે પરોપકારી અને કુલીન ગૃહસ્થ વિષે અહુણાં શેઠ મંગલદાસ નથુભાઈએ મત્ત આપ્યું તેને પુટી આપતાં તે ગૃહસ્થે પોતાનું મુલ્યવાન જીવતર કેવા કામમાં ગાળ્યું છે તે વિષે થોડું બોલવાની આજ્ઞા લઊંછું—

એ ગૃહસ્થનું અમદાવાદમાં પધારવું થયું ત્યાંથી અમદાવાદમાં વિદ્યાને સારી પુટી મળવા માંડી. ત્યાં "ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી"ની

એમણે સ્થાપના કરી અને તેને અંગે એક "પુસ્તક શાળા" સ્થાપી એક "વર્ત્તમાન પત્ર" કાહાડવા પ્રેરણા કરી. એ રીતે વિદ્યા વૃદ્ધિ કરવાનાં મૂખ્ય સાધનો એ પુરૂષે ઉપજાવ્યાં, જેનાં ફળ અમદાવાદના રેહેવાસિયોએ ચાખવા માંડયાં છે.

પછી જ્યારે સુરત ભણી એમનું જવું થયું ત્યારે ત્યાં પણ વિદ્યાના વૃક્ષને પુષ્ટી મળવા માંડી. **"અઠાવીશી લિટરેરી સોસાઇટી", "એન્ડ્રુસ લાઇબ્રેરી"** એ આદિ વિદ્યાનાં સાધનને એમણે બહુ આશ્રય આપ્યો છે. જે આશ્રય સુરતના ગુણી લોકો વિસરી નથી ગયા એવું, તેમણે થોડાજ દિવસ ઉપર એ ગૃહસ્થનું નામ રાખવા કરેલા ઉપાયથી, પ્રત્યક્ષ જણાય છે.

કાઠિયાવાડમાં એમનું બિરાજવું થયું ત્યારે ત્યાં પણ વિદ્યાનો પ્રકાશ થવા માંડયો. જ્યારે અધિકારી પુરૂષજ વિદ્યાવર્ધક હોયછે ત્યારે વિદ્યાની વૃદ્ધિ બહુ થાયછે. એ ગૃહસ્થનામાં બન્ને ગુણ મળ્યા હતા તેથી એમણે આપણા દેશને અલભ્ય લાભ કરયો છે. કાઠિયાવાડના ઠાકુર સાહેબોમાં પ્રથમ વિદ્યાની રૂચી ઉત્પન્ન કરનાર એજ પુરૂષ છે.

અંતે જ્યારે એ ગૃહસ્થ અત્રેના ન્યાયાધિશ થયા, ત્યારે અત્રે પણ મહા હર્ષથી આ સભાની સ્થાપના સબળ પાયા પર કરી. આખા મુંબઈ પ્રાન્તને વાસ્તે ગુજરાતી સભા સ્થાપવાનો મારા મનમાં વિચાર આવ્યો ત્યારે તે સિદ્ધ કરવા કિયા ગ્રહસ્થનો આશ્રય લેવો યોગ્ય છે, એ ઉપર મારૂં લક્ષ ગયું. એટલે તત્કાળ એ કુલીન પુરૂષનું નામ મારા મનમાં આવ્યું. એમને મળીને એ વાત કરી કે એ સાહેબ બહુ પ્રસન્ન થઈ ગયા અને મને કહ્યું કે "એ વિષે મારા મનમાં પણ બહુ દિવસથી હતું પણ યોગ્ય સાધન ન મલ્યાથી તાહાડું નાંખ્યું હતું, પણ હવે મારાથી બનશે એટલો આશ્રય બહુ આનંદથી આપીશ માટે એ કામ સિદ્ધ કરો." એ પ્રકારના એમના ઉત્તેજનથી ઇશ્વિર કૃપાએ આ સભા સ્થપાઈ.

એ રીતે એ પુરૂષનું જ્યાં જ્યાં જવું થયું ત્યાં ત્યાં વિદ્યાની વૃદ્ધિ થવા માંડી. એ ગૃહસ્થનો સ્વભાવ ખરેખરો પરોપકારી હતો. ગુજ-

રાત અને કાઠિયાવાડનું સારૂં કરવું એ તે પુરૂષને હૃદયથી પ્રીય લાગતું અને તેને સારૂ તન મન અને ધન તેમણે અરપણ કરયું હતું. એ કુલીન પુરૂષ યુરોપીઅન લોકોમાં અને આપણા લોકમાં અંતર ગણતા નહિ. સર્વ ઉપર સામાન્ય દ્રષ્ટી રાખતા. બીજાનું સારૂ કરવું એજ પોતાના અધિકારનું અને જ્ઞાનનું સાર્થક છે એવું સમજતા હતા. "રાસ્રમાલા" નામનો ગ્રંથ બનાવ્યો છે તેમાં એમણે બહુ શ્રમ લઈ આપણા લોકોને ઉપયોગ આવે એવી બહુ વાર્ત્તાઓનું શોધન કરૂંછે. એ આદી એ પુરૂષના આપણા ઉપર બહુજ ઉપકાર થયા છે. એ પુરૂષના મૃત્યુથી આ સભાને કેટલી હાની થઈછે એ કેહેવું અશક્ય છે. કારણ કે આ સભા જેવી એમને પ્રિય હતી તેવી બીજા વિરલાનેજ હશે. અંતકાલે જ્યારે એમનાં બીજાં કામ એમના મિત્રોએ સંભાલી લેવા માંડયાં, ત્યારે "ગુજરાતી સભા" નું કામ પણ સંભાલી લેવા એમના મિત્રોએ કહ્યું ત્યારે એ ગૃહસ્થે કહ્યું જે "સર્વ કામ તમને સાંપીશ પરંતુ ગુજરાતી સભાનું કામ તો અંત સુધી કોઈને સાંપવા હું રાજી નથી." આહા ! જે સભા વિષે મરણકાલે પણ ઉપર પ્રમાણે ચિંતા રાખેલી તે સભાને એમના મરણથી કેટલી અસાધ્ય હાની થઈ છે તે સહજ કલ્પી શકાશે.

ટુંકામાં ગુજરાતી બોલનાર સર્વ (હિંદુ અને પારશી) ને એમનું મરણ એ મોહોટા સંકટ જેવું થયું છે. કારણ કે એમના કૃત્ય ઉપર જોતાં એમનું જીવતર ગુજરાતિયોના લાભને વાસ્તેજ ઈશ્વરે નીરમ્યું હતું એવું પ્રત્યક્ષ દેખાય છે.

એ ઉદાર અને કુલીન ગૃહસ્થ જ્યાં ગયા ત્યાં એમના ઉપકારથી સર્વનાં હૃદય કેવાં આરદ્ર થયાં હતાં તે વિષે કાઠીયાવાડથી રા. મુકંદરાયજી લખેછે કે "પોતાના કુલના કોઈ ઉપયોગી પુરૂષના મરણથી કોઈ જેટલો શોક પામે એટલોજ શોક એમના મરણથી અત્રેના રાજા અને ઠાકુર સાહેબોમાં થયોછે." અને આપણને પણ અનુભવ થાય છેજ,

પછી એ વિષે પ્રમુખ ડાક્ટર ઉલસન થોડું બોલ્યા અને પછી સર્વ સભાસદોએ એકમત્તથી સ્વીકાર કરયો.

ડાકટર ભાઉ સાહેબે આ૦ મિ૦ ફાર્બસની યોગ્યતા અને મરણ વિષે જે ઉપર કહ્યું તેમાં અનુમત્ત આપી કેટલુંક કહ્યું અને પછી મત્ત આપ્યું તથા મિ૦ અરદેશર ફરામજી મુસે અનુમત્ત આપ્યું અને સર્વ સભાસદોએ સ્વીકારર્યું કે :—

આનરેબલ ન્યુટન—જે ગૃહસ્થ આ દેશના પ્રાચીન વિષય ઉપર બહુ ધ્યાન આપેછે અને જે દેશી સુધારાના મિત્ર છે તેમને મિ૦ ફાર્બસના સ્થાનકે પ્રમુખ નિમવા.

શેઠ કરશનદાસ મૂળજીએ મત્ત આપ્યું તથા ડાકટર ધીરજરામ દલપતરામે અનુમત્ત આપ્યું અને સર્વ સભાસદોએ સ્વીકાર કરચો કે—

'ફાર્બસ સાહેબે આ સભા સ્થાપવાને જે શ્રમ લીધોછે તથા એમના નામના પ્રતાપથી આ સભાને જે આશ્રય મળ્યો છે તે વિચારતાં આ સભા સાથે તેમનું નામ જોડી દેવું યોગ્ય છે માટે આજ પછી આ સભાને "ફાર્બસ ગુજરાતી સભા" એ રીતે નામ આપવું.

ત્યાર પછી કેટલીક વાત થઈ અને મુંબઈની નાણાં સંબંધી દશા માઠી થઈ તેથી હજી સભાનાં નાણાં વસુલ થયાં નથી એ આદિ મંત્રીએ જણાવ્યું અને પછી સભા વિસર્જન થઈ.

ફાર્બસ ગુજરાતી સભા.

તા૦ ૧૮ મી જુલાઇ સન ૧૮૬૬ ને દિને મિ૦ ન્યુટનને બંગલે "ફાર્બસ ગુજરાતી સભાની" અધિકારી મંડળી મલી હતી. તે સમયે મિ૦ ન્યુટન અધ્યક્ષ તથા ડાક્ટર ઉલસન, ડાક્ટર ભાઉ દાજી, રેવરેન્ડ ધનજીભાઈ નવરોજજી, શેઠ કરસનદાસ મૂળજી તથા મનસુખરામ સૂર્યરામ મંત્રી અવ્યા હતા.

ગઈ સભાનું વૃત્તાન્ત મંત્રીએ વાંચ્યું.

રા૦ મુકુંદરાય મણીરાયના હસ્તક રૂ૫૦૦૦) પાંચ હજાર સ્વર્ગવાશી મિ૦ ફાર્બસ સાહેબ પાસે આવેલા, તેને પેટે મુંબઈ બેંકના પ્રત્યેક રૂપીઆ એક હજારના પાંચ શેર સભાને સ્વાધીન કરવા, એવું મિ૦ હોપનું કેહેણ મિ૦ ન્યુટને વાંચી સંભલાવ્યું.

૧ ડાક્ટર ઉલસને મત્ત આપ્યું અને ડાક્ટર ભાઉ દાજીએ અનુમત્ત આપ્યું અને સર્વે એ સ્વીકારયું કેઃ–મિ૦ ફાર્બસની "રાસમાળા" નું ગુજરાતી ભાષાન્તર પ્રસિદ્ધ કરવું સભા યોગ્ય ધારેછે તેથી તે વિષે "ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી" સાથે પત્ર વ્યવહાર ચલાવવાનો, અને જો એ પુસ્તક મુંબઇમાં સારા પ્રકારથી છપાવવાની અને આ સભા ભણીથી પ્રસિદ્ધ કરવાની યોજના સિદ્ધ થાય તો એ પુસ્તકના ભાષાન્તરનો હક લેવા મિ૦ ફાર્બસને ખાતે રૂ૨૫૦૦ પચીસે જમે આપવાનો, નિર્ણય થયો.

૨ ધારેલા ગુજરાતી ભાષાન્તરમાં કામ આવે એવાં રાસમાળામાંનાં ચિત્રના ઉપયોગ સારૂ પણ મિ૦ ફાર્બસના વારસને મૂલ આપવું.

૩ ઉપરની યોજના વિષે નિશ્ચય થતા સુધી મિ૦ હોપને લખવું જે, તમારા લખ્યા પ્રમાણે મુંબઈ બેંકના બે કરતાં વધારે શેર, સભા પોતાને સ્વાધીન કરી,સભા ઠરાવે તે'ટ્રસ્ટી'ને નામે ચડાવી લેવા અગત્ય ધારતી નથી

૪ ડાક્ટર ઉલસને મત્ત આપ્યું અને રા૦ મનસુખરામ સૂર્યરામે અનુમત્ત આપ્યું અને સર્વેએ સ્વીકાર કરયું કેઃ–ટી. સી. હોપ સાહેબને અધિકારી મંડળના સભાસદ ઠરાવવા; અને તે તથા ડાક્ટર ભાઉ દાજી મુંબઇ બેંકના બે શેર વિષેમાં 'ટ્રસ્ટીઝ' નું કામ કરે.

૫ ડાક્ટર ભાઉ દાજીના ઉપરીપણા નીચે ગુજરાતના ઈતિહાસનું અત્યુપયોગી સાધન "પ્રબન્ધ ચિન્તામણી" નામના ગ્રંથની ૫૦૦ પાચસેં પ્રત અષ્ટ પત્રિ આકારમાં બાલબોધી લીપીમાં છપાવવી.

૬ તા૦ ૨૫ મી માર્ચ સન ૧૮૬૫ નો એક ધારો બદલી નિયમ કરયો કે હાલ જે નાણાં સભા પાસેછે તેમાંથી રૂ૧૬૦૦૦) બાર મહિનાની મુદતે પાંચ ટકાને વ્યાજે મુંબઇ બેંકમાં રાખવાં.

૭ રા૦ વિશ્વનાથ નારાયણ મંડળિકને મુખ્યત્વે કરીને ઇંગ્રેજી પત્ર વ્યવહારમાં રા૦ મનસુખરામ સૂર્યરામ સાથે સહ-મંત્રી નિમવા.

૮ ડાક્ટર ઉલસન, ડાક્ટર ભાઉ દાજી અને રા૦ મનસુખરામ સૂર્યરામ એ મંડળને ગુજરાતના ઈતિહાસ સંબંધી હસ્ત લિખિત ગ્રંથ વેચાતા લેવાને નિયમવા.

તા૦ ૨૧ મી સેપ્ટેંબર સન ૧૮૬૬ ને દિને આનરેબલ મિ૦ ન્યુટનને બંગલે "ફ્રાર્બસ ગુજરાતી સભા"ની મંડળી મલી હતી. તે સમયે મિ૦ ન્યુટન અધ્યક્ષ તથા ડાક્ટર ઉલસન, રેવરેન્ડ મિ૦ ધનજીભાઈ નવરોજી, રા૦ રણછોડભાઈ ઉદયરામ તથા રા૦ મનસુખરામ સૂર્યરામ મંત્રી, આવ્યા હતા.

"ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી"ના મંત્રી કરટીસ સાહેબનું પત્ર અધ્યક્ષે વાંચી સંભલાવ્યું, તે ઉપરથી જણાયું કે—રાસમાળાનું ભાષાન્તર કરવાનું તે સોસાઈટીએ માથે લીધું નહોતું પણ જે ઉપરથી રાસમાળા રચાઈછે તે મૂળ લેખમાંથી સંગ્રહ કરાવ્યોછે. રાસમાળામાંનું ભાષાંન્તર કરાવવાનું કામ આ સભાને સ્વાધીન રાખવાને અને પેલો સંગ્રહ આ સભાને અર્પણ કરવાને તે 'સોસાઈટી' પૂર્ણ ખુશીછે.

એ ઉપરથી ગઈ સભાએ માત્ર રાસમાળા સંબંધી કરેલા વિચારને પરિપૂર્ણ કરવાનો મંડળીએ નિર્ણય કરચો.

મિ૦ કર્ટિસે રા૦ દલપતરામ ડાહ્યાભાઈએ કરેલા સંગ્રહ વિષે સૂચવ્યું છે, તે સંગ્રહ આ સભાના વિચારને કેટલો ઉપયોગી પડશે તેનો નિશ્ચય કરવા આ મંડળી ધારેછે કે એ થયેલા સંગ્રહનું પુસ્તક જોવું યોગ્યછે.

રાસમાળાના ભાષાન્તર કર્ત્તાને પસંદ કરવા, ડાક્ટર ઉલસન, શેઠ સોરાબજી શાપુરજી બંગાલી, ડાકટર ધીરજરામ દલપતરામ તથા રા૦ મનસુખરામ સૂર્યરામ મંત્રીની મંડળી નિમી.

તા૦ ૮ મી એપ્રિલ સન ૧૮૬૭ ને દિને અત્રે મુંબઈના પુરાલય (ટાઉનહાલ)માં "ફ્રાર્બસ ગુજરાતી સભા"ની વાર્ષિક સભા મલી હતી. તે સમયે આનરેબલ મિ૦ ન્યુટન અધ્યક્ષ તથા ડાક્ટર ઉલસન, ડાક્ટર ભાઉ દાજી તથા રા૦ મનસુખરામ સૂર્યરામ મંત્રી આવ્યા હતા.

પ્રમુખની સૂચનાથી નીચેનું અધિકારી મંડલીનું વૃત્તાન્ત મંત્રીએ વાંચ્યું.

આ સભાની પ્રથમ મંડલી તા૦ ૨૫ મી માર્ચ સન ૧૮૬૫ ને દિને અત્રે મળી હતી. તેની પૂર્વે એક પ્રસિદ્ધિપત્ર મુંબઈ અને કાઠિયાવાડમાં ફેરવવામાં આવ્યું હતું. તેમાં લખેલી ધારણા ઉપર સર્વેએ પોતાનો ભાવ બતાવ્યો. કાઠિયાવાડના રાજાજી અને ઠાકુર સાહેબોએ તથા મુંબઈના અગ્રેસર ગૃહસ્થોએ સભાનો હેતુ સિદ્ધ કરવા પોતાનો આશ્રય આપવાની ઈચ્છા બતાવી. સભાની પ્રથમ મંડલીના વૃત્તાન્ત સાથે આપેલી વિગત ઉપરથી જણાશે કે તેઓએ સભાને ઉદાર મનથી આશ્રય આપ્યો હતો. એ પ્રકારે મહા શૂભ મુહૂર્તમાં ગુજરાતીના હિતૈષી આનરેબલ ફાર્બસના અધિપતિત્વ નીચે સભાનું સ્થાપન થયું.

બહુ કારણને લીધે મુંબઈમાં ભરાયલાં નાણાં એકઠાં કરતાં વિલંબ થયો; એટલામાં તો મુંબઈને માથે ધનનું મહાસંકટ આવી પડયું, તેથી મુંબઈમાંથી નાણાં આવવાં અશક્ય થઈ પડયાં. વળી સભાના કામનો આરંભ થતા પેહેલાં એ સભાના પ્રમુખ આનરેબલ ફાર્બસના મરણથી સભાને અસાધ્ય હાની થઈ પડી.

સભાની બીજી મંડલીમાં ફાર્બસ સાહેબના અતિ ઉપકાર આ સભાએ પત્રકમાં નોધ્યા, અને આનરેબલ મિ૦ ન્યુટનને અધ્યક્ષ નિમ્યા.

કાઠિયાવાડમાંથી ભરાયલાં નાણાંમાથી રૂ૨૬૨૫૦) આવ્યાછે અને આશાછે કે બાકીનાં નાણાં પણ આવશે અને મુંબઈમાં ભરાયલાં નાણાંમાંથી પણ કંઈક આવશે એવો વિશ્વાસછે. સભાનું ભંડોલ મુંબઈ બેંકમાં વ્યાજે મૂકેલુંછે.

ફાર્બસ સાહેબના મરણ પછી ત્રણવાર મંડળી મલી હતી. પ્રથમ ફાર્બસ સાહેબના મરણ વિષે ઉપર સૂચવેલો ઠરાવ નોધવા; અને બીજી બે વેળા, સભાનો હેતુ પાર પાડવા શા શા ઉપાય યોજવા તે વિષે વિચાર અને નિશ્ચય કરવા.

"પ્રબંધ ચિન્તામણી" મુદ્રાન્કિત કરાવી પ્રસિદ્ધ કરવાનો અને

રાસમાળાનું ગુજરાતી ભાષાન્તર કરવાનો અધિકારી મંડળે નિશ્ચય કર્યોછે. જે કારણથી ઉપલા ગ્રંથો કારભારીઓએ પસન કરયાછે તે કારણ સભાને સ્પષ્ટ જણાય એવાંછે. સભાના હેતુમાંનો એક હેતુ એ હતો કે ગુજરાત વિષેના હસ્ત લિખિત ગ્રંથનો સંગ્રહ કરવો તથા પ્રસિદ્ધ કરવા. એ પ્રકારના ગ્રંથોમાં પ્રબન્ધ ચિન્તામણી પ્રત્યેક રીતે અધિકારી મંડલને યોગ્ય લાગેછે. સભાનો બીજો એક હેતુ અન્ય ભાષામાંના ઉપયોગી સુરસ ગ્રંથનું ભાષાન્તર કરાવવાનોછે, તેને પાર પાડવા અધિકારી મંડલ ધારેછે કે, "રાસમાળા" સર્વોત્કૃષ્ટ છે. તેની અત્યુપયોગી અગત્યને લીધે તથા ગુજરાત અને કાઠિયાવાડના લોક તેનો અતિ આદરથી સત્કાર કરશે એવા વિચારથી, અને વળી સભાના પરમ પ્રિયની કલમના વારસા પ્રમાણે ધારી બહુ માનથી સ્મરણ રાખવા, એ ભાષાન્તર કરવાનું કામ ધારયુંછે.

એક ઉપ મંડલીએ ભાષાન્તર કર્ત્તા ઉમેદવારોના નમુનાની પરીક્ષા કરી એક પ્રખ્યાત ગ્રંથકર્ત્તા રાજેશ્રી રણછોડભાઈ ઉદયરામને થોડાકજ દિવસ ઉપર નિમ્યાછે. તેમણે રૂ૩૦૦૦) સારૂ તે કામ કરવાનું સ્વીકારયુંછે.

રેવરેન્ડ ડાક્ટર ઉલસને મત્ત આપ્યું અને ડાક્ટર ભાઉ દાજીએ અનુમત્ત આપ્યું અને સર્વેએ સ્વીકારયું કે એ વૃત્તાન્ત અંગીકાર કરી પ્રસિદ્ધ કરવું.

ડાક્ટર ભાઉ દાજીના મત્તથી અને ડાક્ટર ઉલસનના અનુમત્તથી નિર્ણય થયો કે નીચેના ગૃહસ્થોને ચાલતા વર્ષ સારૂ કાર્યભારી અને મંત્રી નીમવા.

શેઠ અરદેશર ફ્રામજી મુસ, ડાક્ટર જાન ઉલસન, શેઠ કરશનદાસ માધવદાસ, શેઠ કરશનદાસ મૂલજી, શેઠ ડોસાભાઈ ફ્રામજી કરાકા, રેવરેન્ડ ધનજીભાઈ નવરોજજી, ડાક્ટર ધીરજરામ દલપતરામ, કવિ નર્મદાશંકર લાલશંકર, આનરેબલ મિ૦ ન્યુટન, શેઠ પ્રેમચંદ્ર રાયચંદ્ર, શેઠ પ્રેમાભાઈ હીમાભાઈ, ડાક્ટર ભાઉ દાજી, આનરેબલ મંગળદાસ નથુભાઈ, શેઠ મનસુખરામ સૂર્જરામ, શેઠ રણછોડ-

ભાઈ ઉદયરામ, રાવ૦ વિશ્વનાથ નારાયણ મંડળિક, શેઠ વીરચંદ દી-પચંદ, અને શેઠ સોરાબજી શાપુરજી બંગાળી,

શેઠ મનસુખરામ સૂર્યરામ મંત્રી.

શેઠ ગંગાદાસ કીશોરદાસ, શેઠ નાનાભાઈ રૂસ્તમજી રાણીના, શેઠ પ્રાણલાલ મથુરાંદાસ અને શેઠ જવેરીલાલ ઉમયાશંકરને નવા સભાસદ ઠરાવ્યા.

ગયા વર્ષોમાં અધિકારી મંડળે સભાનું કામ ચલાવ્યું તેને વાસ્તે તેમનો ઉપકાર માનવાનો સર્વ મત્તથી ઠરાવ થયો.

અધ્યક્ષનો ઉપકાર માની સભા વિસર્જન થઈ.

તા૦ ૧૮ મી આગષ્ટ સને ૧૮૬૯ ને દિને "શેઠ ફ્રામજી કાવ-શજી ઇન્સ્ટિટયુટ" માં "ફાર્બસ ગુજરાતી સભા" ની અધિકારી મંડળી મલી હતી. તે સમયે આનરેબલ મી૦ જે. બી. વારડન પ્રમુખ તથા ડાકટર ભાઉ દાજી, ડા૦ ધીરજરામ દલપતરામ, રાવ સાહેબ વિશ્વનાથ નારાયણ મંડલિક, રા૦ રણછોડભાઈ ઉદયરામ, શેઠ વીર-ચંદ દીપચંદ અને મનસુખરામ સૂર્યરામ મંત્રી આવ્યા હતા.

પ્રમુખે આસન ઉપર બેસતાં તેમને અધિકારી મંડળીએ પ્રમુખ નીમ્યા તે વાસ્તે ઉપકારનાં થોડાં વચન કહ્યાં.

ગઇ સભાનું વૃત્તાંત મંત્રિયે વાંચ્યું.

પછી સર્વના અનુમત્તથી એવું ઠર્યું કે સભાનાં નાણાં મુંબઈ બેંકમાં માસ ૬ ની મુદતે વ્યાજે મુકવાં, તથા કાઠીઆવાડના જે રાજા સાહેબોએ આગળ નાણાં ભર્યાંછે તેમને એક એક ગુજરાતી રાસમાળાની પ્રત સભા તરફથી ભેટ આપવી, તથા કરનલ એન્ડર-સને રાજા સાહેબો પાસે બસેં પ્રતો રાસમાળાની રખાવો આશ્રય અપાવ્યો, તેને સારૂ કર્નલ એન્ડરસનનો ઉપકાર પ્રમુખ હસ્તક માનવો.

રાવ સાહેબ વિશ્વનાથે મત્ત આપ્યું અને ડાક્ટર ધીરજરામે પુષ્ટિ આપી અને સર્વેએ સ્વીકાર કર્યું કે સભાનું આજ સુધીનું વૃત્તાન્ત ઈંગ્રેજી અને ગુજરાતીમાં મુદ્રાન્કિત કરાવી સભાસદો અને નાણાં ભરનારાઓમાં વેહેંચવું.

રાવ સાહેબ વિશ્વવંનાથે મત્ત આપ્યું કે સભાનું લખાણ ઈંગ્રેજીમાં રાખવું અને તેનું ભાષાન્તર ગુજરાતીમાં કરવું. એ વિષે કેટલીક ચરચા ચાલી, અંતે એ વાત આગળ કોઈ બીજી સભામાં કાહાડવાની આજ્ઞાસહિત રા૦ વિશ્વનાથે એ વાત બંધ કરી.

પછી પ્રમુખનો ઉપકાર માની સભા વિસર્જન થઈ.

પરિશિષ્ટ अ.

સન ૧૮૬૫ થી સન ૧૮૬૯ સુધી જમે ઉધારની વિગત.

જમે.	રૂ.	આ.	પા.	ઉધાર.	રૂ.	આ.	પા.
ઉઘરાણામાંથી.........................	૨૬૭૫૦	૦	૦	નવી મુંબઇ બેંકને ખાતે.			
હુંડીઆમણ	૧૫૦	૦	૦	છ માસની મુદતે:................... રૂ ૧૫૦૦૦ ૦ ૦			
વ્યાજ.........................	૧૭૨૨	૧૨	૯	ચાલતે ખાતે .... રૂ ૪૭૨ ૬ ૦			
					૧૫૪૭૨	૬	૦
